ઉંડી છાપ પડી, તેમણે કહ્યું નિયમના આધારે હું આપને દીક્ષાની પરવાનગી આપી શકતો નથી, છતાં મને ખાતરી છે કે આપ યોગ્ય ઉમરે દીક્ષિત થશો અને ત્યાગી જીવન જ ગાળશો, તે એક જ જીવન એવું છે—જેમાં કદી વૈધવ્ય પ્રાપ્ત થતું નથી. અજમેર સાધુ સંમેલનમાં દીક્ષાર્થીની ઉંમર ૧૬ વર્ષની ઓછામાં ઓછી નક્કી થઈ અને તે પ્રમાણે કરમાળા મુકામે અજવાળી બેનને તે ઉમરે દીક્ષા આપવામાં આવી.

બાલ્યાવસ્થામાં અર્થાત્ ૧૬ વર્ષની અવસ્થામાં જેમણે દીક્ષા લીધી હોય અને પછી અવિરત શ્રમ અને પરિશ્રમ વડે સાહિત્ય સાધના અને જ્ઞાનની ઉપાસના કરવાનું જેમનું લક્ષ્ય રહ્યું હોય તેમની વાણીમાં પ્રતિભા, શબ્દોમાં ચેતના અને ભવ્યતા હોય તેમાં નવાઈ શું?

દીક્ષિત થયા બાદ પાંચ વર્ષે સુભાગ્યે, તેમને આચાર્ય મુનિ શ્રી મોહનઋષિજી મ. જેવા વિચારક સદ્ગુરુનો સંપર્ક થયો—જેમણે પોતાની પરમ શક્તિ વડે, છુપાયેલા આ રત્નને પારખી લીધું અને સર્વાંગી વિકાસ કર્યો. આજે જે સ્વરૂપે મહાસતીજી જૈનોમાં આગળ છે તેનું બહુમૂલ્ય શ્રેય આચાર્ય મુનિ શ્રી મોહનઋષિજી મ. ને ફાળે જાય છે.

સચોટ ઉકેલ પ્રાપ્ત થાય છે.

સતીજીમા સૌથી મોટી વિશેષતા એ છે કે સામ્પ્રદાયિક બંધનોમાં રહેવા છતાં પણ તેમનામા વિશાળ દૃષ્ટિ છે. જૈનત્વનો આદર્શ પણ તેજ છે—જેની ઝાખી સતીજીના પ્રવચનોમા પણ સર્વત્ર જોવામાં આવે છે. સતીજીના કંઠની મધુરતા અને ભાષાની લાવણ્યતા, આ વિશિષ્ટતામા ઉમેરો છે અને તેથી શ્રોતાજનો સમયનુ ભાન ભૂલી જાય છે અને તેમનુ વ્યાખ્યાન પૂર્ણ થાય ત્યા સુધી કોઇપણ શ્રોતાજન ઉઠતુ માલુમ પડતુ નથી.

સતીજીની અવસ્થા હાલ ૩૦ વર્ષની છે, આટલી અલ્પાવસ્થામાં જ તેમણે જે યોગ્યતા પ્રાપ્ત કરી છે અને પ્રવચન કરવાની દક્ષતા કેળવી છે તે જૈન સમાજ માટે ખરેખર ગૌરવભર્યુ છે મહાસતીજીના વ્યાખ્યાનોના વાચક કે સાભળનાર પર કેટલી ઉંડી છાપ પડે છે તેનો એક દાખલો અત્રે આપવો બસ થશે. મુબઇ સરકારના સેન્સર ખાતાના હિંદી વિભાગના ઓફિસર શ્રી નારાયણપ્રસાદજી જૈન, એમ. એ. ને તમામ છાપાઓ તપાસવા પડતા—તેમા જૈન પ્રકાશ પણ તેમને જોવુ પડતુ, જૈન પ્રકાશમા મહાસતીના વ્યાખ્યાનો વાચતા, એ તેમના મન જીવનની ઘના ઘડી હતી. આ વ્યાખ્યાનો વાચીને સતીજીના દર્શન કરવાની તેમને ઉત્કંઠા થઇ અને તે એક સમયે સતીજીના દર્શને આવ્યા તેમને સતીજીના વ્યાખ્યાને દુનિયાની બધી ભાષામા પ્રગટ કરવાની ઇચ્છા દર્શાવી જૈન તેમ જ જૈનેતર વર્ગ પર પણ સતીજીના વ્યાખ્યાનાની કેટલીક અદ્ભુત અસર થાય છે તે આ ઉપરથી સમજી શકાશે. મુબઇ સરકારના પતપ્રધાન બાળાસાહેબ ખેર, પ. સારસ્વત, સ્વામી આનંદ, પ. સુખલાલજી, વગેરેએ સતીજીના વ્યાખ્યાનો સાંભળીને જે ઉદ્ગારો કાઢ્યા છે તે આ પુસ્તકના છેવટે ભાગે આપેલા છે, એટલે તેનુ અત્રે પુનરાવર્તન કરવુ ઉચિત નથી, તે પરથી તેમના વ્યાખ્યાનોની પ્રતિભાના યથાર્થ ખ્યાલ આવી શકે છે

મહાસતીજીએ ૧૯૪૮મા મુંબઈના ચાતુર્માસ દરમ્યાન આપેલા વ્યાખ્યાનોનો સંગ્રહ ગત વર્ષે પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યો હતો તેને સમાજ તરફથી સારો આવકાર મળ્યો છે અને તે પુસ્તકની ૨૦૦૦ નકલો ત્રણ મહિનામાંજ ખપી જવા પામેલ છે, તે પુસ્તકની હજુ સતત માગણી હોવાને કારણે, તેની બીજી આવૃત્તિ પણ પ્રગટ કરવી પડી છે. ધાર્મિક પુસ્તકોની ૧૦૦૦ નકલ ખપતા પણ સમય નીકળી જાય છે, ત્યા આટલા ટૂંકા ગાળામાં ૨૦૦૦ નકલો ખલાસ થઈ ગઈ તે જ વિદુષી મહાસતીજીના વ્યાખ્યાનોની લોકપ્રિયતા દર્શાવે છે.

વિદુષી મહાસતીજીએ ગત વર્ષે ઈ. સ. ૧૯૫૦મા વિલેપાર્લેમા શ્રી કડવીબાઈ શામજી વેલજી વિરાણી જૈન ધર્મસ્થાનકમાં ચાતુર્માસ કર્યું હતુ ત્યારે શ્રાવકના બાર વ્રતો અને એકવીસ ગુણ પરત્વે મનનીય વ્યાખ્યાનો આપ્યા હતા—જેનો જૈનો તેમજ જૈનેતર જનતાએ સારા પ્રમાણમાં લાભ લીધો હતો, તે વ્યાખ્યાનો પુસ્તકાકારે પ્રગટ કરવાની જનતા તરફથી માગણી થયા કરતી હતી; તેથી આ વ્યાખ્યાનો સંપાદિત કરાવીને 'ઉજ્જવળ વાણી ભાગ બીજો' રૂપે પ્રગટ કર્યા છે.

આવા પ્રતિભાશાળી અને ઉત્કૃષ્ટ સંયમી જીવન ગાળનાર સતીજીના વ્યાખ્યાનો પ્રગટ કરતાં અમો ગર્વ અનુભવીએ છીએ, સૌ કોઈને આ વ્યાખ્યાનો આત્મોન્નતિના માર્ગમા પથદર્શક બને એવી આશા છે.

લી. સેવકો,
મુંબઈ ગિરધરલાલ દામોદર દફ્તરી
તા. ૧–૮–૫૧ નારણજી મોનજી વોરા

આવશ્યક નોંધ

બાળબ્રહ્મચારિણી વિદુષી મહાસતી શ્રી ઉજ્જવળકુમારીજી મ. નું ચાતુર્માસ સને ૧૯૫૮માં વિલેપાર્લેમાં હતું. ત્યારે મહાસતીજીએ શ્રાવકના બાર વ્રત અને એકવીસ ગુણ અંગે આપેલ મનનીય પ્રવચનોની નોંધ લેવામાં આવી હતી—તે પરથી સંપાદિત થયેલ આ વ્યાખ્યાનો વિલેપાર્લેની જનતામાં બહુજ લોકપ્રિય થઈ પડયા હતા અને વિલેપાર્લેની જૈન તેમજ જૈનેતર જનતાએ આ પ્રેરણાદાયી પ્રવચનોનો લાભ મોટા પ્રમાણમાં ઉઠાવ્યો હતો એટલું જ નહિ પરંતુ આસપાસના પરાંઓની જનતાએ પણ આ ચિંતનશીલ વાણીનો સારા પ્રમાણમાં લાભ લીધો હતો.

મહાસતીજીની વિદ્વતાપૂર્ણ અને ચિંતનશીલ સ્પષ્ટ અને આકર્ષક વ્યાખ્યાન શૈલીની લોકપ્રિયતાનો પરિચય 'ઉજ્જવળ વાણી ભાગ પહેલો' એ આપ્યો છે. ઉજ્જવળ વાણી ભાગ પહેલાની ૨૦૦૦ નકલ ત્રણ મહિનામાં જ ખપી ગઈ; એ બતાવે છે કે મહાસતીજીના વ્યાખ્યાનો જૈન તેમજ જૈનેતર પ્રજામાં એક સરખી રીતે આવકારાયા છે ઉજ્જવળ વાણી ભાગ પહેલાની હજુ પણ સતત માગણી રહેવાને કારણે, ટુંક સમયમાં જ તેની બીજી આવૃત્તિ પ્રગટ કરવી પડી છે

મહાસતીજીની વ્યાખ્યાન શૈલી અનેકાન્ત શૈલી છે અને તે શૈલીને કારણે જૈનોના બધા ફિરકાઓ સતીજી પ્રતિ એક સરખું માન ધરાવે છે એટલું જ નહિ પરંતુ જૈનેતર સમાજમાં પણ તેમની લોકપ્રિયતા

નોંધપાત્ર છે. આજ કારણે બૌદ્ધ સોસાયટી, થીઓસોફીકલ સોસાયટી, રામકૃષ્ણ સોસાયટી, વિવેકાનંદ સોસાયટી, સંસ્થાઓ અને સંઘો તરફથી સતીજીને વ્યાખ્યાનો આપવા માટેના આમંત્રણો મળે છે

આ હકીકત જૈનસમાજ માટે ગૌરવભરી છે કે સતીજીના વ્યાખ્યાનો ગુજરાતી અને હિન્દી ભાષામાં પ્રગટ થયા છે, એટલું જ નહિ પરન્તુ આ વ્યાખ્યાનોનો લાભ અંગ્રેજી જાણનાર પ્રજાને મળે તે માટે આપણા સ્થા. જૈન સમાજના—જાણીતા ઉદ્યોગપતિ સતીજીના વ્યાખ્યાનો અંગ્રેજીમાં અનુવાદ કરી રહ્યા છે અને ટુંક સમયમાં જ તે ભાષામાં પ્રગટ થશે. એક મહારાષ્ટ્રીય હસ્તસિદ્ધ લેખિકા મહાસતીજીના વ્યાખ્યાનો સાંભળવા આવેલા મહાસતીજીના વ્યાખ્યાનો માટે તે બહેનને એટલું બધું આકર્ષણ થયું કે મરાઠી ભાષા જાણતી જનતાને સતીજીના વ્યાખ્યાનોને લાભ આપવા માટે, તેમના વ્યાખ્યાનોનો મરાઠી ભાષામાં અનુવાદ કરવાનું કાર્ય તે બહેને સ્વયં ઉપાડી લીધેલ છે। આ રીતે સતીજીના વ્યાખ્યાનો સ્થાનકવાસી જૈન સમાજમાં જ મર્યાદિત બનવાને બદલે, માનવ જાતની મિલ્કત બની રહેલ છે. કુવાનું પાણી બનવાને બદલે મહાસાગરનું પાણી બની રહેલ છે અને આ અમૃતમય વાણીનો કોઈ પણ જાતના ભેદભાવ વિના, સર્વ લાભ ઉઠાવાઈ રહેલ છે

શ્રાવકના બાર વ્રત અને એકવીસ ગુણ અંગેના મહાસતીજીના વ્યાખ્યાનો વાંચીને, આદર્શ શ્રાવક બનવા પ્રતિ આપણે પ્રયાણ કરીશું તો મહાસતીજીનો પ્રયાસ સાર્થક થશે.

વ્યાખ્યાનના ભાષા દોષ કે ભાવ દોષ માલૂમ પડે તો ખામી સંપાદક સમજવી, એટલી આવશ્યક નોંધ સાથે.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ઉજ્જવળ વાણી" ભાગ બીજાની બીજી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે એ સમાજ માટે આનંદનો વિષય છે,

"ઉજ્જ્વળ વાણી" ભાગ બીજાની ૨૦૦૦ નકલો અમોએ છપાવી હતી. આમ છતાં આટલી મોટી સંખ્યા એક મહિના જેટલા જ સમયમાં ખલાસ થઈ ગઈ હતી. સામાન્ય રીતે ધાર્મિક પુસ્તકોની ૧૦૦૦ જેટલી પ્રતો વેચાતા પણ સમય લાગી જાય છે. એ સંજોગોમાં ૨૦૦૦ જેટલા પુસ્તકો એક મહિનામાં ખલાસ થઈ જાય એ બા. બ્ર. વિદુષી મહાસતીજી ઉજ્જવળ કુમારીજી મહાસતીજીના વ્યાખ્યાનોની લોકપ્રિયતા બતાવે છે. મહાસતીજીના વ્યાખ્યાનોમાં ઉંડું ચિંતન અને મનન, વ્યાપક અભ્યાસ અને અસરકારક રજુઆત દૃષ્ટિગોચર થાય છે અને પરિણામે તેની શ્રોતાજને તેમજ વાચકો પર ન ભુંસાય તેવી અદ્‌ભુત છાપ અને ભવ્ય પ્રભાવ પડે છે. આ કારણે તેમના વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં હાજરી માલૂમ પડે છે.

પૂ. મહાસતીજી ઉજ્જવળકુમારીજી સ્વામી તથા આત્માર્થી મુનિ શ્રી મોહનઋષિજી મ. વ્યાખ્યાનોના પ્રકાશનના હિમાયતી નથી. સામાન્ય નિયમ મુજબ વ્યાખ્યાનોનું પ્રકાશન કરતા પહેલાં વ્યાખ્યાતાની પરવાનગી મેળવવી જોઈએ, પરન્તુ તેઓશ્રીની સ્વીકૃતિ મેળવી શકાતી નથી, આમ છતા આમજનતાની અતિ આગ્રહભરી માગણીને માન આપીને, આ વ્યાખ્યાનોનુ પ્રકાશન થયુ છે અને તેની બીજી આવૃત્તિ પણ પ્રગટ થઈ રહી છે ઉજ્જવળવાણીનો ત્રીજો ભાગ પ્રગટ થઈ શકે તેટલા મહાસતીજીના

નવા વ્યાખ્યાનો સંપાદિત થયેલા બાકી પણ તૈયાર છે, પરન્તુ મહાસતીજીની અનિચ્છાને કારણે તે અત્યાર સુધી પ્રગટ કરવામાં આવ્યા ન હોતા, આમ છતાં આમ જનતાની તે પ્રગટ કરવાની વારંવાર માગણી થતી હોવાથી, તે પ્રગટ કરવાનું પણ હું વિચારી રહ્યો છું

"ઉજ્જ્વળ વાણી" ભાગ બીજાની પ્રથમ આવૃત્તિ તે તથા ડૉ. નારણજી મોનજી વેરાએ પ્રગટ કરી હતી. બીજી આવૃત્તિ ગયા ચાતુર્માસ દરમ્યાન વિદુષી મહાસતીજી સુમતિકુંવરજી મહાસતીજીના પ્રેરણાથી શરૂ થયેલ "સુધર્મા જ્ઞાનમંદિર" તરફથી છપાઈ રહેલ છે, તેથી આનંદ અનુભવાય છે. બીજા ભાગની ૩૦૦૦ નકલો છપાયેલ છે, તેમાંથી ૧૦૦૦ પુસ્તકોના તો અગાઉથી ગ્રાહકો નોંધાઈ ગયેલ છે, બાકીની ૨૦૦૦ પ્રતો પણ ટૂંક સમયમાં ખલાસ થઈ જશે એમ વ્યાખ્યાનોની લોકપ્રિયતા પરથી લાગે છે

આપણા સમાજમાં વ્યાખ્યાનો પ્રતિની રુચિ પણ વર્ધમાન થઈ રહેલ છે તેની નોંધ લેવા સાથે, વિદુષી મહાસતીજીના વિદ્વત્તા ભર્યાં પ્રવચનોનો જનતા યથાયોગ્ય લાભ લેશે તેવી અપેક્ષા છે.

મુંબઈ,
તા. ૭-૧૦-૬૭

લિ. નમ્ર,
ગિરધરલાલ દામોદર દફતરી

— . અનુક્રમણિકા . —

શ્રાવકના બાર વ્રત

શ્રાવકના એકવીસ ગુણ

નવા વ્યાખ્યાનો સંપાદિત થયેલા મારી પાસ તૈયાર છે, પરન્તુ મહાસતીજીની અનિચ્છાને કારણે તે અત્યાર સુધી પ્રગટ કરવામાં આવ્યા ન હોતા, આમ છતાં આમ જનતાની તે પ્રગટ કરવાની વારંવાર માગણી થતી હોવાથી, તે પ્રગટ કરવાનું પણ હું વિચારી રહ્યો છું

"ઉજ્જ્વળ વાણી" ભાગ બીજાની પ્રથમ આવૃત્તિ મેં તથા ડૉ. નારણજી મોનજી વોરાએ પ્રગટ કરી હતી. બીજી આવૃત્તિ ગયા ચાતુર્માસ દરમ્યાન વિદુષી મહાસતીજી સુમતિકુંવરજી મહાસતીજીની પ્રેરણાથી શરૂ થયેલ "સુધર્મા જ્ઞાનમંદિર" તરફથી છપાઈ રહેલ છે, તેથી આનંદ અનુભવાય છે. બીજા ભાગની ૩૦૦૦ નકલો છપાયેલ છે, તેમાંથી ૧૦૦૦ પુસ્તકોના તો આગાઉથી ગ્રાહકો નોંધાઈ ગયેલ છે, બાકીની ૨૦૦૦ પ્રતો પણ ટૂંક સમયમાં ખલાસ થઈ જશે એમ વ્યાખ્યાનોની લોકપ્રિયતા પરથી લાગે છે

આપણા સમાજમાં વ્યાખ્યાનો પ્રતિની રૂચિ પણ વૃદ્ધિગત થઈ રહેલ છે તેની નોંધ લેવા સાથે, વિદુષી મહાસતીજીના વિદ્વતાભર્યા પ્રવચનોનો જનતા યથાયોગ્ય લાભ લેશે તેવી અપેક્ષા છે.

મુંબઈ, | લિ. નમ્ર,
તા. ૭-૧૦-૬૨ | ગિરધરલાલ દામોદર દફતરી

— અનુક્રમણિકા :—

શ્રાવકના બાર વ્રત

શ્રાવકના એકવીસ ગુણ

(૧) શ્રાવકના બાર વ્રત

આગાર ધર્મ અને અણગાર ધર્મ

ધર્મના બે પ્રકાર

શ્રી મહાવીર પ્રભુએ સાધુનો ધર્મ અને ગૃહસ્થનો ધર્મ—એમ બે પ્રકારના ધર્મ ફરમાવ્યા છે શાસ્ત્રીય ભાષામા 'આગાર ધર્મ અને અણગાર ધર્મ'ને નામે આ ઓળખાય છે

સાધુને માટે ભગવાન મહાવીરે પાચ મહાવ્રતના પાલનનુ વિધાન બતાવેલ છે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એ પાચે વ્રતો સાધુએ પૂર્ણપણે પાળવાના હોય છે. ગૃહસ્થ માટે બાર વ્રતના પાલનનો ધર્મ બતાવવામા આવેલ છે. બાર વ્રતમા સાધુના પાચ વ્રતનો સમાવેશ થઇ જાય છે, પરન્તુ તે વ્રતોનુ પાલન સાધુઓએ પૂર્ણપણે કરવાનુ હોય છે, જ્યારે ગૃહસ્થોએ અમુક અંશે કરવાનુ હોય છે ગૃહસ્થો સંસારી હોવાથી પાચ મહાવ્રતોનુ પાલન પૂર્ણપણે તેમને માટે શક્ય નથી અને તેથી ગૃહસ્થો માટે આ વ્રતોના પાલનમા આવશ્યક છૂટછાટ રાખવામા આવેલ છે

ગૃહસ્થો માટે જે બાર વ્રત દર્શાવવામા આવેલ છે તે ત્રણ વિભાગમા વહેંચી નાખવામા આવેલ છે પાચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત

આ બાર વ્રતો એટલા ભવ્ય છે કે દરેક માનવ જો તેનુ પાલન કરે તો પોતે પોતાનુ જીવન સુખરૂપ પસાર કરી શકે, એટલુ જ

નહિ, પરંતુ કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રીય જીવન પણ સુખરૂપ બને અને વિશ્વના નાના મોટા તમામ સંઘર્ષણો અદૃશ્ય થઈ જાય.

આજે જ્યા જુઓ ત્યાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે, વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, નોકર અને શેઠ વચ્ચે, મજૂર અને માલિક વચ્ચે, શોષક અને શોષિત વચ્ચે ઘર્ષણો ચાલી રહ્યાં છે. દુનિયામાથી પ્રેમ અને મૈત્રીનુ વાતાવરણ અદૃશ્ય થતુ જાય છે. ઉદર બિલાડી જેવો સબધ જ્યા જુઓ ત્યા દેખાય છે આ વિસવાદિતા દૂર કરવા માટે સામ્રાજ્યવાદ, શાહીવાદ, સમાજવાદ, કે સામ્યવાદ મથામણ કરી રહેલ છે, પરંતુ એક અનિષ્ટ દૂર કરવા જતા તેને સ્થાને બીજું અનિષ્ટ પ્રવેશી રહેલ છે. બીજુ વિશ્વયુદ્ધ હજુ હમણાં જ પૂરુ થયુ ત્યાં ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહેલ છે. આ બધા અનિષ્ટ તત્ત્વોનુ મૂળ તપાસવામા આવશે તો લાગશે કે આજે ગૃહસ્થાશ્રમી જીવન આ બાર વ્રતોના પાલનથી વેગળુ થતુ જાય છે. આ બધા અનિષ્ટ તત્ત્વો દૂર કરવાનો એક જ રામબાણ ઉપાય છે. સૌ કોઈ આ બાર વ્રત અગીકાર કરે અને તે મુજબ જીવન જીવે તો આ બધા ઘર્ષણોનો ક્ષણભરમાં અત આવે અને આ દુનિયા સ્વર્ગસમ બની જાય.

વ્રત અંગીકાર કોણ કરી શકે?

અત્રે એક વાત કહેવી જરૂરી છે. આ વ્રતો ધારણ કરવા માટે એક શરત રાખવામા આવી છે. આ વ્રત કોણ અગીકાર કરી શકે? એ બાબતની સ્પષ્ટતા અત્રે કરવાની છે

આ વ્રત અગીકાર કરવા માટે કોઈ જાતિભેદ છે નહિ. બ્રાહ્મણ હોય કે ક્ષત્રિય, વૈશ્ય હોય કે શૂદ્ર, પૂર્વના દેશનો વતની હોય કે પશ્ચિમના દેશનો, કાળો હોય કે ગોરો યુવાન હોય કે વૃદ્ધ, પુરુષ હોય કે સ્ત્રી, ગમે તે આ વ્રત અગીકાર કરી શકે છે આ વ્રત

અગીકાર કરવામા વય લીગ, દેશ કે જાતિ નડતરરૂપ નથી માત્ર એક શરત વ્રત ધારણ કરવા માટે દર્શાવવામાં આવી છે અને તે છે 'શલ્ય રહિતતા.' જે કોઇ વ્યકિત 'શલ્ય રહિત' હોય તે આ વ્રત અગીકાર કરી શકે છે.

આચાર્ય ઉમાસ્વામી તત્ત્વાર્થ સૂત્રમાં કહે છે કે, 'निःशल्यो व्रती' અર્થાત્ શલ્ય વિનાનો જ વ્રતી બની શકે છે.

શલ્ય ત્રણ છે' માયાશલ્ય, નિદાન શલ્ય અને મિથ્યા દર્શન શલ્ય. દભ, ઢોગ, ધતીગ, કપટ, છળ કે કોઇને ઠગવાની વૃત્તિ તે માયાશલ્ય છે ભોગોની લાલસા તે નિદાનશલ્ય છે. સત્ય ધર્મ ઉપર શ્રદ્ધા ન રાખવી અને અસત્યનો આગ્રહ રાખવો એ મિથ્યા-દર્શન શલ્ય છે. આ ત્રણે માનસિક દોષ છે.

શલ્ય એટલે કાટો. જેમ શરીરમા કાટો લાગ્યો હોય અને તે દૂર ન થાય ત્યાં સુધી વ્રતના પાલનમાં સ્થિરતા આવતી નથી. આ શલ્ય શરીર અને મનને કોતરી ખાય છે અને આત્માને સ્વસ્થ થવા દેતા નથી, તેથી વ્રતના પાલન માટે સૌથી પ્રથમ શલ્ય રહિત બનવાની જરૂર છે, શલ્ય રહિત બનીને, વ્રતો અગીકાર કરવા અને પૂર્ણપણે પાળવા એ પરમ શ્રેય સાધવાનો ગૃહસ્થો માટે ઉત્તમ માર્ગ છે.



બાર વ્રતની વિચારધારાની પ્રાથમિક ભૂમિકા

મહાત્મા ગાંધીજી સાથે અમારે એક વખત વાર્તાલાપ થયેલો, ત્યારે જૈનોની અહિંસા અંગે તેમણે ટાંકેલ એક દૃષ્ટાંત અમારા હૃદયમાં કોતરાઈ ગયેલ છે. જૈનોની આજની અહિંસા માટે સમાજમાં શું સમજણ છે તેનું પ્રતિબિંબ તે દૃષ્ટાંતમાં દૃષ્ટિગોચર થાય છે.

મહાત્માજીએ કહ્યું, ' હું અમદાવાદ હતો ત્યારની આ વાત છે. કાંકરીયા તળાવનું પાણી સુકાઈ જતું ત્યારે તળાવમાં રહેલાં માછલાં પાણી વિના મરી ન જાય તે માટે જૈનો પાણીના ઘડા ને ઘડા તળાવમાં નાખી જતા, આ રીતે તેઓ માછલાંઓની દયા ખાતા હતા, પરન્તુ બીજી બાજુ તેઓ વધુ વ્યાજ લઈને કે વધુ નફો લઈને માણસોનું શોષણ કરવામાં જરા પણ અચકાતા ન હતા.'

આ દૃષ્ટાંત આપીને મહાત્માજીએ ટકોર કરતા ઉમેર્યું, 'જૈનોની આ તે કેવી અહિંસા?'

મહાત્માજી જેવા તટસ્થ વિચારક અને વિશાળ અનુભવીને પણ જૈનોની અહિંસા માટે કેવો ખ્યાલ છે તે આ પરથી સમજાશે, અને તેમાં યથાર્થતા પણ રહેલી છે

મહાત્માજીની આ ટકોરનો જવાબ આપતા અમે કહ્યું કે જૈનોની અહિંસા ગમે તેવી હોય, પરન્તુ ભગવાન મહાવીર પ્રણીત અહિંસા વ્યાપક છે અને નાનામાં નાના જન્તુથી માંડીને પંચેન્દ્રિય

સુધીના જીવો પરત્વે અહિંસક વર્તન રાખવાનું તેમાં વિધાન છે. શાસ્ત્રમાં દર્શાવેલ અહિંસાનું સ્વરૂપ અમારી પાસેથી વિગતવાર સાંભળીને, જૈન ધર્મના સિદ્ધાંતોની વિશાળતા અને સૂક્ષ્મતા માટે મહાત્માજીએ સંતોષ અનુભવ્યો હતો.

મહાત્માજી સાથે પ્રથમ વ્રત અંગે વિસ્તૃત વિવેચન થયું હતું સમયના અભાવે અન્ય વ્રતોનું વિવેચન થઈ શક્યું ન હતું, છતાં તે સમયે બાર વ્રત અંગે કરેલ વિચારધારા આ ચાતુર્માસ દરમ્યાન આપની સમક્ષ રજુ કરવા ધારી છે બાર વ્રતના નામથી આપ સૌ જાણીતા છો જ, પરંતુ તેના મહત્ત્વ અંગે બહુ ઓછાએ વિચારવાની દરકાર કરી છે અને તેથી જ આજે સંસારિક સુખોની પ્રાપ્તિમાં બાર વ્રતની અવગણના થઈ રહેલ છે બાર વ્રતની જીવનમાં અનિવાર્ય આવશ્યકતા સૌ કોઈ સમજે અને તેને અંગીકાર કરી, આદર્શ શ્રાવકત્વ પ્રાપ્ત કરે એ જ આ વિવેચન પાછળનું ધ્યેય છે. તે ધ્યેય પાર પાડવાનો આધાર તમારા પર છે, આશા છે કે આ ધ્યેય પૂર્ણ થવામાં નિષ્ફળતા નહિ મળે.



થવાની શક્યતા ઓછી રહે છે, લાગણીહીન બનવાની વધુ. તેથી એકંદરે તેવા સંજોગોમાં પણ મૈત્રી અને પ્રેમભર્યું વર્તન જ સારૂં પરિણામ લાવી શકે છે.

કોઈ માણસ ચંડકૌશિક સર્પ જેટલો તો ભયંકર નહિ હોય ને? ચંડકૌશિક સર્પની વિષારી ફેણ ગાઉના ગાઉ સુધી ઝેરની અસર પહોંચાડી શકતી હતી અને કોઈ પણ માણસ ત્યાં ફરકી શકતો નહોતો. આવા ઝેરીલા સર્પને પણ ભગવાને પોતાની મૈત્રીથી સુધાર્યો હતો. ભગવાન મહાવીરે પોતાના આજીવન વ્યવહારથી બીજાને સુધારવાનો જે માર્ગ બતાવ્યો તે જ રાજમાર્ગ છે.

ગાળો દઈ કોઈનું મન દુભાવવું, કોઈનું અપમાન કરવું, કોઈની નિંદા કરવી, મનથી કોઈનું બુરૂં ચિંતવવું, કોઈને લડવા-ઝગડવાની સલાહ દેવી, વગેરે હિંસાના ભિન્ન ભિન્ન પ્રકારો છે તે બધા અહિંસાના ઉપાસક માટે ત્યાજ્ય છે.

જેટલે અંશે સમભાવ તેટલે અંશે અહિંસા, જેટલે અંશે વિષમભાવ તેટલે અંશે હિંસા. સમભાવી પુરુષ પત્થરનો જવાબ ગુલાબના પુષ્પથી આપે. વિષય-કષાય પર વિજય તે જ અહિંસા અને તે જ તપ. અહંતાનો સર્વથા નાશ તેનું નામ જ અહિંસા. આવી વીરતાભરી અહિંસાનું પાલન વીર પુરુષથી જ થઈ શકે, કાયરનું કામ નહિ. આવી વ્યાપક અહિંસાના પાલન અંગે અમારા પૂજ્ય ગુરુદેવ ફરમાવે છે કે,

'ખેડૂત જેમ ખેતીની પ્રગતિ માટે વર્ષાના પાણીના પ્રહારને રાજીખુશીથી ઝીલે છે તેમ અહિંસકે પોતાની અહિંસાની ખેતીની પ્રગતિ માટે તમામ પ્રકારના કષ્ટો અને આપત્તિઓ સહર્ષ ઝીલવા જોઈએ.'

પહેલા વ્રતના અતિચારો:

પહેલા વ્રતના પાંચ અતિચાર કહેવામાં આવ્યા છે તે અતિ-

ચારે વ્રતપાલકે જાણવા યોગ્ય છે, પણ આદરવા યોગ્ય નથી. આ પાંચ અતિચારો આ પ્રમાણે છે: बन्धवधच्छविच्छेदातिभारारोपणान्न पाननिरोधाः

બધ

આ પાચ અતિચારોમાં પહેલો અતિચાર છે બધ. બધ એટલે કોઇ પણ ત્રસ જીવને ગાઢ બધનથી બાંધવા; કોઇ પણ પ્રાણીને તેના ઇષ્ટ સ્થાનમાં જતાં અટકાવવુ કે બાધી રાખવુ તે પણ 'બધ'નો અતિચાર છે. કેટલાંક લોકો 'બધ'નો બહુ જ મર્યાદિત અર્થ ઘટાવે છે અને પશુ પૂરતો જ તેનો અર્થ સમજે છે, માનવને અનેક રીતે બાધી લેવામાં તેઓ વ્રતભગ સમજતા નથી. 'બધ'નો આટલો ટૂકો અર્થ પર્યાપ્ત નથી. 'બધ'નો અર્થ માનવ સાથેના વ્યવહારમાં પણ લાગુ પડે છે.

નોકરોને વધુ વખત સુધી રોકી રાખવા, તેમને ઇષ્ટ સ્થાને જવામાં અતરાય નાખવી, નોકરીના સમય ઉપરાંત તેમની પાસેથી ઇચ્છા વિરુદ્ધ કામ લેવુ-આ બધાનો પણ 'બધ'ના અતિચારમાં સમાવેશ થાય છે એક માણસ ગરીબીને કારણે, લાચાર બનીને નોકરી કરે છે, પરન્તુ તેની લાચારી કે ગરીબાઇનો ગેરલાભ ઉઠાવવો અને તેની પાસેથી વધારે કામ લેવુ તે અધર્મ છે. તેમ કરવાથી 'બધ'નો અતિચાર લાગે અને વ્રતભગ પણ થાય.

વહે

આ વ્રતનો બીજો અતિચાર છે 'વહે' વહે એટલે વધ અર્થાત કોઇ પણ ત્રસ જીવને માર મારવો. તમારામાં અહિંસાના સસ્કાર એટલા પ્રમાણમા તો અવશ્ય છે કે તમો કોઇનો વધ સીધી રીતે તો કરશો જ નહિ, પરતુ આજનો જીવનવ્યવહાર એવો થઇ ગયો છે કે તેમાં આડકતરી રીતે 'વધ'ના અતિચારનો દોષ લાગવાની દરેક શક્યતા છે.

પરોણા, ચાબુક, આદિ વડે ફટકા મારવા તે વધ છે. દયાધર્મી પોતાને હાથે ફટકા મારતા અચકાતા હશે એમ માનવામા વાંધો નથી, પરન્તુ બળદગાડી કે ઘોડાગાડીમાં બેસીને મુસાફરી કરતી વખતે બળદગાડી કે ઘોડાગાડી હાંકનાર બળદ કે ઘોડાને ચાબુક લગાવે છે ત્યારે તેને ના પાડો છો ખરા? કે વ્હેલા પહોચવાની ઇચ્છાએ, તેમાં મુગી સમતિ દાખવે છે? બળદ કે ઘોડાને ચાબુક લાગવાનુ નિમિત્ત તેમા બેસનાર છે અને મુગી સમતિ દાખવનારને પણ (ચાબુક મારનાર તો દોષીત છે જ) પહેલા વ્રતનો 'વહે'નો અતિચાર લાગે છે.

મોટા ભાગની ચામડાની વસ્તુઓ, પશુઓની હિસા કરીને મેળવેલ ચામડા વડે બનાવવામાં આવે છે. સુકોમળ ચામડાની વસ્તુઓ શેમાથી બને છે તે આપને ખબર છે? તરતના જન્મેલા અથવા ગર્ભમાંથી કાઢીને પશુની જીવતી ચામડી ઉતારી લેવામાં આવે છે અને તે ચામડીમાંથી ચકચકીત અને સુવાળી વસ્તુઓ બનાવવામાં આવે છે! આ વસ્તુઓ વાપરનાર પણ આડકતરી રીતે 'વધ'નો ભાગીદાર બને છે.

તેવી જ રીતે ચરબીવાળા અને રેશમી વસ્ત્ર પહેરનાર કે મોતીના દાગીના વાપરનાર પણ ત્રસ અને પચેન્દ્રિય જીવના 'વધ'ના ભાગીદાર બને છે.

વૃત્તિચ્છેદનુ પાપ પણ વધના પાપ જેવુ છે. આર્યધર્મ શાસ્ત્રોમાં કહેવામાં આવ્યુ છે કે કોઇની વૃત્તિચ્છેદ કરનારને પણ 'વધ'નુ જ પાપ લાગે છે. 'વધ'માં સીધી રીતે પ્રાણીનો વધ થાય છે અને વૃત્તિચ્છેદમા આડકતરી રીતે પ્રાણીનો વધ થાય છે, માટે વધના અતિચારનો વિચાર કરતી વખતે તમારે એ પણ વિચારવુ જોઇએ કે તમારી નોકરી પણ પ્રવૃત્તિ બીજાનો વૃત્તિચ્છેદ કરનારી તો નથી ને?

ગૃહોદ્યોગને મારી નાખનારા જે ધંધાઓ છે તે ધંધાઓથી પશુઓનો વધ નહિ, પણ ઘણા ગરીબો અને વિધવાઓનો વૃત્તિ-ચ્છેદ-આજીવિકાનો છેદ થાય છે. જેઓ કારખાના, મિલો અને યંત્રોને સીધી યા આડકતરી રીતે પોષે છે અને ઉત્તેજન આપે છે તેઓ બધા વૃત્તિચ્છેદ માટે જવાબદાર છે.

પહેલાની ગરીબ વિધવાઓ દરણા દળીને પોતાનુ ભરણપોષણ કરતી, બાળકોને મોટા કરતી અને ભણાવતી, પરન્તુ જ્યારથી અનાજ દળવાની મિલ આવી ત્યારથી વિધવાઓનો ધંધો છીનવાઇ ગયો, તેમની આજીવિકા છીનવાઇ ગઇ. આમાં સૂક્ષ્મ રીતે વધનુ પાપ રહેલુ છે. કાપડની મીલો આવી અને રેંટિયો કાંતનાર તથા વણનાર વણકરોનો ધંધો ભાગી પડયો મિલમાલિકો અને તમામ શેરહોલ્ડરો આ વૃત્તિચ્છેદના પાપના ભાગીદાર ગણાય. આ રીતે ગૃહોદ્યોગો બંધ પાડનાર જેટલા યંત્રોદ્યોગો છે તેમા બનેલી વસ્તુઓ વાપરવાથી પણ વૃત્તિચ્છેદ અને વધના ભાગીદાર બનવુ પડે છે.

કોઇ કોઇ દલીલ કરે છે કે, 'અમે તો મિલના તૈયાર કપડા કે યંત્રની તૈયાર વસ્તુઓ વાપરીએ છીએ અમો થોડા બનાવીએ છીએ? આ પાપ તો મિલ ચલાવનારાઓને જ લાગે, અમારે શુ?' પણ જરા ઊંડા ઉતરીને વિચારશો તો તમોને લાગશે કે વૃત્તિચ્છેદના પાપ સાથે મિલ કારખાનામાં બનેલી વસ્તુ વાપરનાર પણ સંકળાયેલ છે. મિલો કે કારખાનાઓમાં માલ શા માટે તૈયાર કરવામા આવે છે? ખરીદનાર અને વાપરનાર છે માટે જ. જો એ માલ ખરીદનાર કે વાપરનાર કોઇ ન હોય તો? તો મિલો અને કારખાના આપોઆપ જ બંધ થાય.

ચીનના અમુક સંપ્રદાયના બૌદ્ધો શુદ્ધ શાકાહારી છે, પણ જાપાન,

સીલોન, બર્મા આદિના બૌદ્ધો માંસાહારી છે. તેઓ અહિંસાના સિદ્ધાન્તોને માને છે, છતાં ય માંસાહારી છે. તેમને પૂછવામાં આવે કે તમે અહિંસાને માનવા છતાં માંસાહાર કેમ કરો છો? આ પ્રશ્નના જવાબમા તેઓ કહેશે કે અમે પશુઓને અમારા હાથે મારતા નથી, બજારમાં માંસ મળે છે તે ખરીદી લાવીએ છીએ; તેથી તેની હિંસા અમને લાગતી નથી! ત્યાં માસ વેચનારાઓની દુકાને પણ બોર્ડો લગાડવામાં આવેલા હોય છે કે, 'Not killed for you!!'

આ દલીલમાં તમોને વજૂદ લાગે છે? તમો કહેશો કે કસાઈ પશુઓ મારે છે તે માસ ખાનાર માટે જ મારે છે, તેથી માસ ખાનાર હિંસાના પાપમાથી કેમ બચી શકે?

જેવી રીતે બૌદ્ધોની આ દલીલ નિ સાર છે તેમ મિલો અને કારખાનાઓની મહારભી વસ્તુઓ વાપરનારની દલીલ પણ વજૂદ વિનાની છે; વાપરનાર 'વધ'ના ભાગીદાર અવશ્ય બને છે. 'વધ'ના અતિચારમાંથી બચવા માટે અહિંસાના ઉપાસકે ઉપરની તમામ પ્રવૃત્તિઓ અને વસ્તુઓથી દૂર રહેવુ ઘટે છે.

સોય, ટાંકણી, સીવવાનો દોરો કે સાધારણ વસ્ત્ર, આદિ તમામ નાની મોટી આવશ્યક વસ્તુઓ મહારભી મહાહિંસાથી બને છે અને તે વસ્તુઓ વાપરનાર તેવા મહારભના પાપને ઉત્તેજન આપે છે.

શ્રી ઠાણુંગ સૂત્રમા ફરમાન છે કે, મહારભની પ્રવૃત્તિ નરક ગતિમા પ્રવેશ કરવાની પ્રવૃત્તિ સમાન છે ને તેવી પ્રવૃત્તિવાળો આયુષ્ય પૂર્ણ કરીને નરક ગતિમાં જાય છે, માટે પ્રથમ વ્રતના આરાધકો કોઈ પણ વસ્તુ વાપરતાં પહેલા, તે અલ્પારભથી બનેલ છે કે મહારભથી બનેલ છે તેનો વિવેકપૂર્ણ વિચાર કરીને, તે વસ્તુના ઉપયોગનો નિર્ણય કરે તો તેઓ મહારભના પાપથી બચી

શકે છે અને નરક, આદિ ગતિથી પણ બચી શકે છે.

ત્રસ જીવની હિંસા કરવી નહિ તથા કરાવવી નહિ–મન, વચન અને કાયાથી. આટલી અહિંસાની ઝીણવટ શાસ્ત્રકારોએ શ્રાવકો માટે પણ ફરમાવેલ છે. જીવનની કોઇ પણ પ્રવૃત્તિ સમયે, આ ફરમાન હમેશા નજર સમક્ષ રાખવુ જોઇએ.

છવ્વીચ્છેદ

પહેલા વ્રતનો ત્રીજો અતિચાર છે 'છવ્વીચ્છેદ.' તેનો અર્થ એ છે કે કોઇ પણ પ્રાણીના નાક, કાન, આદિ છેદવા, ચામડી ભેદવી કે કોઇના અંગોપાંગ છેદવા–તેને છવ્વીચ્છેદ કહે છે.

પશુઓની બાબતમાં આ અતિચાર છે એટલુ જ નહિ મનુષ્ય પ્રતિના વ્યવહારમા પણ આ અતિચાર લાગુ પડે છે. આજે માણસને અંગોપાંગ જેટલો જ ઉપયોગી પૈસો છે નોકર, ચાકર કે મજૂરને ઓછો પગાર આપવો અથવા પગાર કે મજૂરીમાં કાપ મૂકવો તે પણ 'છવ્વીચ્છેદ' છે. પોતાની સ્ત્રી, બાલબચ્ચાં કે મા–બાપ માંદા પડયા હોય તે સમયે નોકર ગેરહાજર રહ્યો હોય ત્યારે તેનો પગાર કાપવો એ તેના અંગોપાંગ છેદવા જેટલુ જ આકરુ નોકરને લાગે છે. મનુષ્યો પ્રતિના વ્યવહારમા પણ 'છવ્વીચ્છેદ'નો આવો વિશાળ અર્થ કરવો જોઇએ.

અતિભાર

ચોથો અતિચાર અતિભારનો છે. મજૂરો, બળદગાડી, ઘોડાગાડી, ઊંટ, વગેરે ઉપર તેના ગજા ઉપરાંત ભાર ભરવો તે અતિભાર છે. શક્તિ ઉપરાંત નોકરો પાસેથી કામ લેવુ તે પણ અતિભાર છે. શક્તિ હોવા છતાં પોતે પોતાનુ કામ ન કરવુ અને બીજા પાસે કરાવવુ તે પણ અતિભાર છે મહાત્માજી પણ કહેતા હતા કે શક્તિ અને સમય હોય ત્યા સુધી દરેકે પોતાનુ કામ

પોતાની મેળે જ કરવુ જોઇએ, બીજા પાસે કરાવવુ ન જોઇએ કામ વધારે પડતુ હોય અને નોકર રાખવામાં આવે તો પણ વધારા પડતુ કામ જ તેને સોપવુ જોઇએ.

ગાંધીજીના અનુયાયી ગંગાબેન વૈદ્ય બોચાસણ વિદ્યાલયમાં રહે છે. તેમની ઉમર ૭૦ વર્ષની છે. તેમણે મહાત્માજીનો ગોપાલનનો ઉપદેશ સાંભળ્યો ત્યારે એક ગાય પાળી, પછી બીજી થોડી ગાયો વધારી. ગાયો વધતા ત્રીસની સંખ્યાએ પહોચી ત્યારે એકલે હાથે ત્રીસ ગાયોનુ કામ તેમનાથી થઇ શકયુ નહિ, એટલે તેમણે નોકર રાખ્યો. છતાં પણ જ્યા સુધી કામ કરતા પોતે ન થાકે ત્યા સુધી કામ કર્યા કરે અને નોકરને ગંગાબેન બેસાડી રાખે, જ્યારે પોતે થાકી જાય અને વધુ કામ આપવાની શરીર ના પાડે ત્યારે જ તે બાકીનુ કામ નોકર પાસે કરાવે।

આ રીતે માણસ સ્વાવલંબી થાય તો અતિભારના અતિચાર-માંથી બચી શકે. શકિત હોવા છતાં જે કામ કરે, ખાઇ-પીને બેસી રહે, જરાયે હાથ પગ ન હલાવે અને પાણી જોઇતુ હોય તો પણ રામા પાસે મગાવે તે અતિભારના પાપમાથી કેમ બચી શકે? આજે તો નોકર પાસે ઘરનુ બધુ કામ કરાવવામા આવે છે અને તે થાકી ગયો હોય તો પણ તેની દરકાર રાખવામા આવતી નથી। આજના નોકરોની સ્થિતિ પશુ કરતા પણ વધુ ખરાબ છે. ઘેર ઘોડાગાડીનો ઘોડો હોય તો તેને રહેવા માટે જુદી વ્યવસ્થા હોય છે તેની સંભાળ માટે ખાસ માણસ રાખવામા આવે છે. ઘોડો માંદો પડે તો ઘેર ડાકતરને બોલાવી, તેનો ઉપચાર કરવામા આવે છે આ રીતે ઘોડા પાછળ માસિક રૂા ૨૦૦નુ ખર્ચ થાય છે, જ્યારે બીજી બાજુ રૂ. ૨૦૦મા ચાર ગ્રેજ્યુએટો રોકાય છે' ઘોડાની આટલી સારવાર થાય છે, પરંતુ પોતાનો નોકર માંદો પડે તો તેની દવાના ખર્ચનો પ્રબંધ કરનાર અને માંદગીમા પગાર ન કાપનાર

કેટલા ધનવાનો મળી આવશે! ઘોડાને તો પૂરતો આરામ પણ આપવામા આવે છે, જ્યારે માણસ પાસેથી જેમ બને તેમ વધુ કામ લેવામા આવે છે અરે, કામ ન હોય તો કામ ઉભુ કરવામા આવે છે, પણ માણસ જરા વાર નવરો બેસે તે આજના શેઠ જોઇ શકતા નથી! સાઇકલ, મોટર, રેડિયો, ઘડિયાળ, વગેરે ખરાબ થઇ જાય તો તેને રિપેર કરાવવામાં આવે છે, પણ નોકરની બિમારીના ઇલાજ તરફ બહુ ઓછુ ધ્યાન અપાય છે. શુ મનુષ્યની કિંમત ઘોડા કે જડ યંત્ર કરતા પણ ઓછી છે? જેની પાસેથી તમે કામ લ્યો છો તેની આવશ્યક સભાળ રાખવી તે તમારી ફરજ થઇ પડે છે

નોકર અને શેઠની આ વાત થઇ, સાસુ અને વહુ વચ્ચેના વ્યવહારમા પણ આ નિયમ લાગુ પડે છે. સાસુ જ્યારે શક્તિએ બેસી રહે અને વહુ ઉપર આખાએ ઘરનો બોજો નાખે તે પણ અતિચાર ગણાય. ઘરમા વિધવા કે ત્યક્તા હોય તેની પાસેથી વધારે કામ લેવુ, આડાનો કે ઘરનો બોજો તેના પર નાખી દેવો અને બીજાઓએ હરવા ફરવામા સમય પસાર કરવો—એ પણ એક જાતનો અતિચાર જ છે.

દરેક માણસને ખાવા માટે અનાજ જોઇએ છે, પહેરવા કપડા જોઇએ છે, રહેવા મકાન જોઇએ છે, વાસણ, આદિ અનેક વસ્તુઓ તમો વાપરો છો. તમો અન્ન ખાવ છો, પરન્તુ ખેતીની કળા શિખ્યા નથી વસ્ત્ર પહેરો છો, પણ કાંતવાની કે વણાટકામની કળા તમને ભાગ્યે જ આવડતી હશે મકાનમા તમો રહો છો. પણ ચણતરકામ કે બાંધકામ કેમ થાય છે તેનો વિચાર કદી કર્યો છે ખરો? બીજી અનેક ચીજો તમો વાપરો છો, પણ તેનુ ઉત્પાદન તો બીજા માણસો જ કરતાં હોય છે' કાંઇ પણ નવસર્જન કર્યા વિના આ વસ્તુઓ ભોગવવી, તેમા પણ સૂક્ષ્મ રીતે શુ આ અતિચારોનુ સેવન નથી થતુ? અતિચારના અતિચારમાથી બચવા માટે સ્વાવલબી જીવન બનાવવાની જરૂર છે.

ભત્તપાણ વોચ્છેએ

પાંચમો અતિચાર 'ભત્તપાણ વોચ્છેએ' છે, તેનો અર્થ છે અન્ન પાનનો નિરોધ કરવો, કોઇના ખાનપાનમા અટકાયત કરવી. જમવાના સમયે, નોકરને જમવા જવા ન દીધા હોય તો 'અન્નપાણ નિરોધ'નો દોષ લાગે છે. કોઇની આજીવિકાનો નાશ કર્યો હોય, કોઇની નોકરી તોડાવી નાખી હોય તો પણ 'અન્નપાણ નિરોધ'નો અતિચાર લાગે છે. ગરીબો ભૂખમરાથી મરતા હોય અને વ્યાપારીઓ લોભવશ અનાજનો સગ્રહ કરે અથવા વધારે પૈસા મેળવવા માટે બીજા દેશમા મોકલી દે–તે પણ 'અન્નપાણ નિરોધ'ના અતિચારમા આવે છે. અનાજની તગીના દિવસોમા લોકોમાં વાહાવાહ કહેવરાવવા ખાતર, લગ્નાદિ પ્રસગોએ કે ધાર્મિક ઉત્સવોમા જમણવારે કરી અનાજ વેડફી દેવામા આવે, તેને લીધે બીજાને અનાજની તગી પડે કે ભૂખે મરવુ પડે તે પણ આ અતિચારનોજ દોષ છે.

પહેલા વ્રતના આ પાચ અતિચારોમાથી અહિસા વ્રતના આરાધકોએ દૂર રહેવુ જોઇએ.

પશુને દુ ખ થાય તેમ બાધવા નહિ, તેને માર મારવો નહિ, તેના અગોપાગ છેદવા નહિ' તેના ઉપર વિશેષ ભાર ભરવો નહિ, પશુના ખાનપાનની સુવ્યવસ્થામા ઉપેક્ષા સેવવી નહિ–આ અતિચારો ઉપરાંત ઉપરના અતિચારોમાથી બચવા માટે પણ જાગૃતિ સેવવાથી પ્રથમ વ્રતની સમ્યક્ રીતે આરાધના થઇ શકે છે

અતિચારોનો વ્યાપક અર્થ

પહેલા વ્રતના અતિચારો પશુ અને માનવ સાથેના વ્યવહારમા લાગુ પડે છે, એટલુ જ નહિ પરન્તુ કૌટુમ્બિક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમા પણ તે અતિચારો એક વિચારે વરાયા છે. અત્યાર સુધી અતિચારોનો બહુ જ મર્યાદિત અર્થ થઇ રહેલ છે,

એટલે આ વિચારસરણી નવી લાગશે. પરંતુ વિચારક વર્ગ માટે, વિકાસ સાધવા ઇચ્છનાર માટે વ્યાપક અર્થ ઘટાવવો જરૂરી છે.

પતિના મરી ગયા પછી ફરજીઆત રોવુ, કુટવુ, કાળા કપડાં પહેરવા, ખુણો પાળવો એ બધ છે, તે રિવાજો ન પાળનારની નિંદા કરવી તે વધ છે, તે રિવાજ ન પાળનારની પ્રતિષ્ઠામાં કાપ મૂકવો તે છે છવીચ્છેદ. રૂઢીની યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા વિના રૂઢીઓનો ભાર બીજા પર લાદવો તે છે ભારારોપણ. ગરીબ બ્હેન કામ કરીને પેટ ભરતી હોય, 'ખુણા'મા હોવાને કારણે બહાર ન નીકળી શકે, તેથી તેની આજીવિકા અને બાલ-બચ્ચાના ભરણ-પોષણમાં અંતરાય પડે તે છે ભત્તપાણનિરોધ. આમ અયોગ્ય રૂઢીઓને પણ આ અતિચારો સ્પર્શે છે

સંતાનને ધર્મજ્ઞાન ન આપવુ, સંસારાભિમુખ કરવા પ્રયત્ન કરવો ને સંસારાવસ્થામાં બાંધી રાખવા, તેનો પણ 'બધે' નામના અતિચારમા સમાવેશ થાય છે. પિતાની આજીવિકાનુ સાધન અલ્પારંભી કે આર્યધર્મને શોભે તેવુ ન હોય, તેમા અસત્ય અને અનીતિનુ સેવન કરવુ પડતુ હોય, તે સસ્કાર સતાનમા ઉતરે. અથવા પિતા વ્યસની હોય તો તે સસ્કાર સ્વાભાવિક રીતે જ સંતાનમા ઉતરે આથી પિતાને તથા સતાનને કર્મબધ થાય એટલે આવુ છવન પણ એક પ્રકારનો 'બધ' જ ગણાય

સંતાન માટે વિશેષ સંપત્તિ મૂકી જવાની ભાવના તે પણ છે પરિગ્રહનો બધ પોતાની હોશ પૂરી કરવા બાલ્યાવસ્થામા પુત્ર-પુત્રીઓને લગ્નગ્રંથીથી બાંધી દેવા, તે પણ બધ જ છે આવી સંતાનનો વિકાસ અટકે છે. અર્થાત વિકાસનો 'બધ' થાય છે, વિષય-કષાયનું સેવન થતા, આત્મગુણનો પણ વધ થાય છે. પરિગ્રહથી વિષય, કષાય ને આરંભની વૃત્તિ જન્મે તે પણ 'વધ' જ છે ને!

પ્રમાદવશ થઈ જ્ઞાન-દર્શન-ચારિત્રના આત્મગુણો પર કાપ મૂકવો તે છે છવીચ્છેદ અજ્ઞાન, સ્વાર્થવૃત્તિ, મોહ, મમતા ને અહંતાનો ભાવ સંતાનોના હૃદયમા ઉદ્ભવે તેવા સસ્કાર લાદવા

પ્રયત્ન કરવો તે છે અતિભાર. સમતા, શાન્તિ, સંતોષ, આદિ ગુણોથી તેમને વિમુખ રાખવાં તે આત્મિક ભોજનની અંતરાય છે.

લગ્ન પ્રસંગે ઘરેણાં, વસ્ત્રાદિ ચડાવવાનો રિવાજ પણ એક પ્રકારનો 'બંધ' જ ગણાય. મરણ પ્રસંગે જમણવારનો રિવાજ, અઠાઇ, વરસીતપ કે બીજા કોઇ પ્રસંગે પ્રભાવના, લ્હાણી, જમણવાર કે વરઘોડા કાઢવાનો રિવાજ પણ બંધન છે. તે રિવાજ ન પાળનારનું અપમાન અથવા નિંદા કરવી તે છે વધ. તેવા રિવાજનું પાલન ન કરનાર દોંગલાઇપણું કરે છે, કંજુસાઇ કરે છે, વગેરે શબ્દો વડે તેની પ્રતિષ્ઠા પર કાપ મૂકવો, તેનું નામ છે છવીચ્છેદ. સમાજમાં આર્થિક દૃષ્ટિયે બધા સમાન હોતા નથી, છતાં જાતિમાં ખર્ચાળા રિવાજોને પોષવા અને ગરીબોને કરજ કરીને પણ પ્રસંગો ઉજવવા પડે તેવી સ્થિતિ પેદા કરવી, તેનું નામ છે અતિભાર. આવા રિવાજોને કારણે, ગરીબોને આજીવિકા ચલાવવી મુશ્કેલ થઇ પડે તેવી સ્થિતિમાં મૂકાવું પડે તેનું નામ છે 'ભત્તપાણ વોચ્છેએ'

આજનો યુગ કહે છે કે અતિચારોનો આ રીતે વ્યાપક અર્થ ઘટાવવામાં આવશે તો જ વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય વિકાસ સાધી શકાશે. આવા કુરિવાજોનો આગ્રહ પકડી રાખનાર સમાજની દરેક વ્યક્તિ, આ પાપોમાં ભાગીદાર બને છે.

આ અતિચારોનો અર્થ સર્વદેશીય રીતે કરીને, આ પાપોમાંથી ગૃહસ્થોએ બચવું જોઇએ અને આ અતિ અગત્યના 'અહિંસા' વ્રતની સમ્યક્ આરાધના કરવી જોઇએ.

પ્રભુ મહાવીરે ઉપદેશેલ આ એક જ વ્રતને માનવ સ્વીકારે અને વ્યાપક રીતે અનુસરે તો દુનિયામાંથી ઘણા અનર્થો અને દુ:ખો ઘટી જવા પામે.

૨. મૃષાવાદ વિરમણ વ્રત

થુલાઓ મુસાવાયાઓ વેરમણ

બીજુ વ્રત 'થુલાઓ મુસાવાયાઓ વેરમણ' વ્રતનુ છે મૃષાવાદ–ખોટુ બોલવાથી વિરમવુ–અટકવુ એ આ વ્રતનો ઉદ્દેશ છે. ખોટુ બોલવાથી અટકવુ એ આ વ્રતની નિષેધાત્મક બાજુ છે અને સત્યની આરાધના કરવી એ વિધેયાત્મક બાજુ છે સત્યની સાધના એ જીવનની સર્વશ્રેષ્ઠ સાધના છે.

સત્ય એ જ પરમેશ્વર

પ્રશ્ન વ્યાકરણ સુત્રમા અહિંસાદિ પાચ વ્રતોનુ વર્ણન આવે છે; તેમા બીજા કોઇ વ્રતને નહિ પણ સત્યને જ ભગવાનની ઉપમા આપવામાં આવી છે. તેમા કહ્યુ છે કે, **'सच्च खलु भगवय'**– સત્ય એ જ ભગવાન છે

વૈદિક ધર્મમા 'સત્ય નારાયણ' શબ્દ પ્રચલિત છે. તેનો અર્થ એ જ છે કે સત્ય એ જ નારાયણ છે આ રીતે દરેક ધર્મોમા સત્યને મહત્વનુ ગણવામા આવેલ છે.

સત્ય જ સર્વસ્વ છે.

આવતી કાલે સૂર્ય ઉગવાનો જ છે તે વિષે કોઇને કશી શંકા યતી નથી તેમ સત્યનો અચૂક વિજય થવાનો છે તે માટે પણ શંકા

આ રીતે છ કોટીએ મૃષાવાદથી વિરમવુ જોઇએ

સ્વાર્થ માટે અસત્યને અવકાશ ન હોઇ શકે.

આ વ્રતમા વેપાર માટે, પૈસાની લેણદેણ માટે, જમીન માટે, અસત્ય બોલવાનો નિષેધ છે, તેની જ રીતે પોતાના સતાન-પુત્ર કે પુત્રોના સ્વાર્થ માટે પણ અસત્ય બોલી શકાય નહિ, પોતાના સતાનના હિત માટે પણ અસત્ય ન બોલી શકાય તો પછી સાધારણ લાભ માટે તો અસત્ય કેમ જ બોલી શકાય ? સત્યનો આરાધક ક્રોધાવેશ થઇને કે રાગ-માયા કે લોભને વશ થઇને કે રાગ-દ્વેષાદિ આવેશમા આવી જઇને વચન ઉચ્ચારે નહિ; તેની વાણી કોઇને નુકસાન કરે, કોઇ વચ્ચે કજીઆ કકાસ કરાવે કે વેરઝેર વધારે તેવી હોય નહિ. જે વાતની પૂરી ખબર ન હોય તેવી વાત સત્યનો આરાધક બોલે નહિ.

છૂટછાટનો ગેરઉપયોગ !

ગૃહસ્થોને પૃથ્વી, પાણી, અગ્નિ, હવા ને વનસ્પતિ આદિના જીવોની હિસા થાય તેવુ વચન સસારવ્યવહાર ચલાવવા માટે બોલવુ પડે છે તેવા વચનને શાસ્ત્રકારોએ નાનુ જૂઠ માનેલ છે તેવા જુઠને શ્રાવકને આગાર હોય છે.

આ છૂટનો કેટલાક શ્રાવકો વિસ્તૃત ઉપયોગ કરે છે અને ઘણી બાબતોનો 'નાના જુઠ'માં ઉમેરો કરી દે છે. વ્યાપારમા ખોટુ બોલીને હજારો રૂપિયા કમાવાની પ્રવૃત્તિને 'નાના અસત્ય'મા આજે કેટલાયે શ્રાવકો ગણાવે છે! જ્યા જ્યા ખોટુ બોલીને પણ પોતાનો સ્વાર્થ સધાતો હોય ત્યા ખોટુ બોલવામા શ્રાવકો મોટે ભાગે અચકાતા નથી અને સ્વાર્થ સાધવા માટે બોલાયેલ અસત્યનો 'નાના અસત્ય'મા સમાવેશ કરી દે છે! પરતુ આ તેમની ગેરસમજ છે

એક વખત વપરાઇ ગયેલ એક પૈસાની ટપાલની ટીકીટ ફરી વાપરવી તે ગુનો ગણાય છે, પિતાનો રેલ્વેનો પાસ પુત્ર વાપરે

તો તે પણ ગુનો ગણાય છે. આવી નાની બાબતો પણ જ્યારે જેલ્વે કે સરકાર ચલાવી લેતી નથી, ત્યારે સ્વાર્થ સાધવા માટે બોલાયેલ અસત્યને 'નાના અસત્ય'મા ગણી, તે પ્રતિ ઉપેક્ષા કેમ સેવી શકાય?

નાનો બાળક શ્રુતલેખનમા કાનો માત્રાની ભૂલ કરે તો પણ તેને ભૂલ ગણવામા આવે છે અને તેવી નાની ભૂલ પણ ચલાવી લેવામા આવતી નથી, ચેક કે હુડીમા નાની સરખી ભૂલ રહી જવા પામે તો તે પણ ચાલી શકતી નથી, તો પછી ઇરાદાપૂર્વક એક પાઇના પણ સ્વાર્થ માટે બોલાયેલ અસત્યને 'નાના અસત્ય'મા ગણી, તે પ્રતિ ઉપેક્ષા કેમ સેવી શકાય?

વીછીના ડસના સૂક્ષ્મ વિષ પ્રતિ તમો ઉપેક્ષા સેવો છો ખરા? વીછીનો નાનો ડખ પણ ત્રાહી ત્રાહી પોકરાવે છે, તેથી તે પ્રતિ તમો ઉપેક્ષા સેવતા નથી, તો પછી અસત્ય વડે આત્માને થતા ડખ પ્રતિ તમો ઉપેક્ષા કેમ સેવી શકો? વિષ થોડુ હોય કે ઝાઝુ, આખરે વિષ જ છે. મણ દૂધપાકમા વિષનુ એક ટીપુ પડે તો પણ તે તમામ દૂધપાકને વિષમય બનાવી મૂકે છે, તેવુ જ અસત્યનુ છે. અસત્ય–નાનુ હોય કે મોટુ–વિષ સમાન જ છે, પાપમય છે તેથી શ્રાવકોએ શાસ્ત્રોમા દર્શાવેલ આગારથી વધુ છૂટ આ વ્રતના પાલનમા લેવી ન જોઇએ શ્રાવકોની દષ્ટિ તો આગારનો પણ લાભ ન લેવાની હોવી જોઇએ, જેમ બને તેમ સત્યના પૂર્ણ પાલનનુ તેનુ ધ્યેય હોવુ જોઇએ.

સત્યની આરાધનાના અનુકરણીય દષ્ટાંતો

આ અંગે સુશ્રાવક અરણુકજીનો પ્રસગ જાણીતો છે. સુશ્રાવક અરણુકજીની સત્યની પરીક્ષા લેવા માટે દેવતા આવે છે, દેવતાએ કહ્યુ કે, 'તુ તારા સત્યનો ત્યાગ કર, નહિ તો આ જહાજને હુ ડુબાડી દઇશ.' અરણુકજી સામે એક બાજુ જહાજમા રહેલુ કરોડોનુ ધન

અને જહાજમા બેઠેલા અનેક માનવીઓનુ જીવનધન હતુ અને બીજી બાજુ સત્ય હતુ. પોતાના જીવનને જોખમે, અનેક માનવીઓના જીવનના જોખમે તથા કરોડોના દ્રવ્યના વિનાશના જોખમે પણ તેઓ સત્યને વળગી રહેવામા દૃઢ રહ્યા, પોતાની પ્રતિજ્ઞામાં ડગ્યા નહિ, આખરે દેવ તેમની દૃઢતા જોઇને પ્રસન્ન થયો અને ચાલ્યો ગયો.

અરણક શ્રાવક જેવી સત્ય પરની શ્રદ્ધા મનુષ્ય માત્રમા હોવી જોઇએ, પરન્તુ આજે તો તદ્દન વિપરિત સ્થિતિ છે ક્યા કરોડોનુ ધન જતુ કરીને પણ સત્યને આચરવાની વૃત્તિ અને ક્યાં સત્ય વેચીને બે પૈસા મેળવવાની તુચ્છ વૃત્તિ! બે પૈસા માટે સત્ય વેચવાની વૃત્તિ ત્યાગવા યોગ્ય છે અને કોઇ પણ ભોગે સત્યને વળગી રહેવાની વૃત્તિ શ્રેયસ્કર છે તે ભૂલવુ જોઇએ નહિ

ગાંધીજી જેવા મહા પુરુષો સત્ય માટે અમેરિકાની વિપુલ ધનરાશિને પણ ઠોકરે મારી શકે છે, ત્યારે પોતાને શ્રાવક કહેવડાવનાર આઠ આના માટે આઠ વાર જુઠ્ઠુ બોલતા ન હોય તો કેવુ સારુ! બીલો માટે કહેવાય છે કે શપથ લીધા પછી તેઓ મૃત્યુમાથી છુટવા માટે પણ જૂઠ્ઠુ બોલતા નથી. આવી કોમ પણ જ્યારે જીવનમા આટલા પ્રમાણમા આચરણ કરે છે, ત્યારે શ્રાવક તરીકે ઓળખાવનાર તુચ્છ વસ્તુ માટે પણ જુઠ્ઠુ બોલતા હોય તો તે કેટલુ અનુચિત ગણાય!!

અમદાવાદના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થનો સત્ય માટેના આગ્રહનો એક પ્રસંગ જાણવા જેવો છે. એક વાર તે ભાઇને, પોતાના ધર્મપત્ની સાથે કંઇક વિચારભેદ થયો, વિચારભેદ આગળ વધ્યો અને ક્લેશના રૂપમા પરિણમ્યો એક સમયે તે ગૃહસ્થ ખૂબ આવેશમા આવી ગયો અને આવેશમા ને આવેશમા પોતાની પાસે પડેલી વસ્તુ તેણે પોતાની ધર્મપત્ની તરફ ફેંકી, તે વાગી બહેન મૂર્છિત થઇ ગયા અને તેનો દેહાન્ત થયો.

આ બનાવ પછી તુરત જ ભાઇ પોલીસ ચોકીએ ગયા અને પોતાને હાથે સત્ય ઘટના નોંધાવી, પોલીસે કેસ ચલાવ્યો. તે ગૃહસ્થે બેરીસ્ટરને પોતાને કેસ ચલાવવા માટે રોક્યો. બેરીસ્ટરે તેમને સલાહ આપી કે, 'આ ઘટનામા કોઇ દાર્શનીક પુરાવો નથી, એટલે જો તમો એમ કહો કે મારે હાથે આ ઘટના બની નથી, તો તમો નિર્દોષ છૂટી જશો.' તે ગૃહસ્થે કહ્યુ કે, 'હુ અસત્ય બોલવા ઇચ્છતો નથી, સાચુ બોલતા, કાયદાની દૃષ્ટિએ મને તમે બચાવી શકતા હો તો ભલે. પણ નિર્દોષ ઠરવા માટે હુ જુઠ્ઠુ તો બોલીશ નહિ કરેલ ગુન્હા માટે જે સજા થાય તે ભોગવવા પણ હુ તૈયાર છુ'. કોર્ટમા કેસ ચાલ્યો, ત્યારે મેજીસ્ટ્રેટ પાસે તેમણે સત્ય હકીકત રજૂ કરી, તેના સત્ય કથનથી મેજીસ્ટ્રેટ બહુ ખુશ થયા, મેજીસ્ટ્રેટને તેમના પ્રતિ બહુ માન ઉપજ્યુ ન્યાયાધિશે કાયદાની દૃષ્ટિયે તેને દુ ખીત હૃદયે સજા તો ફરમાવી, પણ ચુકાદામાં તેણે લખ્યુ કે, 'મારી ન્યાયાધિશ તરી-કેની આટલી કારકિર્દિ દરમ્યાન આવો સત્યવાદી આરોપી મે આજે પ્રથમ જ જોયો છે, માટે હુ સરકારને ભલામણ કરુ છુ કે જ્યારે કોઇ પણ ખુશાલીનો પ્રસગ આવે ત્યારે સૌથી પ્રથમ આ ભાઇને સજા મુક્ત કરવામા આવે.' અને બન્યુ પણ તેમજ, સાતમા એડવર્ડના રાજ્યાભિષેકની ખુશાલીના પ્રસગે આ ભાઇને ટૂંક સમયમા જ મુક્તી મળી

આ કેસ જ્યારે યુરોપવાસીઓના કાને પડયો, ત્યારે પાચ હજાર માઇલ દૂર બેઠેલા લોકો પણ આ ભાઇના સત્યવાદીપણા પર ખુશ થયા અને ત્યાંની મોટી વ્યાપારી કપનીઓએ વગર માગ્યે આ ભાઇને પોતાની એજન્સીઓ આપી, તેનો વ્યાપાર ધમધોકાર ચાલવા માડયો અને ટૂક સમયમા જ તેની ગણતરી મોટા ધનકુબેરોની હરોળમા થવા લાગી

નાનુભાઇ પટેલનો પણ એક જીવનપ્રસગ સત્યવ્રત માટે બોધ-પાઠ લેવા જેવો છે નાનુભાઇના પિતા મણિભાઇ પટેલનુ ખુન

એક કોળીએ કર્યું. પોલીસ, ફોજદાર વગેરે ત્યાં આવી પહોંચ્યા, ફોજદારે કેસ તૈયાર કર્યો અને નાયબ સુબાને વંચાવ્યો, ત્યારે નાયબ સુબાએ પૂછ્યું કે, 'દાર્શનિક પુરાવામાં કોણ છે?' મણિભાઈ પટેલના મુનિમ ગોપાળભાઈ પટેલ દાર્શનિક પુરાવામાં હતા અને ખૂન તેમણે જાતે જોયેલું. નાયબ સુબાએ બીજો પ્રશ્ન પુછ્યો 'ખૂનીને લોહીવાળું ધારીયું લઈ ખડકી બહાર નીકળતો કોઈએ જોયાનો પુરાવો છે?' રાવજીભાઈને આ ખબર ન હતી, તેથી તેણે કહ્યું કે, 'તેનો પુરાવો મળશે તો રજુ કરીશું.' સુબાને રાવજીભાઈનો આ જવાબ ન ગમ્યો, તેણે કહ્યું. 'પુરાવો ન હોય તો ઊભો કરવો જોઈએ, આવા પુરાવા સિવાય કેસ લૂલો ગણાય.' રાવજીભાઈએ જવાબ આપ્યો. 'સાહેબ, એવો જૂઠો પુરાવો ઊભો કરવાનું હું પસંદ કરતો નથી.' સુબાએ કહ્યું, જૂઠો શાનો? ખૂન લખાએ કર્યું તે દેખીતું છે, જોનાર માણસ સ્વેચ્છાથી સાક્ષી તરીકે બહાર ન આવે તો બીજાને ઊભો કરવો જ જોઈએ, તેમ ન થાય તો સાચો કેસ માર્યો જાય અને ગુન્હેગાર છૂટી જાય' રાવજીભાઈએ આપેલો જવાબ દરેકે યાદ રાખવા જેવો છે. રાવજીભાઈએ કહ્યું: ખૂન તો મારા પિતાશ્રીનું થયું છે ને તેથી મને જેટલું દુ:ખ થાય તેટલું બીજાને ન થાય તે સ્વાભાવિક છે, પરંતુ મારા પિતાશ્રીના ખૂન કરનારનું ખૂન કરાવવા માટે ખોટા પુરાવા ઊભા કરી હું સત્યનું ખૂન કરવા માગતો નથી. ખોટો પુરાવો ઊભો કરવામાં મને રસ નથી. માનવીના ખૂન કરતાં હું સત્યનું ખૂન વિશેષ ભયંકર ગણું છું. માટે મારાથી ખોટો પુરાવો ઊભો નહિ થઈ શકે.' આ જવાબથી નાયબ સુબો સ્તબ્ધ જ થઈ ગયો.

વાઘને ઉન્માર્ગમાંથી બચાવી, તેના રક્ષણ ખાતર પીંજરામાં પુરવામાં આવે તો તેને અટપટું લાગે છે. તેમ સ્વચ્છંદ વૃત્તિવાળાને સત્યનું સેવન પીંજરાના બંધનની જેમ અટપટું લાગે છે. જો બધા

જ સત્યભાષી બને તો દુનિયામાં વકીલો, બેરીસ્ટરો, સોલીસીટરો, જજો-કોર્ટની જરૂર ન રહે. કાયદા-કાનુન કે કોર્ટની પણ આવશ્યકતા ન રહે સત્યના પાલનથી દંભ, ઈર્ષા, દ્વેષ આદિનો સમુળો નાશ થાય છે.

સત્ય ગયું તો બધું ગયું

સત્ય વિનાનો માનવી લાકડા યા પત્થરના ટુકડા સમાન છે. અન્ય પાપો ચણોઠી સમાન છે, ત્યારે અસત્યનુ પાપ પર્વત સમાન છે અસત્યના આચરણ માટે અન્તરનો અવાજ ના જ પાડે છે. અન્ય પ્રકારના પાપ શુદ્ધ થઈને સાધુ અથવા આચાર્ય પણ બની શકે છે, પરન્તુ અસત્યનુ સેવન કરનાર માનવ કહેવડાવવાને યોગ્ય પણ ગણાતો નથી.

અસત્ય આચરણ મનુષ્યને ઈશ્વરથી દૂર કરે છે અને માનવ સમાજને હાનિ પહોંચાડે છે. ઈમર્સને કેવુ સુંદર કહ્યુ છે· Every violation of truth is a stab at the health of human society સત્યનું ઉલ્લંઘન દરેક વખતે માનવ સમાજના આરોગ્યને જખમી બનાવે છે

અસત્ય ભાષીને સુધરવાનો અવકાશ જ નથી

અન્ય પાપ કરનાર પોતાના પાપનો સ્વીકાર કરે છે, તેથી તે તેટલા જ પાપનો ભાગીદાર બને છે. પણ અસત્ય બોલનાર હજારો પાપ કરીને પણ તે કબુલતો નથી, આથી અન્ય વ્રતોનો ભંગ કરનારને સુધરવાનો અવકાશ છે, પણ અસત્ય બોલનારને જરા પણ અવકાશ રહેતો નથી પાપની કબુલાત વિના શુદ્ધિ કેવી રીતે હોય શકે? આથી અન્ય વ્રતોનો ભંગ કરનાર ફરી ધર્મનો આરાધક અને અધિકારી પણ બની શકે છે, પરન્તુ અસત્ય બોલનાર ધર્મને લાયક માનવામાં આવ્યો નથી.

અસત્યનું કડવું પરિણામ

અસત્ય અને અનીતિનો આધ્યાત્મિક રોગ ફેલાવનાર મરણ પામીને માખી તથા મચ્છરાદિ યોનિમા જન્મ ધારણ કરે છે. તે જીવયોનિમા અસત્ય અને અનીતિ દ્વારા આધ્યાત્મિક ભાવ રોગ ફેલાવવાની શક્તિ ન હોવાથી, તેઓ શારીરિક દ્રવ્ય રોગ પોતાના ઝેર વડે ફેલાવી માનવના સ્વાસ્થ્યને નુકશાન કરે છે, તેથી તેનો નાશ થાય છે. અસત્યનુ આવુ કડવુ પરિણામ આવે છે.

ઠાણાગ સૂત્રમા ફરમાન છે કે અસત્ય બોલનાર માનવ પોતાના મન, બુદ્ધિ તથા ઇન્દ્રિયોનો દુરુપયોગ કરવાથી મરણ પામીને વિચાર, બુદ્ધિ અને વાણી વિનાની નીચ યોનિ એટલે કે પશુયોનિમાં ઉત્પન્ન થાય છે, તેથી ઉલટુ જો તે પોતાનાં મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોનો સત્ય માટે ઉપયોગ કરે તો તે મરણ પામીને ઉચ્ચ યોનિમાં જન્મ ધારણ કરે છે.

કોઇ માણસને કોઇ કાગડા–કુતરા, બળદ, ઘોડા અથવા ગધેડા જેવા કહે તો તેને દુ:ખ થાય છે, કોઇના કહેવા માત્રથી કોઇ મનુષ્ય, કાગડો અથવા કુતરો બની જતો નથી! છતાં તેની ઉપમાથી માનવને ખેદ થાય છે, તો પછી અધમ જીવયોનિમાં ઉત્પન્ન થવુ પડે તેવા વચન અને કર્તવ્યો માટે તેથી કેટલુ અનતગણુ દુ:ખ થવુ જોઇએ!!

શાસ્ત્રકારો અસત્ય બોલનારને ભાવમા પશુ માને છે, નિશ્ચયમા પશુ માને છે અને વ્યવહારના સ્થૂલ શરીરરૂપે માનવાની બાહ્ય આકૃતિવાળો તેને માને છે જો મનુષ્યને પશુયોનિની દિશામાથી પાછા ફરવુ હોય તો તેમણે સત્યનુ આરાધન કરવુ જોઇએ.

અસત્ય જેવુ જ ચોરીનુ પાપ ભયકર છે ને તે પાપનુ ફળ ભોગવવા માટે પણ તેને પશુયોનિમા જન્મ ધારણ કરવો પડે છે,


તેથી મૃષાવાદથી વિરમવાનુ ફરમાવીને, શાસ્ત્રકારોએ 'અદત્તાદાન વિરમણ વ્રત' ફરમાવેલ છે.

અસત્યની ગુલામીમાંથી મુક્ત બનો

સત્ય સમુદ્રથી ગભીર છે, મેરૂથી મહાન છે, સૂર્યથી તેજસ્વી અને ચદ્ર તથા ચદનથી વિશેષ શીતલ છે આવું હોવા છતા માનવી તેને નથી આચરી શકતો! તેનુ કારણ એ છે કે માનવીને અફીણના બધાણની જેમ અસત્યનુ વ્યસન લાગેલુ છે અફીણના બધાણીને અફીણને બદલે ગમે તેટલી સારામા સારી વસ્તુ ખાવા આપવામા આવે તો પણ સારી વસ્તુ જતી કરશે, પરન્તુ અફીણ નહિ છોડે, તેમ અસત્યના વ્યસનીનુ પણ છે. અફીણ ખાનાર ઉપર અફીણ સ્વાર થાય છે. અફીણનો તે પરાધિન અને ગુલામ બને છે તેમ આજે માનવ પણ અસત્યનો ગુલામ બનેલો છે, અફીણ છોડતા શરૂઆતમા મુશ્કેલી પડે છે, પણ માણસ દૃઢ નિશ્ચય કરે તો અફીણની પરાધિનતામાથી મુક્ત થઇ શકે છે, તેવી જ રીતે અસત્ય ત્યજનારને થોડી મુશ્કેલીઓ ભોગવવી પડે છે, પણ જો દૃઢ સકલ્પવાળો હોય તો જરૂર અસત્યની ગુલામીમાથી મુક્ત બની શકે છે

સત્ય પાલનની આવશ્યકતા

બીજા વ્રતના પાલનથી અને તેના અતિચારોના ત્યાગથી સ્વ તેમજ પરને શાન્તિ થાય છે આજે પ્રજાનુ જે નૈતિક પતન થયેલુ જોવામા આવે છે તે દૂર કરવા માટે અને નૈતિક પુનરુત્થાન માટે આ વ્રતના પાલનની અને પ્રચારની સૌથી વિશેષ અગત્ય છે.



છે, પરન્તુ સભ્ય ચોરીના પ્રકારમાંથી તો ભાગ્યે જ કોઇ બચેલુ હશે! પોતાની બુદ્ધિની ચાલાકીથી બીજાના હકની વસ્તુ ઉપર અધિકાર જમાવવો, શોષણ કરવુ, તેનો સભ્યપ્રકારની ચોરીમા સમાવેશ થાય છે. કોઇના ખીસ્સામાંથી કોઇએ બે પૈસા લીધા હોય તો તે દંડાય છે, પણ કરોડો માણસોનુ શોષણ કરી, કરોડો રૂપિયા કોઇ ભેગા કરે તો તેને શિક્ષા કરવાની કોઇ કલમ પીનલ કોડમા ભલે ન હોય, પરન્તુ ધાર્મિક શાસ્ત્ર તો કહે છે કે તે ચોરી નહિ, પણ મહાચોરી છે

ચોરીના વિવિધ સ્વરૂપો

ઠગાઇ માત્ર ચોરી છે, એક લેખક કહે છે કે, 'He who purposely cheats his friend, would cheat his God'

અર્થાત્ જે મિત્રને ઠગે છે તે કોઇ વખતે ઇશ્વરને પણ ઠગે. બીજો એક લેખક કહે છે કે Dishonesty is a forsaking of permanent for temperary advantages અપ્રમાણિકતા દાખવવી કે ચોરી કરવી, એ ક્ષણિક લાભ ખાતર શાશ્વત શ્રેયને ગુમાવવા જેવું છે.

પોતાના હક સિવાયની વસ્તુ ગમે તે પ્રકારે લેવી તે ચોરી છે કોઇ સરકારી નોકર કોઇનુ કામ કરી આપે, તે બદલ પગાર ઉપરાંત લાંચ, ઇનામ કે ભેટ લે, તે પણ ચોરી છે. આડત, દલાલી, મકાનનુ ભાડુ, નફો, રૂપિયાનુ વ્યાજ મર્યાદાથી વિશેષ લેવા અથવા બીજી કોઇ રીતે શોષણ કરવુ અથવા અભણ માણસો પાસેથી તેમના ઘર, ખેતર કે જમીન લખાવી લેવા તે પણ ચોરી છે સામો માણસ ભૂલથી વધારે આપી જાય તે રાખી લેવુ, તે પણ ચોરી છે. ભાગીદારના અજાણતા પોતાનો સ્વતંત્ર ધંધો કરવો તે પણ ચોરી જ કહેવાય કોઇની રકમનુ, પોતાને નામે દાન જાહેર કરવુ તે પણ ચોરી ગણાય માણસ પોતાનો અસાધ્ય રોગ જાણતા હોય, છતા વીમો ઉતરાવવા જાય તે પણ એક

પ્રકારની ચોરી કહેવાય પોતાનો રોગ છુપાવી ને વીમાવાળાને ઠગે છે, દાક્તરને લાંચ આપી, ખોટું પ્રમાણપત્ર મેળવે છે, આવી ચોરીમાંથી પણ બચવું જોઈએ. બંગાળના એક ગૃહસ્થનો પ્રસંગ છે. એક વાર તેમણે પોતાનો વીમો ઉતરાવ્યો અને એક વખતનું પ્રિમીઅમ પણ ભર્યું ત્યાર બાદ તેમને ખબર પડી કે પોતાને મધુપ્રમેહનું દર્દ છે. તે જાણતા જ તેમણે વીમા કંપનીને કાગળ લખ્યો કે, 'મને મધુપ્રમેહનું દર્દ છે એટલે મારો વીમો રદ કરજો' મિત્રોએ કાગળ ન લખવા ઘણું સમજાવ્યું પરન્તુ તે ગૃહસ્થે માન્યું નહિ. તેમણે કહ્યું કે, 'જો હું વીમા કંપનીને ન જણાવું તો હું વીમા કંપનીનો ચોર ગણાઉં અને એવી ચોરીનું ધન મારા સંતાનોને મળે તે કરતા મારા સંતાનો મજુરી કરીને પેટ ભરે તે વધારે ઇષ્ટ છે.' આ સાંભળીને, મિત્રો તેના ત્યાગ તરફ નમી પડયા.

ચોર અને શાહુકાર અંગે અયોગ્ય સમજણ !

અમે વિહારમાં હતા તે સમયે એક તદ્દન નાના ને ગરીબ ગામડામાં રાત્રે ચોર આવ્યા, તે ચોરો ચાર ધાન્ય ચોરવા આવ્યા હતા. ચોરોના પગના અવાજથી આખું ગામ જાગી ગયું. લાકડીઓ તથા બંદુકો લઈને લોકો ચોરોની પાછળ પડયા, એક ચોર પકડાયો, તેને અમારી પાસેના મકાનની ઓરડીમાં હાથ તથા પગ બાંધીને ઊંધે મોઢે પૂર્યો ને ઉપરથી તાળું માર્યું. આટલું બંધન હોવા છતાં, ચાર પાંચ માણસો લાકડીઓ સાથે ચોકી કરવા બેઠા, મજબૂત બંધન ચોરથી સહન થયા નહિ, તે ચીસો પાડવા લાગ્યો : 'દયા કરીને આ બંધન ઢીલા કરો, અને તલવારથી મારવો હોય તો મારી નાખો, પણ આ દુઃખ મારાથી સહન થતું નથી.' આખી રાત તેને ભૂખ્યો માર્યો હતો, પણ કોઈએ ધ્યાન આપ્યું નહિ. સવારે તે ચોરને પોલીસને સ્વાધીન કરવામાં આવ્યો

થોડુ અનાજ ચોરવા આવેલ ચોરની સમાજે આ દશા કરી. સમાજમાં ચોર ધૃણા પાત્ર ગણાય છે અને તેથી તેને સજા થાય છે. પરન્તુ જેઓ દળનાર, ભરડનાર, પાણી ભરનાર, આદિ ગરીબોની આજીવિકાની ચોરી, યંત્રની મદદથી કરે છે તેમને સમાજ શાહુકાર કેમ ગણે છે? યંત્રો વડે હજારો ગરીબોની આજીવિકા લૂટનાર માટે કચેરી, ન્યાયાધિશ, વકીલ, શિક્ષા કે કેદ કશુ રાખવામાં આવેલ નથી તે કેળવાયેલા ગણાતા સમાજ માટે શરમ ભરેલુ છે, પાનાથી એક પાઇનો જુગાર રમનાર જુગારી ગણાય છે, જ્યારે બજારમા લાખોની હારજીત કરનાર શાહુકારમા ગણાય છે! ખરુ જોતાં આજે સમાજમા 'ચોર અને શાહુકાર'ને ઓળખવાની યોગ્ય સમજણનો અભાવ જોવામા આવે છે.

ચોરી માટે કોણ જવાબદાર?

આજકાલ સમાજમા ચોરીઓ વધતી જાય છે, તે ચોરીનુ પાપ, ચોરી કરનારને ફાળે તો જાય જ છે, પરન્તુ તે ઉપરાત સમાજની પરિસ્થિતિ તરફ ધ્યાન ન આપનારા અન્ય મનુષ્યો પણ પરોક્ષ રીતે તે ચોરીના પાપના અમુક અશે ભાગીદાર ગણાય છે. આજે એક બાજુ કારખાનાઓ ઢગલાબધ માલ ઉત્પન્ન કરી રહેલ છે, ત્યારે બીજી બાજુ ઉદ્યોગપતિઓ અને શ્રીમતોની શોષણનીતિ અને મગ્રહખોરી દરરોજ નવા નવા ઢગલાબધ ચોરો ઉત્પન્ન કરી રહેલ છે

માળવાનુ એક પ્રસિદ્ધ ઉદાહરણ છે. ધારાનગરીના જીનદાસ શેઠ એક વાર ધર્મસ્થાનકમા સામાયિક કરવા ગયા. ધર્મસ્થાનકમા જઇને તેમણે વસ્ત્રો ઉતાર્યા. તેની સાથે એક મૂલ્યવાન હાર પણ કાઢીને વસ્ત્રમા મૂક્યો અને પછી સામાયિક કરવા બેઠા. તેટલામા એક ગરીબ વણિક આવ્યો શેઠના બારીક કપડામાથી સોનાનો હાર તેના જોવામા આવ્યો આ વણિકની સ્ત્રી અને બાળકોને ટટલાયે

દિવસ થયા ખાવાને મળ્યું નહોતુ, એટલે આ હાર જોઇને તે વિચારવા લાગ્યોઃ 'જો હુ આ હાર લઇ લઉ તો તેના પર કોઇ મને રૂપીઆ ધીરશે અને તે રૂપીઆથી હુ ધધો કરી, આજીવિકા સુખેથી ચલાવી શકીશ. સારા દિવસો આવ્યે હાર છોડાવી શેઠને પાછો આપી શકાશે. સરોવરમાથી પક્ષીઓ પાણી પી જાય તો સરોવરનુ પાણી કંઇ ઘટી જતુ નથી તેમ શેઠની અખૂટ સિદ્ધિમાંથી હુ આ હાર લઇ લઇશ તો તેમને કાઇ ઓછુ થવાનુ નથી, વળી મારે તો તે વ્યાજ સહિત પાછો આપી દેવો છે ને?' એમ વિચારી, મનનુ સમાધાન કરી તેણે શેઠના કપડામાથી હાર કાઢયો અને ચાલતો થયો. ઘેર ગયા પછી, તેણે પોતાની સ્ત્રીને વાત કરી અને તેની સલાહ મુજબ તે હાર તેણે જીનદાસ શેઠને ત્યા જ ગીરવી મૂકવાનો નિર્ણય કર્યો.

બીજી બાજુ શેઠ સામયિકમાથી ઉઠયા અને કપડા પહેરવા માંડયા ત્યારે હાર મળ્યો નહિ; શેઠને થયુ કે કદાચ ઘેર રહી ગયો હશે, પરન્તુ ઘેર આવીને તપાસ કરી તો તેની દીકરીએ કહ્યુ કે તે તો તમે પહેરીને જ ગયા હતા. શેઠ વિચારમા પડયા ઉપાશ્રયમા એક વણિક સિવાય તો કોઇ હતુ જ નહિ. શુ તે હાર લઇ ગયેલ હશે?

આ પ્રમાણે શેઠ વિચારી રહ્યા હતા તેટલામા તો પેલો વણિક હાર લઇને શેઠને ત્યાં આવ્યો અને હાર ગીરો રાખીને, રૂપીઆ વ્યાજે ધીરવાની શેઠને વિનતિ કરી. શેઠ આખી પરિસ્થિતિ સમજી ગયા. શેઠે કહ્યુ, 'ભાઇ, હારની કાઇ જરૂર નથી; રૂપિયા જોઇતા હોય તો આમ ઉધાર લઇ જાઓ.' પેલા ભાઇએ એમ ને એમ રૂપિયા લઇ જવાની ના પાડી, એટલે શેઠે હાર રાખીને રૂપીયા આપ્યા.

તેના ગયા પછી શેઠ વિચારવા લાગ્યા 'તેણે હાર ચોર્યો તેમાં તેનો દોષ નથી, દોષ તો મારો જ ગણાય. હું જ્ઞાતિનો શેઠ કહેવાઉ છુ, તો દરેક જ્ઞાતિબંધુની પરિસ્થિતિથી મારે જ્ઞાત રહેવુ જોઇએ; કામધધા વિનાનાને કોઇ પણ જાતનુ કામ આપવા માટે મારે કાળજી રાખવી જોઇએ.' શેઠને પોતાની ફરજ ચૂકવા બદલ પશ્ચાતાપ થવા લાગ્યો.

પેલા વણિકે આવેલ પૈસાથી પ્રમાણિકતા પૂર્વક અને જાત મહેનતથી વ્યાપાર કર્યો, વેપાર સારો ચાલવા માડયો અને થોડો પૈસો પણ મેળવ્યો. હાર પર લીધેલી રકમ વ્યાજ સહિત પાછી આપી દેવાનો તેણે વિચાર કર્યો અને તે જીનદાસ શેઠને ત્યા ગયો. શેઠે રકમ લઇ હાર પાછો આપ્યો.

તે વણિકે કહ્યું, 'શેઠ, આ હાર તો આપનો જ છે, મારી વિષમ સ્થિતિમા હુ કર્તવ્ય–અકર્તવ્યનુ ભાન ભૂલી ગયો હતો અને આપનો હાર લઇ લીધો હતો, તે મને પાછો આપવાનો નથી.

શેઠે કહ્યુ 'ભાઇ, એ હાર હવે મારો રહ્યો નથી, કેમ કે હુ સામયિકમાં હતો તે સમયે તે આ હાર લીધો હતો, ત્યારે હું બધી વસ્તુનો ત્યાગ કરીને બેઠો હતો, આ હાર પણ મારૂ સ્વામીત્વ હતુ નહિ, એટલે આ હાર મારો ન કહેવાય.'

છેવટે બેમાંથી કોઇ તે રાખવા તૈયાર ન થયુ, ત્યારે માનવ સેવાના કાર્યમા તે હારનુ દાન કરવામા આવ્યુ.

એક વાર એક નાની મુનિનુ વ્યાખ્યાન શ્રવણ કરવા ધારાનગરીની મોટી માનવમેદની એકત્રિત થઇ હતી. મહારાજશ્રીએ ઉપદેશ આપતા ફરમાવ્યુ કે 'દરેક મનુષ્ય ભૂલને પાત્ર છે, પણ કરેલી

ભૂલનો પશ્ચાતાપ કરવાથી અને પાપનું પ્રાયશ્ચિત કરવાથી, મનુષ્ય પાપના ભારને હલકો કરી શુદ્ધ બની શકે છે.'

આ શબ્દો સાભળી હાર લઇ જનાર વણીક ઉભો થયો અને હાથ જોડી મુનિરાજને વિનંતિ કરી કે, 'હે પૂજ્ય ગુરુદેવ! મારાથી એક પાપ થયુ છે અને તેનુ પ્રાયશ્ચિત મારે આપની પાસેથી લેવુ છે. મે મારી વિષમ સ્થિતિને કારણે અને સ્ત્રી બાળકોને કેટલાય દિવસો સુધી ભોજન ન મળવાથી, જીનદાસ શેઠનો સોનાનો હાર તેમની આજ્ઞા સિવાય લીધો હતો, માટે મને તેનુ પ્રાયશ્ચિત, કૃપાળુદેવ, આપો.'

આ સાભળતા તેની પત્ની ઉભી થઇ અને વિનતિ કરી કે, 'ગુરુદેવ! મારા પતિને પ્રાયશ્ચિત આપતા પહેલા મને પ્રાયશ્ચિત આપો, કેમ કે એ પાપનુ કારણ હુ જ છુ; મે વિલાસી વસ્ત્રાભૂષણ પાછળ ખોટુ ખર્ચ કર્યું ન હોત, સામાજિક ખર્ચાળ રૂઢિઓને અનુસરવાનો ખોટો આગ્રહ રાખ્યો ન હોત તો મારા પતિદેવ માટે આવો પ્રસગ જ ઉભો ન થાત માટે, પાપની ખરી અધિકારીણી હુ છુ. મને પ્રાયશ્ચિત આપી શુદ્ધ બનાવો.'

એ સાંભળી જીનદાસ શેઠે ઉભા થઈ વિનતિ કરી 'મહારાજ! મને પણ પ્રાયશ્ચિત આપો, કારણ કે એ પાપમાં મારી પણ જવાબદારી ઓછી નથી સંઘપતિ તરીકે મારી ફરજ સર્વ જ્ઞાતિબંધુઓનું ધ્યાન રાખવાની છે, હુ એ ફરજ અદા કરવામા ચૂક્યો અને આ ભાઈને પરાધિનતાથી આ પ્રમાણે કરવું પડ્યું ખર્ચાળ રીતો માટે પણ શ્રીમંતો જવાબદાર છે અને શ્રીમંતો પહેલ કરીને અને ખર્ચાળ રૂઢિઓ પાડી નાખીને તો ગરીબોને નકામું ખેંચાવું પડે નહિ અને ચોરી કરવાની સ્થિતિમાં

મૂકાવું પડે નહિ માટે ગુરુદેવ, મને પણ આ માટે પ્રાયશ્ચિત આપો.'

ધારાનગરીના નરેશ પણ વ્યાખ્યા પરિષદમાં હાજર હતા, આ બધું સાંભળીને તેમને થયું કે આ રાજ્યમાં થતા અનેક પાપોનો જવાબદાર હું જ છું. પ્રજાને સચ્ચારી અને શિક્ષિત ન બનાવવાને લીધે, ખર્ચાળ રૂઢીઓને તોડવાના પ્રજાહિતના નિયમો ન બનાવવાને કારણે અને કોઇ પણ પ્રજાજન કામધંધા વગરનો ન રહે તે પ્રતિ બેદરકારી સેવવાના પરિણામે જ સમાજમાં આવા પાપો વધતાં જ જાય છે. તે માટે હું જ જવાબદાર ગણાઉં, એટલે આ પાપનું પ્રાયશ્ચિત આપી, મને શુદ્ધ બનાવો.'

છેવટે મુનિરાજે ફરમાવ્યું, 'ભાઇઓ, તમારા બધાના અપરાધ કરતાં મારો અપરાધ મોટો ગણાય; કેમ કે સાચી પરિસ્થિતિ જાણવાનો અને તેને સુધારવાનો મેં કદી પ્રયાસ કર્યોજ નથી. મારી પોતાની માન પ્રતિષ્ઠા વધારવા માટે ખોટા આડંબરી અને આશ્રી ઉત્સવો ઉભા કરવામાં જ મે મારાં સમય અને શક્તિનો દુરૂપયોગ જ કર્યો છે. તે માટે હું પ્રાયશ્ચિતનો સાચો અધિકારી છું.'

મુનિરાજ, ધારાનરેશ, જીનદાસ શેઠ, વણિકની ધર્મપત્ની અને વણિક ક્રમશઃ પોતપોતાની ભૂલ માટે પ્રાયશ્ચિત લઇ શુદ્ધ બન્યા.

કુદરતી વસ્તુઓ પર અધિકાર !

વહેતી હવા બધા માટે છે. બધા તેનો ઉપયોગ કરી શકે છે. તેના પર કોઇ અધિકાર જમાવી, બીજાને શ્વાસ લેવા ન દે તો કેવી અવ્યવસ્થા ફેલાય ! નદીના વહેતા નીર સર્વની તૃષા શાન્ત

ફરે છે પશુ, પક્ષી, માનવ, સર્વ કોઈ પોતપોતાની ઇચ્છાનુસાર અપ્રતિબંધપણે નદીના નિર્મળ નીરનો ઉપયોગ કરે છે આમ છતાં કોઈ એક માનવી તેના પર અધિકાર જમાવે અને પશુ, પક્ષી કે માનવીને તેમાંથી પાણી ન પીવા દે તો? વનના ફળ-ફૂલ અને ઘાસને પશુ-પક્ષીઓ પોત પોતાની ક્ષુધા મુજબ આરોગે છે તેમાં કોઈ જાતનો પ્રતિબંધ નથી, વૃક્ષની છાયાનો ઉપયોગ સૌ કોઈ એક સરખી રીતે જ કરે છે, તેના પર કોઈ તાળું મારતું નથી, આ રીતે જેમ હવા, પાણી, વગેરે કુદરતી વસ્તુઓ પર કોઈ અધિકાર જમાવે તો દુનિયામાં અવ્યવસ્થા ફેલાય, જીવવું અશક્ય થઈ પડે તેવી જ રીતે ધન, ધાન્ય, આદિ કોઈ વસ્તુ પર પણ કોઈનો વિશિષ્ટ અધિકાર ન હોવો જોઈએ, તેના ઉપયોગનો સૌનો સમાન અધિકાર હોવો જોઈએ. જ્યારથી માનવીએ કુદરતી આ વસ્તુઓ પર માલિકી હક જમાવ્યો, ત્યારથી દુનિયામાં અવ્યવસ્થા ઊભી છે જે વસ્તુ કુદરત ઉત્પન્ન કરે છે તેના પર પોતાનો અધિકાર, માલિકી હક ઠોકી બેસાડવો તે ચોરી ન કહેવાય તો બીજું શું કહેવાય? આજે તમો 'માલિકી હક અને અધિકાર'ની દુનિયામાં રહો છો, એટલે કદાચ તમોને આ કથન જરા ભારે લાગશે, પરન્તુ પશુ પક્ષીની જેમ તમારું જીવન કુદરતી અને માલિકી હક વિનાનું બને ત્યારે કુદરતી વસ્તુ પર અધિકાર જમાવવાની વાતો પર રસ્તુ આવ્યા વિના નહિ રહે.

ચોરીનું અંતરંગ કારણ

[illegible] દર્દ મટાડવા માટે ચિકિત્સક દર્દના કારણો પ્રથમ નિદા-[illegible] છે, કારણો જાણ્યા વિના નિદાન બરાબર થઈ શકતું નથી તેમજ રોગ મટાડી શકાતો નથી તેવી જ રીતે આજે સમાજમાં જે ચોરીનો રોગ વધી ગયો છે, તે દૂર કરવો હોય તો એના [illegible]

કરવાની વધતી જતી મનોવૃત્તિનુ મૂળ તપાસવાની જરૂર છે. ચોરીનુ અન્તરંગ કારણ તપાસશો તો તમોને લાગશે કે તેનુ મૂળ આજે વધતી જતી દ્રવ્ય લોલુપતામા રહેલુ છે. આજે જેમની પાસે પચાસ રૂપીઆ છે તેને સો મેળવવાની લાલસા છે. સો છે તેને હજાર એકઠા કરવાની તાલાવેલી લાગી છે; હજાર છે તેને દશ હજાર અને દશ હજાર છે તેને લાખ એકઠા કરવાની તમન્ના છે. આ તાલાવેલી અને તમન્નામાં નીતિ, પ્રમાણિકતા બધુ તે ભૂલી જાય છે અને 'યેન કેન પ્રકારેણ' ધન એકઠું કરવામા તે રચ્યોપચ્યો રહે છે. આ રીતે 'દ્રવ્ય લોલુપતા' જ ચોરીનુ અંતરંગ કારણ છે.

ચોરીના બાહ્ય કારણો

ચોરી થવાના બાહ્ય કારણો મુખ્યત્વે ચાર છે. બેકારી એ ચોરીનુ એક કારણ છે. ધધો રોજગાર ન મળવાથી, બેકાર બની જવાથી અને આજીવિકા ચલાવી ન શકવાથી, કેટલાયે માણસો ચોરીને માર્ગે વળે છે જો કે પ્રમાણિક અને ખાનદાન માણસો મરવુ પસદ કરે છે, પરન્તુ ચોરીનો માર્ગ ગ્રહણ કરતાં નથી, પણ આ સખ્યા બહુ જૂજ છે અને ઘણોખરો વર્ગ બેકારીથી કંટાળી, કામધધો કરવાની ઇચ્છા છતા કામ ન મળવાથી, આખરે 'ચોરી' કરીને પેટનો ખાડો પૂરો કરવા પ્રેરાય છે.

ઉડાઉપણુ પણ 'ચોરી' કરવાનુ શીખવે છે. મોટે ભાગે શ્રીમન્તાઇમા માનવી ઉડાઉ બને છે. એક વખત હાથ છૂટો થઇ ગયા પછી, તેને સંકોચવો મુશ્કેલ થઇ પડે છે. ઉડાઉ પાસે પૈસા ટકતો નથી અને જ્યારે નિર્ધન બને છે, ત્યારે તે પોતાની ઉડાઉપણાની ટેવને લીધે ચોરી કરવા લાગે છે. કેટલાંક માણસો જુગાર, સટ્ટો ફીચર, વગેરેમા ધન ગુમાવી બેસે છે, ત્યારે તેઓ કફોડી સ્થિતિમાં મુકાય છે. આવા માણસોને કામધધો કરવો ગમતો નથી અને

તેથી છેવટે ચોરી કરવી શરૂ કરે છે. કેટલાક માણસો કુવ્યસનમા ધન બધુ વેડફી દે છે અને પછી કુવ્યસનની પૂર્તિ માટે તેને ચોરી કરવી પડે છે. દારૂ-ભાંગનું વ્યસન કે અસદાચારી જીવન, વગેરે ખોટા વ્યસનો છે. કેટલાક માણસો લગ્નાદિ પ્રસગોમા પોતાના ગજા ઉપરાંત કરજ કરીને ખર્ચ કરે છે અને પછી કરજ ભરપાઇ કરવા અને ચાલુ ખર્ચને પહોચી વળવા તે ચોરીનો માર્ગ ગ્રહણ કરે છે. આ રીતે કોઇ પણ પ્રકારનુ ઉડાઉપણુ કે નિરર્થક ખર્ચ માણસને અનૈતિક માર્ગે દોરી જાય છે. દુનિયાની નજરમા જે ચોરી ગણાય છે તે જાતની ચોરી તેઓ ન કરે તો પણ શોષણની અને અનીતિની સભ્ય ચોરીના માર્ગે તો તેઓ વળે છે જ.

ચોરીનુ ત્રીજુ કારણ છે માન-પ્રતિષ્ઠા માણસો માન મેળવવા કે મોટા ભા કહેવડાવવા લગ્નાદિ પ્રસગોમાં પુષ્કળ ખર્ચ કરે છે. દાનમા મોટી મોટી રકમો નોધાવે છે, પરન્તુ આ બધુ ધન તેઓ મેળવે છે કેવી રીતે? શુ તેઓ શરીરે પરસેવો ઉતારીને એટલુ બધુ ધન કમાય છે? તેઓ ખોટા ધધા કરીને અને પ્રજાનુ શોષણ કરીને જ તેટલુ ધન કમાયેલા હોય છે

ચોરીનુ ચોથુ કારણ છે સ્વભાવ અશિક્ષા અને કુસગતિને લીધે કોઇ કોઇ માણસોને ચોરીની ટેવ પડી જાય છે

ચોરીના આ કારણો પૂ જવાહરલાલજી મહારાજે પોતાના અસ્તેય વ્રતમા દર્શાવેલ છે. સુવ્યવસ્થિત રાજ્ય આ તમામ પ્રકારની ચોરીને અટકાવી શકે [illegible] બેકારી, કુવ્યસન, સામાજિક કુરીતિઓને [illegible], પ્રજાને [illegible] શિક્ષણ આપી, સરકાર પોતાની પ્રજાનું નૈતિક ધોરણ ઊંચુ લાવી શકે છે

સંતોષ વૃત્તિ કેળવો

ચોરીનુ [illegible]

બીજા પ્રકારની ચોરી કરે છે તે ચોર જ ગણાય.

પ્રતિરૂપક વ્યવહાર: વસ્તુમાં સેળભેળ કરવી કે અસલી માલને બદલે નકલી વસ્તુ બનાવીને વહેચવી તે 'પ્રતિરૂપક વ્યવહાર' નામનો પાચમો અતિચાર છે. આજે લગભગ દરેક ચીજોમા સેળભેળ થતી જોવામાં આવે છે. ઘીના વ્યાપારીઓ ઘીમાં કહેવાતા વનસ્પતિ ઘીની સેળભેળ કરે છે. દુધવાળા દુધમાં પાણી નાખે છે. ખાડમાં લોટ નાખવામા આવે છે. કપડા ધોવાના સોડામાં, ચુનો ભેળવવામાં આવે છે. જીરામા અને અજમામાં તેવા રગની માટી નાખવામાં આવે છે. છીગમા કેવા પ્રકારની મિલાવટ કરવામા આવે છે તે બાબતમાં 'હરિજન બધુ'મા માહિતીપૂર્ણ લેખ થોડા સમય પહેલા આવ્યો હતો. ઘાસને જીરા જેવા આકારમા કાપવાના કારખાનાઓ ચાલે છે. ઘાસના જીરા જેવડા ટુકડાઓ તેમા કરવામા આવે છે અને પછી તેના પર ગોળનુ પાણી છાટવામા આવે છે. આ રીતે જીરા જેવુ છરૂ તૈયાર થાય છે. આ બનાવટી જીરાની થેલીઓ ભરાય છે અને જીરાને બદલે વહેચાય છે! ખાવાના તેલમા શુદ્ધ કરેલુ ગધ વગરનુ ક્યાસતેલ ભેળવવામા આવે છે. આ તો નૈતિક પતનની પરાકાષ્ટા છે. ખાદ્ય પદાર્થોમા આવી ઝેરી વસ્તુઓનુ મિશ્રણ કરવુ એ તો બહુ જ ભયકર ગણાય હમણા મરીના ભાવો બહુ વધી જવાથી, વેપારીઓ પપૈયાના બી તેમા ભેળવવા લાગ્યા છે. ઉનનુ વજન વધારવા તેમા રાખ નાખવામા આવે છે. ધઉ, ચણા, બાજરી વગેરેમા ભેળવણી કરવા માટે તે રગના કાકરાનો તો રીતસરનો વેપાર ચાલે છે! જે હિન્દના નૈતિક ધોરણ માટે વિદેશોમા ઘણુ માન હતુ તે દેશનુ નૈતિક ધોરણ આજે ઘણુ નીચુ ઉતરી ગયુ છે. દવાઓ પણ નકલી બની ગઈ છે. એક ડાક્ટર કહેતા હતા કે સીબાઝોલ (Cibazol)ની ગોળીઓને બદલે દવાના વેપારીઓ ચાકની ગોળી બનાવી, તેને સીબાઝોલની છાપ મારીને વેચે

છે, તેવીજ રીતે હમણા ટાઇફોડની 'ક્લોરો માઇસીન' નામની નવી ગોળીઓ નીકળી છે અને જેની સારી અસર ટાઇફોડ ઉપર થાય છે. તેની નકલી બનાવટ પણ બજારમા બહુ પ્રમાણમાં વધી ગયેલ, છે, જ્યારે આ ગોળીઓની કિંમત બહુ વધી ગયેલ, ત્યારે ખાલી થયેલ શીશીઓ ૪૦-૪૦ રૂ. મા વેચાતી હતી, આ શીશીઓમા નકલી ગોળીઓ ભરાતી હતી અને અસલના ભાવે વેચાતી હતી! નૈતિક અધપતનની આ તો સીમા જ આવેલી ગણાય માંદા માણસના ઉપયોગમાં આવનારી વસ્તુઓમાં પણ આ જાતની મેળવણી થાય તે ખરેખર હિન્દ જેવા ધર્મપ્રધાન દેશ માટે શરમાવા જેવુ છે.

છાપાઓમા ખોટી જાહેરખબર આપવી અથવા વસ્તુમાં જે ગુણ ન હોય તેવા ગુણો અતિશયોક્તિથી જાહેર કરવા તેનો પણ આ અતિચારમાં સમાવેશ થાય છે

ભગવાને નિષેધેલ આ અતિચારોનો પ્રજા ત્યાગ કરે તો આ સંસાર સ્વર્ગ બનવા પામે. આ તમામ અતિચારોથી મુક્ત બનવામા જ સૌનુ શ્રેય સમાયેલુ છે.



૪. બ્રહ્મચર્ય મર્યાદા વ્રત

[સ્વસ્ત્રી સંતોષ–પરદારા વિરમણ વ્રત]

આ વ્રતની આવશ્યકતા

વરાળયંત્રના બોયલરમાં વરાળ એકઠી કરવામાં આવે છે, તેથી ભારેમાં ભારે ગાડીઓ ખેંચવાની અપાર શક્તિ વરાળયંત્રમાં આવે છે, પણ જો તે વરાળને એકઠી કરવામાં ન આવે તો તે વિખેરાઇ જાય છે અને નાશ પામે છે. વરાળને વરાળયંત્રની બહાર જવા દેવામાં આવે તો તે પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસે છે અને હવામાં ભળી જાય છે.

તેવું જ અંતરની શક્તિઓનું છે. જો તેને છૂટી મૂકવામાં આવે તો તે પણ વેડફાઇ જાય છે. તે શક્તિઓને સાચવી રાખવા માટે સંયમની આવશ્યકતા છે. બ્રહ્મચર્યના ભંગથી આત્મિક શક્તિઓ વેડફાઇ જાય છે. જ્યારે ઇન્દ્રિયોના સંયમથી શક્તિઓનો સંચય થાય છે અને તે વડે મહાન અદ્‌ભુત કાર્યો કરી શકાય છે, માટે બ્રહ્મચર્ય વ્રતની આરાધના મહત્ત્વની છે.

સદાચાર : જીવનનો પાયો

સદાચારનું પાલન એ જ માણસના જીવનનો પાયો છે. માણસમાં વિદ્વત્તા હોય કે ન હોય, તેની પાસે લક્ષ્મી હોય કે ન હોય, પરન્તુ તેનામાં ચરિત્ર તો અવશ્ય હોવું જોઇએ. સ્પેન્સરના શબ્દમાં

કહીએ તો 'Not education, but character is man's greatest need and man's greatest safeguard—શિક્ષણ નહિ, પણ ચારિત્ર જ માણસની મોટામાં મોટી જરૂરીઆત અને સૌથી વધુ સંરક્ષણ છે.' એક વિદ્વાને કહ્યું છે કે Character is a diamond that scratches every other diamond ચારિત્ર એ એક હીરા સમાન છે–જે વડે બીજા પથ્થરો પણ તોડી શકાય છે, તેનો અર્થ એ છે કે અન્ય તમામ બળોને ચારિત્ર બળ મહાત કરી શકે છે.

બ્રહ્મચર્ય એટલે આત્માની શોધમાં ચર્યા

શ્રી મહાવીર પ્રભુએ ફરમાવેલ છે કે,

मूलमेय माहम्मस्स महा दोष समुस्सय
तम्हा मेहुण संसग्ग निग्ग था वज्जयं तिणं ॥

ઇન્દ્રિયોના અસંયમ તે અધર્મનું મૂળ છે. અબ્રહ્મચર્ય મહાન દોષોનો સમુદાય છે, તેથી સાધક પુરુષે અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો જોઈએ. બ્રહ્મચર્યનો મૂળ અર્થ છે બ્રહ્મની એટલે સત્યની કે આત્માની શોધમાં ચર્યા, બ્રહ્મચર્ય એટલે તે શોધને લગતો આચાર.

આ વ્રતનું પાલન આપણને દુષ્કર લાગે છે, પણ જો નાના [illegible] આ વ્રતની આરાધના કરવામાં આવે તો આ વ્રતનું પાલન [illegible] નથી [illegible] આ વ્રતનું પાલન કરવું [illegible] છે, પણ [illegible] તેનું પાલન કરવું [illegible], પરન્તુ [illegible] [illegible] ત્યાં [illegible] તો [illegible] [illegible]

સ્વામી વિવેકાનદનો પ્રસગ છે. એકવાર તેઓ જર્મન પડિત ડાયસનને ત્યાં જમવા ગયા હતા. તેમના ટેબલ પર એક પુસ્તક પડ્યુ હતુ. સ્વામીજી તેને એકવાર ફેરવી ગયા અને પછી ડાયસન સાથે વાતો કરતાં, તે પુસ્તકના ઉતારા કહેવા લાગ્યા ડાયસને આશ્ચર્ય સાથે સ્વામીજીને પૂછ્યુ કે, 'તમે આ પુસ્તક ક્યારે વાચ્યુ?' વિવેકાનદે જવાબ આપ્યો. 'થોડીવાર ઉપર જ' થોડીવારમાં આખુ પુસ્તક વાંચી નાખ્યાનુ જાણી, ડાયસનને નવાઇ લાગી વિવેકાનદે કહ્યું, 'હુ પરિચ્છેદ પરિચ્છેદ વાંચુ છુ.' નાનુ બાળક એક એક અક્ષર વાંચે છે, મોટા માણસની નજરમા આખી ચે લીટી એકદમ સમાઇ જાય છે, પરન્તુ વિવેકાનદની આખો તો આખો યે આખો પારીગ્રાફ એકદમ વાચી શકતી હતી. આ શક્તિ ક્યાથી આવી? બ્રહ્મચર્યમાથી, ઇન્દ્રિય નિગ્રહ અને મનના સયમમાથી આવી શક્તિ ઉદ્દભવે છે. લોકમાન્ય તિલકની આખોમાં જેવી તેજસ્વીતા હતી તેવી તેજસ્વીતા ભાગ્યેજ કોઇની આંખમા હશે આવી તેજસ્વીતા પણ સયમમાંથી આવે છે. એક સમયે એક બ્હેન લોકમાન્ય પાસે અરજી લખાવવા આવી. તેની વાત સાભળીને લોકમાન્યે અરજી લખી આપી, પણ તેમણે ઉચુ મોઢુ કરીને જોયુ ન હતુ કે એ બાઇ કોણ હતી. મહાત્માજીએ છત્રીસમે વર્ષથી જ બ્રહ્મચર્ય પાળવુ શરૂ કર્યુ હતુ અને તે સયમની તાકાત વડે જ તેઓ ચાલીસ કરોડની વિશાળ પ્રજાવાળા દેશને ગુલામીમાથી મુક્ત કરવાના કાર્યમા સફળતા મેળવી શક્યા હતા.

બ્રહ્મચર્ય એટલે બધી ઇન્દ્રિયોનો સંયમ

આત્માના શુદ્ધ સ્વરૂપમા વિચરવુ તે બ્રહ્મચર્ય. બ્રહ્મચર્ય એટલે જીવનસ્પર્શી પૂર્ણ સયમ પાચે ઇન્દ્રિયોના વિષયોનો સયમ કરવો આત્મભાવમા રમણતા કરવી, તે શુદ્ધ સદાચાર–શુદ્ધ સ્વભાવ. બધા આશ્રવના સ્થાનનો પૂર્ણ નિરોધ તે શીલ. ચોથુ વ્રત સદાચાર માટેનુ

છે, સદાચાર આપણા જીવનનો પાયો છે. બ્રહ્મચર્ય ભંગથી વીર્યનો નાશ થાય છે અને તેથી મનુષ્ય વીર્યહીન, પુરુષાર્થહીન અને બળહીન બને છે. પુરુષાર્થહીન પ્રજા ધર્મને કેવી રીતે આચરી શકે? બાયલાગીરી પ્રજા દેશનો ઉદ્ધાર કેવી રીતે કરી શકે? નબળી પ્રજા આત્મ-પ્રગતિ કેવી રીતે કરી શકે? બળહીન પ્રજાથી આ પૈકી કશું જ બની શકતું નથી, બળનો મુખ્ય આધાર બ્રહ્મચર્ય ઉપર જ રહેલો છે.

બ્રહ્મચર્યના પાલન માટે સંયમની જરૂર

બ્રહ્મચર્યના પાલન માટે વધુ ને વધુ સંયમી જીવન ગાળવાની જરૂર છે કે વિકારોથી દૂર રહેવા માટે, વિલાસી વાતાવરણથી દૂર રહેવું જોઈએ પોતાના ઘરમાં વિકારોત્તેજક ચિત્રો ન રાખવા જોઈએ તેવા ખાનપાન, વાર્તાલાપ, સાહિત્ય વાંચન અને સંગીત શ્રવણથી દૂર રહેવું જોઈએ. વિજ્ઞાનના આ યુગમાં પતંગિયા રોશનીના દીવા પર પડે તેમ આજના નાટક અને સિનેમાની પાછળ પડ્યા છે. નાટક અને સિનેમાના દૃશ્યો સંયમી જીવન માટે [illegible] આ પ્રકારની આરાધના [illegible]

કામભોગ સર્વે અનર્થોની ખાણ

છે, કે, 'खाणी अणत्थाणउ कामभोगा અર્થાત્ કામભોગ અનર્થની ખાણ છે. આ પાંચ વિષયોમાંથી એક એક વિષયને આધીન થનારને પણ જીંદગીનો ભોગ આપવો પડે છે, તો સર્વ વિષયોને આધીન થનારની તો દશા કેવી થાય? શબ્દને વશ થઇ સર્પ મદારીને હાથે પકડાય છે અને પરાધીન બને છે. રૂપને વશ થઇ પતગિયું અગ્નિ ઉપર પડીને, બળીને ભસ્મ થઇ જાય છે. ભ્રમર ગંધને આધીન બની, પુષ્પમાં બીડાઇ જઇ નાશ પામે છે. ગજ અર્થાત્ હાથી સ્પર્શને આધીન બની, ખાઇમા પડે છે અને મરણ પામે છે. રસને આધીન બની જાળના કાંટાઓમા મત્સ્ય પગેવાઇ જાય છે. આ પ્રાણીઓ સહજ ભાવે શબ્દાદિ વિષયોને ભોગવવા જતાં, ભોગ ભોગવતા પહેલા જ ભોગનાં ભોગ થઇ પડે છે, એકજ વિષયને આધીન થનારની આ દશા થાય છે, તો માનવ પાચ ઇન્દ્રિયોના વિષયમાં તીવ્ર આસક્તિ રાખે, તે માટે હિંસાદિ અઢાર પાપનુ સેવન કરે તો તેની કેવી કરુણાજનક સ્થિતિ થવા પામે! બીજાના ગુલામ થવામા માણસને શરમ ઉપજે છે તેથી વધુ શરમ વિષય-કષાયના ગુલામ થવામા ઉપજવી જોઇએ, કેમ કે ગુલામી દશા તો શારીરિક વિકાસ અટકાવે છે, પરન્તુ વિષય-કષાયની ગુલામી તો આત્મિક વિકાસ અટકાવે છે-આત્માને અવનતિ તરફ દોરી જાય છે.

કુશીલ જીવન કનિષ્ઠ જીવન

કુશીલ જીવન માટે શ્રાપ સમાન છે. પર્વત ઉપરથી કાચની બરણી પડે તો તેના ચુરેચુરા થઇ જાય છે તેમ જીવનમાં સદાચાર ન હોય તો પણ જીવન નષ્ટ થઇ જાય છે. અસદાચાર કીંપાક ફળ સમાન દુઃખદાયક છે. કીંપાક ફળ દેખાવમાં સુંદર, સ્વાદમાં મધુર, સ્પર્શમાં સુવાળુ હોય છે, પરન્તુ તે ખાનાર માટે મૃત્યુ-દાયક નીવડે છે તેવી જ રીતે માનવી વાસનાતૃપ્તિમા સીકાર

અનુભવે છે, પણ પરિણામે તે દુઃખદાયક જ નીવડે. માટે શરૂઆતમાં આનંદદાયક લાગતા, પણ આખરે દુઃખદાયક વિષયોથી દૂર રહેવામાં જ ખરી સમજણ રહેલી છે.

આત્મવિકાસ માટે બ્રહ્મચર્યની જરૂર

આપણું ધ્યેય આત્મપ્રાપ્તિનું છે અને તે માટે બ્રહ્મચર્યના પાલનની ખાસ જરૂર રહે છે. ઉપનિષદ પણ કહે છે કે, **नायमात्मा बलहीनेन लभ्य:** અર્થાત્ બળહીન મનુષ્ય આત્મપ્રાપ્તિ કરી શકતો નથી. શાસ્ત્રોમાં મોક્ષનો અધિકાર 'વજ્ર ઋષભ નારાચ સંઘયણ'વાળાને જ આપવામાં આવ્યો છે તેથી પણ સિદ્ધ થાય છે કે આત્મપ્રાપ્તિ માટે શરીરબળની આવશ્યકતા છે અને તે બ્રહ્મચર્યથી પ્રાપ્ત થઈ શકે છે.

બ્રહ્મચર્ય જીવનને ઓજસ્વી બનાવે છે

જીવનને તેજસ્વી બનાવવા માટે બ્રહ્મચર્ય એ જ [illegible] સાધન [illegible], મનમાં તેજ ભરવામાં આવે છે અને તેને વારંવાર [illegible] કરવામાં આવે છે, ત્યારે તે પ્રકાશ પાથરે છે, પણ તે માનવને [illegible] તો તેજ [illegible] થવાને બદલે નહિ [illegible] થવાથી. [illegible] પોતાને તેજસ્વી બનાવે, [illegible] તો તેજ [illegible] છે અને તેજ જીવનને તેજસ્વી બનાવે [illegible] તો તેની [illegible] જીવનને [illegible]

[illegible]

અને નર્વસ્ટ્રેન્થ અર્થાત્ શારીરિક શક્તિ અને સ્નાયુની શક્તિ. શરીરને પૂર્ણપણે સ્વસ્થ અને બળવાન રાખવા માટે આ બન્ને શક્તિઓની આવશ્યકતા છે. સાત્વિક ખોરાક, વ્યાયામ, વગેરેથી શારીરિક શક્તિ સંગ્રહીત થાય છે, જ્યારે શરીરમાં ઝીણા ઝીણા જ્ઞાનતંતુઓ છે તેની શક્તિ તો બ્રહ્મચર્યથી જ વધે છે. બ્રહ્મચારીની બુદ્ધિ પણ તેજ થવા પામે છે. આ વ્રતનો આરાધક મનુષ્ય સાહસિક, વીર, બળવાન, બુદ્ધિમાન અને તેજસ્વી બને છે. તેનામાં ત્યાગ કરવાની શક્તિ પણ આવે છે. કેવળ એક ઇન્દ્રિયનો જ નહિ, પણ પાંચે ઇન્દ્રિયોનો સંયમ રાખવાથી આ જાતની શક્તિઓ પ્રાપ્ત થાય છે.

આ વ્રતના અતિચારો

આ વ્રતના પાંચ અતિચાર છે **परविवाह करणेत्वर परिगृहिता ऽ परिगृहिता गमना ऽ नंग क्रीडा तीव्र कामाभिनिवेशा.** અર્થાત કોઈના લગ્ન, વિવાહ, આદિ કામમાં રસ ન લેવો અથવા કોઈને લગ્નાદિ માટે પ્રેરણા ન કરવી, પોતાની પરણિતા સ્ત્રી નાની ઉંમરની હોય તો તેની સાથે અથવા લગ્ન થયા ન હોય એવી વ્યક્તિ સાથે સંયમ રાખવો, ઉદયમાન વિકારોનું ઉપશમન કરવું અને અપ્રાકૃતિક કર્મ ન કરવું. ચોથા વ્રતના આ પાંચ અતિચારો છે અને બ્રહ્મચર્યના પાલન માટે ઉપરના કાર્યથી દૂર રહેવું ઘટે છે.

મર્યાદિત બ્રહ્મચર્ય

જૈન યુવક અને યુવતીએ ૨૦ અને ૧૮ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્ય પાલન કરવું જોઈએ. જૈન ગૃહસ્થે બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ ને ચૌદસ ઉપરાંત અષાડ ચોમાસી, કાર્તક ચોમાસી અને ફાગણ ચોમાસી-એ ત્રણ અઠાઈમાં આઠ આઠ દિવસ તથા પર્યુષણ મહા

પર્વના આઠ દિવસ—એમ ચાર અઠવાડિયા બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. આસો અને ચૈત્ર માસની બન્ને આયંબીલની ઓળીઓના નવ નવ દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. દિવસના ભાગમાં તો અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. કૃત્રિમ ઉપાયોથી નહિ, પણ સંયમથી જ ગૃહસ્થે સંતતિનિયમન કરવું જોઈએ.

આદર્શ દૃષ્ટાંત

વિવાહિત જીવનમાં પણ દંપતિ, ધારે તો, પૂર્ણ બ્રહ્મચારી તરીકે જીવન જીવી શકે છે તેનો જ્વલંત દાખલો વિજયશેઠ અને વિજયાશેઠાણીનો છે. કૌશાંબીનગરના ધનવાન શેઠના તેઓ પુત્ર હતા. તેમનું શરીર સુંદર, બુદ્ધિ તીક્ષ્ણ અને સ્વભાવ નમ્ર હતો. નવયૌવન, શારીરિક સંપત્તિ અને અખૂટ ઐશ્વર્ય તેમની પાસે હોવા છતાં તેમને તે પૈકી કોઈ પર આસક્તિ ન હતી. એક વાર પોતાના પિતાની સાથે તેઓ મુનિદર્શને ગયા; ત્યાં બ્રહ્મચર્ય પરના મુનિશ્રીના પ્રવચનની વિજયશેઠ પર ઊંડી છાપ પડી. વ્યાખ્યાનને અંતે તે મુનિશ્રી પાસે ગયા અને કહ્યું, 'મહારાજશ્રી, હું પૂર્ણ બ્રહ્મચારી બનવા ઇચ્છું છું, પરન્તુ તે [illegible] [illegible] [illegible] કેમ [illegible] [illegible] તે માટે [illegible] [illegible] પૂર્ણ બ્રહ્મચર્ય પાલન કરવાની જ પ્રતિજ્ઞા લેવા ઇચ્છું છું, તો કૃપા કરીને મને આપ પ્રતિજ્ઞા આપો.' વિજયકુમારે [illegible] [illegible] [illegible] [illegible] લીધી.

[illegible] વિજયકુમારી [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

પતિદેવને કૃષ્ણપક્ષમાં બ્રહ્મચર્ય પાલન કરવાની પ્રતિજ્ઞા છે, ત્યારે તે નમ્રતાપૂર્વક બોલી, 'પતિદેવ, આપની જેમ મારે શુક્લપક્ષની પ્રતિજ્ઞા છે, આપણા પરમ સદ્‌ભાગ્ય છે કે આપણને બ્રહ્મચર્ય વ્રત પૂર્ણપણે આરાધવાની અમૂલ્ય તક મળી છે; તેને સહર્ષ વધાવી લઇએ! વિજયકુમારનો આખરી ધ્યેય તો પૂર્ણ બ્રહ્મચર્યનો હતો, સહેજે આ રીતે તે તક પ્રાપ્ત થઇ, તે તકને વધાવી લઇ, તેઓએ બ્રહ્મચર્યનું પાલન આજીવન કર્યું!

આ આદર્શ જેટલા પ્રમાણમાં બને તેટલા પ્રમાણમાં અનુકરણ યોગ્ય છે.

બ્રહ્મચારી વિશ્વવંદ્ય બને છે

જેઓ પૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે તેઓ વિશ્વવંદ્ય બને છે. શાસ્ત્રોમાં ફરમાન છે કે **देवदाणव गन्धवा, जक्खरक्खस्स किन्नरा, बम्भयारिं नमंसन्ति दुक्करं जे करन्ति तं।** દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિન્નર, ગંધર્વ, સર્વ કોઇ બ્રહ્મચારીની સામે નતમસ્તક બને છે. હાથોથી સમુદ્ર તરવો દુષ્કર છે તેમ એક જીભેથી શીલના લાભો વર્ણવવા મુશ્કેલ છે,

શ્રી સુયગડાંગ સુત્રના છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે **तवेसुवा उत्तम बंभचेरं।** સર્વ શ્રેષ્ઠ તપ તે બ્રહ્મચર્ય છે; માટે જીવનમાં તેની વધુ આરાધના કરવી જોઇએ.

૫. પરિગ્રહપરિમાણ વ્રત

આત્મવિકાસ માટે તૃષ્ણા ત્યાગ જરૂરી છે

મંદાગ્નિના દરદીની પેઠે કોઈક ભાગ્યે જ હોય છે. રોગડાનો ભાગ્ય જેટલું મંદાગ્નિના હાથમાં હોય છે, એટલે વાહન પોતાની મરજી મુજબ ચાલી શકતો નથી. [illegible] સ્થળે તે [illegible], મન !, આદિ કેવા જાણે છે, વિવિધ જાતની મીઠાઈઓ ખાવાની પણ તેને બાબતમાં મન છે. આ જોઈને તેને લેવાનું અને ખાવાનું મન થાય છે ખરું, પરન્તુ રોગડાથી ઘેરાયેલ હોવાથી તે તેમ કરી શકતો નથી. તેવી જ રીતે તૃષ્ણાના રોગડાથી ઘેરાયેલ માનવ મને તેટલી [illegible] પામી શકતો નથી. તૃષ્ણાના [illegible] તોડવા માટે અપરિગ્રહ વ્રત બતાવવામાં આવ્યું છે. આ વ્રતોમાં આ વ્રતનું સ્થાન પાંચમું આવે છે.

આ વ્રતના બે ઉદ્દેશ

અપરિગ્રહ વ્રત [illegible] આત્મવિકાસનો અને બીજો સામાજિક [illegible]

[illegible]

[illegible]

મનુષ્યોને વસ્તુઓની તંગી ભોગવવી પડે છે; સંગ્રહને કારણે સમાજમાં વિષમતા અને અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. તેને દૂર કરવા માટે પણ અપરિગ્રહની આવશ્યક્તા રહે છે.

ઉત્તરાધ્યયન સુત્રના ચોથા અધ્યયનમાં ભગવાન મહાવીર ફરમાવે છે છે—

वित्तेण ताण न लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था।
दीवप्पणट्ठेव अणंत मोहे, नेयाउय दट्ठु मदट्ठु मेव॥

હે પ્રમાદી જીવ! આલોક કે પરલોકની અંદર ધન શરણભૂત થતુ નથી. અંધકારની અંદર દીવો બુઝાઈ જાય તો દેખેલો માર્ગ ન દેખ્યા બરાબર થઈ જાય છે. તેમ પૌદ્‌ગલીક વસ્તુના મોહના અંધકારમાં ન્યાય માર્ગ જોયા ન જોયા સમાન બની જાય છે. મમત્વવૃત્તિના ત્યાગથી જ–નાશથી જ ધર્મ માર્ગને આચરી શકાય છે.

પરિગ્રહ–સર્વ પાપોની જડ

પરિગ્રહ એ સર્વ પાપોની જડ છે; જ્યાં સુધી પરિગ્રહ ઉપર નિયંત્રણ મુકવામાં ન આવે ત્યાં સુધી બીજા પાપો ઘટી શકે નહિ. સંગ્રહખોરી, સંચયવૃત્તિ કે મૂડીવાદ આજના તમામ અનર્થોને ઉપજાવનારા તત્ત્વો છે. કીડીથી માંડીને ગજા સુધી તમામ સંગ્રહ કરવામાં જ મગ્ન છે. માણસો નાના મોટા બીજા ગમે તેટલાં વ્રત નિયમો કરે, પણ મગ્રહવૃત્તિ પર નિયંત્રણ ન લાવે તો તે સાચા અર્થમા પોતાનો વિકાસ સાધી શકે નહિ પરિગ્રહ અન્ય અત્યારે વ્રતને હાનિ પહોંચાડે છે. અન્ય વ્રતો માટે પરિગ્રહ કુહાડા સમાન છે.

અઢાર પાપોમા 'પરિગ્રહ' મોટુ પાપ છે. અન્ય સત્તર પાપ કરનાર તે પાપનુ ફળ પોતે જ ભોગવે છે અને તે પાપોને પોતાની સાથે જ લઈને જાય છે, ત્યારે પરિગ્રહના પાપનુ સેવન કરનાર

પોતે તો તે પાપનો ભાગ માથે લઈને જાય છે, પણ પોતાના સંતાનો માટે પણ તે પરિગ્રહના પાપનો વારસો મૂકતો જાય છે

શંકરાચાર્યે ઠીક જ કહ્યું છે કે, **अर्थं मनर्थं भावय नित्यम्।** અર્થ હમેશાં અનર્થ જ છે.' શાસ્ત્રકારોએ 'અર્થ'ના આટલા બધા અનર્થો બતાવેલ છે, છતાં આ અર્થપ્રધાન યુગમાં અર્થ એટલે પૈસાને જ પ્રાણ માનવામાં આવે છે. પોતાનો પ્રિયજન મરી જાય તો તેના ઘા છ મહીના પછી વીસરી જવાય છે, પણ પૈસાનું નુકસાન થયું હોય તો જિંદગી સુધી ભૂલાતું નથી. માણસને આજે ધન માટે જેટલી તાલાવેલી છે તેટલી ધર્મ કે આત્મા માટે જણાતી નથી. ધનપ્રાપ્તિ માટે માણસ કેટલાંયે ઉજાગરા વેઠે છે. પણ ધર્મ પ્રાપ્તિ માટે કદી કોઈએ આવું [illegible] ધન [illegible] માટે કેટલીયે રાત્રીઓના ઉજાગરા કરે છે, પણ ધર્મ માટે [illegible] ક્યારેય પણ ઉજાગરો કરે છે ખરો?

મહાભારતના શાંતિપર્વમાં પરિગ્રહ વિષે બોલતા યુધિષ્ઠિર [illegible] કહે છે કે, '**तृषा ग्रहणे धन आगतं गोमांसा समान**' તેમનો કહેવાનો આશય એમ છે કે ધનનો આવશ્યકતાથી અધિક સંગ્રહ ગોમાંસની જેમ ત્યાજ્ય હોવો જોઈએ

એક વાર સર્વોદય [illegible] વિનોબા ભાવે [illegible] [illegible]

[illegible]

પરિગ્રહની મમતા આત્મદર્શનમાં અંતરાયરૂપ છે

ઉપનિષદમાં આવે છે કે, हिरण्मयेन पात्रेण, सत्यस्यापहितं मुखम्। तत्त्व पूषन्नपा वृणु सत्य धर्माय दृष्ट्ये। આ એક પ્રાર્થના પદ છે. આમા કહેવામા આવ્યુ છે કે સોનાના ચકચકિત ઢાંકણાંથી સત્યનુ મોઢુ ઢકાઇ ગયુ છે, અને તે સત્યનુ દર્શન થાય તે માટે, હે દેવ! તુ એ સોનાના ઢાંકણાંને દૂર કર. એક ધર્મગુરુ પાસે એક શ્રીમત ઉપદેશ સાંભળવા ગયો અને તેણે પૂછ્યુ, 'ઇશ્વરના દર્શન કેવી રીતે થાય? માણસોને ઇશ્વરના દર્શન કેમ નહિ થતા હોય?'

ધર્મગુરુએ એક કોરા કાગળ ઉપર 'ઇશ્વર' શબ્દ લખ્યો અને શ્રીમતને પૂછ્યુ, 'આ શું છે? શ્રીમતે જવાબ આપ્યો, ઇશ્વર.'

પછી ધર્મગુરુએ લખેલા ઇશ્વર શબ્દ ઉપર સોનામહોર મૂકી અને ફરીથી પુછ્યુ, 'હવે ઇશ્વર દેખાય છે?' શ્રીમતે કહ્યુ કે, 'હવ ઇશ્વર દેખાતો નથી.'

ધર્મગુરુએ શ્રીમતને સમજાવતાં કહ્યું, 'ભાઇ, ઇશ્વર ઉપર આ સોનાનુ આવરણ આવી ગયું છે, તેથી માણસોને ઇશ્વરના દર્શન થતા નથી.'

કહેવાનુ તાત્પર્ય એ છે કે સત્ય પ્રાપ્તિ કે ઇશ્વર પ્રાપ્તિ ન થવાનુ મૂળ કારણ પરિગ્રહની મમતા જ છે. વ્યસની વ્યસનમા મસ્ત રહે છે, તેમ ધનનો વ્યસની પણ ચોવીસે કલાક ધનના નશામા ચકચુર રહે છે. આ સ્થિતિમાં સત્ય પ્રાપ્તિ કેવી રીતે થાય?

પરિગ્રહમાં સામ્યવાદનું મૂળ

પરિગ્રહ ગરીબોને દ્વેષનુ કારણ પણ બને છે. ગરીબોને એમ થાય છે કે, 'અમે મહેનત કરીએ છીએ, છતા પેટ પૂરતો રોટલો

મળતો નથી; શરીર ઢાંકવા વસ્ત્રો મળતાં નથી રહેવા ઘર આદિ નથી ત્યારે શ્રીમન્તો વગર મહેનતે, માત્ર પૈસાને જોરે જ આલિશાન મોટી હવેલીમાં આમનગમન કરે છે. મોટરમાં ફરે છે; આરામ મોજ કરે છે. મેવા મિષ્ટાન્ન ઉડાવે છે. રેશમી કપડાંઓ પહેરે છે આમ તેમના મનમાં દ્વેષ જાગે છે તે દ્વેષનું મૂળ અમર્યાદિત પરિગ્રહ છે યન્ત્રવાદને પરિણામે ઉત્પન્ન અસમાનતા છે આ અસમાનતા જ સામ્યવાદને આવકારી રહી છે. જો લોકો પરિગ્રહની મર્યાદા બાંધે તો અસમાનતા દૂર થાય, દ્વેષનું કોઈને કારણ ન રહે અને સામ્યવાદની જરૂર પણ ન રહે

અનિયંત્રિત તૃષ્ણા દુઃખદાયક છે

ભોગનું સુખ વીજળી જેવું ચંચળ છે, જ્યારે ત્યાગનું [illegible] સૂર્યના પ્રકાશ જેવું સ્થિર છે, [illegible] માનવ ભોગની તૃષ્ણા [illegible] શમતો નથી માણસ ગમે તેટલી [illegible] મર્યાદિત પ્રમાણમાં જ તેનો ભોગવટો કરી શકે છે. [illegible] મોટર ગાડીઓ [illegible] ગાડીઓમાં [illegible]

[illegible]

પૈસામાં સુખ નથી

પૈસાથી સુખ મળે છે એ તો ખરેખર માણસની ભ્રમણા જ છે. એક વિદ્વાને ઠીક જ કહ્યું છે કે, 'The greatest humbug in the world is the idea that money can make a man happy—પૈસો માણસને સુખી કરી શકે છે, એ માન્યતા દુનિયામા મોટામાં મોટી ભ્રમણા જ છે.' સેક્સ-પિયર કહે છે કે, Gold is worse poison to men's souls, doing more murders in this loathsome world, than any mortal drug. અર્થાત્ સોનુ એ માનવના આત્મા માટે ખરાબમાં ખરાબ વિષ છે. આ દુઃખથી ભરેલી દુનિયામા બીજા કોઈ પણ ઝેર કરતાં ધનનુ ઝેર વધારે ખૂનો કરે છે. આ રીતે પૈસો સુખ આપવાને બદલે દુઃખ જ વધારનારો છે.

ખરૂ સુખ વાસના ક્ષયમાં અને સંતોષમાં છે

સંતોષની પ્રાપ્તિ માનવીને થવી સરળ નથી, તે મહા-મૂલ્યવાન વસ્તુ છે. એક પાશ્ચિમાત્ય વિદ્વાને સુંદર કહ્યું છે કે, Contentment is a pearl of great price and whoever procures it at the expense of ten thousand desires, makes a wise and happy purchase સંતોષ એ મહા મૂલ્યવાન મોતી સમાન છે. જે કોઈ દશ હજાર વાસનાઓનું બલિદાન આપીને સંતોષનુ મોતી ખરીદે છે તે ડહા-પણભરી અને સુખવર્ધક ખરીદી કરે છે. યશ, કીર્તિ ધનવૈભવ, સ્થાન, અધિકાર, પત્ની, સત્તા, સારૂ ખાવાની, પીવાની, પહેરવાની વગેરે સેંકડો વાસનાઓનુ બલિદાન આપ્યા વિના સંતોષનુ મોતી ખરીદી શકાય નહિ. કહેવાનુ તાત્પર્ય એ છે કે તમામ વાસનાઓ

જાય ત્યારે જ સંતોષ પ્રાપ્ત થઇ શકે છે વાસના ત્યાગવામાં અને સંતોષવૃત્તિ કેળવવામાં જ ખરૂં સુખ સમાયેલું છે

શ્રીમન્તાઇ ધનમાં નહિ, સંતોષમાં રહેલી છે

માણસ વધુ પૈસા મેળવવાથી કંઇ શ્રીમન્ત નથી બની જતો. પોતાની પાસે જે કંઇ હોય તેમાં જેને સંતોષ રહે છે તે જ ખરેખર શ્રીમન્ત છે. આપણે ત્યાં ષડ્દર્શન કહેવાય છે, ન્યાયદર્શન વૈશેષિક દર્શન, યોગદર્શન, સાંખ્યદર્શન, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા—આ છ દર્શનો છે. યોગદર્શનના કર્તા પતંજલિ મુનિ છે. ન્યાયદર્શનના રચનાર ગૌતમ મુનિ છે. વૈશેષિક દર્શનના કર્તા કણાદ મુનિ છે. તે કણાદ મુનિની મહાન વિદ્વત્તા તો તેમની દર્શનરચના પરથી સ્પષ્ટ જણાઇ આવે છે, પણ અહીં તો તેમની વિદ્વતા વિષે કહેવાનું નથી, તેમની અપરિગ્રહ વૃત્તિ વિષે કહેવું છે. તેઓ સાક્ષાત અપરિગ્રહની મૂર્તિ સમાન હતા. પોતાની પાસે તેઓ કંઇ રાખતા નહિ. ખેડૂતો ખેતરમાંથી પાક લણીને લઇ જાય, નીચે પડેલા દાણાઓ પડી રહી જાય, ત્યારબાદ તે કણ કણ પડ્યા હોય તે વીણી [illegible] કણાદ પોતાનું જીવન ચલાવતા [illegible] પડ્યું [illegible] કણાદનો અર્થ જ [illegible] સંતોષી અને ત્યાગી આવા [illegible] કહેવાય છે

પરિગ્રહ પણ ત્યાજ્ય છે, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, વગેરે આભ્યન્તર પરિગ્રહ છે.

સામ્પ્રદાયિકતા પણ એક પરિગ્રહ છે. ધનવાનોનો ધનનો પરિગ્રહ સ્વ–પરને હાનિકર છે તેમ સાધારણ જનતાનો સામ્પ્રદાયિકતાનો પરિગ્રહ પણ હાનિકર છે. સમ્પ્રદાયો ભલે હોય, પણ સામ્પ્રદાયિકતા ન હોવી જોઇએ. ધર્મનુ ઝનુન તે સામ્પ્રદાયિકતા છે. ધર્માભિમાની નહિ, પણ ધર્મપરાયણ થવાની જરૂર છે. અભિમાન, પછી તે ધનનુ હોય કે ધર્મનું, પણ તે પતનકર્તાજ બને છે. ચદન શીતલ છે, પણ ચદનની આગ શીતલ નથી, ચદનની આગ તો સાધારણ લાકડાની માફકજ માણસને બાળે છે, તેમ ધર્મ લાભદાયી છે, પણ ધર્મનુ ઝનુન હાનિકારક જ છે, તેથી સામ્પ્રદાયિકતાના પરિગ્રહનો પણ ત્યાગ કરવો ઘટે.

સુધરેલા વર્ગમાંથી સામ્પ્રદાયિકતાનો પરિગ્રહ તો ઘટેલો જણાય છે, પણ તેનુ સ્થાન રાષ્ટ્રત્વના પરિગ્રહે લીધુ છે. રાષ્ટ્રિયતા પણ એક જાતનો પરિગ્રહ છે. રાષ્ટ્રિયતાની આજે થતી વ્યાખ્યા બહુ સકુચિત છે. પોતાના રાષ્ટ્રના કલ્યાણ માટે બીજા રાષ્ટ્રોનુ અહિત કરવુ પડે તો તે કરતા પણ ન અચકાવુ—આ છે રાષ્ટ્રિયતાની પ્રચલિત માન્યતા. આ સકુચિત વ્યાખ્યાએ આજે કેટલાયે અનર્થો ઉત્પન્ન કર્યા છે. રાષ્ટ્રિયતાની સાથે વિશ્વબધુત્વની ભાવના ન ભૂલાવી જોઇએ.

મહાત્માજી 'મગલ પ્રભાત'મા લખે છે કે, વસ્તુની માફક વિચારોનો પણ અપરિગ્રહ હોવો જોઇએ. જે વિચાર માણસને સત્યથી વિમુખ રાખે અથવા સત્ય પ્રતિ ન લઇ જતા હોય તે બધા વિચારો પરિગ્રહમાં ખપે અને તેથી ત્યાગવા ઘટે છે. કામ, ક્રોધ, લોભાદિ ષડરિપુઓનો આભ્યન્તર પરિગ્રહમાં સમાવેશ

કરવામાં આવેલ છે.

આ ઉપરાંત મહાત્માજીએ શરીરનું બળ સાચવી રાખવાને પણ પરિગ્રહી કહેલ છે. મહાત્માજી કહેતા હતા કે, શરીરમાં કામ કરવાની જેટલી તાકાત હોય તેટલી [illegible] સુધીમાં [illegible] કરીને ખરચી નાખવી જોઈએ, અર્થાત્ થાક ચડે ત્યાં સુધી સેવાનું કામ કરવું જોઈએ. રાત્રિના સમયમાં કુદરત નવું બળ અને નવી તાજગી ભરવાની જ છે, તો પછી બિનજરૂર તેમજ શરીરની શક્તિના [illegible] ઉપયોગ સેવામાં [illegible] માટે ન કરી લેવો [illegible] પ્રમાણમાં શારીરિક શક્તિ સંઘરી રાખે અને ઉપયોગ ન [illegible] તેટલા પ્રમાણમાં તેનું બળનો પરિગ્રહ કર્યો ગણાય.

આ રીતે આત્મોન્નતિ સાધકોએ પરિગ્રહના વિવિધ [illegible] ઓળખી લેવાના રહે છે અને તેમાંથી મુક્ત બનવું [illegible]

પરિગ્રહ પ્રતિ ઘૃણા કેમ નહિ?

[illegible] વર્ષોથી અપરિગ્રહનો [illegible] આપણે [illegible] સમાજમાં અપરિગ્રહની પ્રતિષ્ઠા [illegible]
[illegible]

સમાજમાં ઘૃણાને પાત્ર કે તિરસ્કારને પાત્ર કેમ નહિ? તેથી ઉલ્ટું, જેમ વધુ પરિગ્રહી તેમ તે સમાજમા વધુ સન્માનને પાત્ર બને છે તેનું કારણ શું?

પરિગ્રહ પ્રતિ આદર જ અનર્થનું મૂળ છે, ધનવાનને માત્ર ધનને કારણે જ્યાં સુધી સન્માન મળ્યા કરશે, ત્યાં સુધી માનવીના હૃદયમાંથી ધનલોભ નાશ નહિ પામે. પરિગ્રહ સર્વથા નાશ થાય તે શક્ય નથી, પરન્તુ સમાજમા તે પ્રતિ જે આદરવૃત્તિ છે તે તો દૂર થવી જ જોઇએ.

ભ્રમભરેલી માન્યતા

લોકો પૈસાવાળાને પુણ્યવાન માને છે, પણ શાસ્ત્રોમાં પુણ્યના નવ ફળમા ક્યાય પૈસાનુ નામ નથી, પણ અઢાર પાપસ્થાનની ગણતરીમા પરિગ્રહને પાંચમુ પાપ માનવામા આવ્યુ છે. શાસ્ત્રકારોએ અઢાર પાપસ્થાનો ફરમાવ્યા છે, પણ આ યુગમા લોકો અઢારને બદલે સત્તર પાપસ્થાન માને છે, પરિગ્રહને પાપના નહિ, પરન્તુ પુણ્યનો પુંજ માનવામાં આવે છે અને વધારામા તે જીવનની સફળતા મનાય છે! આજે તો પરિગ્રહના પાપનુ વધુ સેવન કરનાર વધારે મોટો માણસ દુનિયાની દૃષ્ટિએ મનાય છે. આ યુગની આવી માન્યતા કરુણાજનક છે પરિગ્રહની વૃદ્ધિ માટે, અન્ય સત્તર પાપ કરવા પડે તો તે કરવામા આજે માણસ અચકાતો નથી દુનિયા પરિગ્રહને જ સર્વસ્વ માની બેઠેલ છે તેનુ આ પરિણામ છે.

પરિગ્રહનો સમર્થક એક પ્રશ્ન

કદાચ કોઇ એમ દલીલ કરે કે અમે પ્રમાણિકતાથી પૈસા ભેગા કરીએ તેમા શુ પાપ છે? આ પ્રશ્નનુ નિરાકરણ એ છે કે

પૈસા મેળવવા માટે જૂઠું બોલવામાં ન આવે કે અનીતિનો આશ્રય ન લેવામાં આવે તો તે અસત્ય કે અનીતિના પાપમાંથી બચી જાય છે, પરંતુ પાપમાં પરિગ્રહના પાપમાંથી બચી શકતો નથી. તેથી પ્રમાણિકતા અને સત્યનો આશ્રય લઈને પણ, જરૂરિયાત કરતાં વધુ પૈસા એકઠા કરવાથી 'પરિગ્રહ'નું પાપ તો લાગે જ.

૨૪૯-મમતાનું અંતિમ ફળ

જૈન સાહિત્યમાં મમ્મણ શેઠની એક કથા આવે છે. મમ્મણ શેઠ ઘણા જ સંગ્રહવૃત્તિવાળા હતા, તેની પાસે [illegible] હોવા છતાં, તે કદી ખાતો [illegible] ભોગવતો નહિ. એકવાર [illegible] ની અંધારી અમાવાસ્યાની રાત્રિએ વરસાદ [illegible] હતો, પવન જોરથી ફૂંકાતો હતો, ગાજ અને વીજળીના [illegible] થઈ રહ્યા હતા. નદીઓમાં ઘોડાપૂર આવ્યાં હતાં, [illegible] લોકો પોતપોતાના ઘરમાં સુખે નિદ્રા [illegible]. [illegible] અને રાણી ચેલણા પણ પોતાના રાજમહેલમાં [illegible] બેઠા હતા, તેવામાં વીજળીના [illegible], [illegible] નદીના કિનારે [illegible].

આવ્યો, ત્યારે રાજાએ પૂછ્યું, 'તને શું દુ:ખ છે કે આવી ભયાનક રાત્રિએ તારે આટલું બધું કષ્ટ ઉઠાવવું પડે છે?'

તે માણસે કહ્યું, 'મહારાજ! મારે બળદની જોડી જોઈએ છે, તે માટે હું આ મહેનત કરી રહ્યો છું.'

રાજા શ્રેણીકે કહ્યું કે, 'રાજની રથશાળામાંથી તને જોઇએ તેવી બળદની જોડી તું સવારે પસંદ કરી લેજે, અત્યારે તું સુખેથી સૂઇ જા.'

સવાર પડતાં રાજાએ તેને રથશાળામા બળદ પસંદ કરવા મોકલ્યો, પરન્તુ તે તો બળદ લીધા વિના પાછો આવ્યો.

રાજાએ પૂછ્યું, 'કેમ ભાઇ, બળદ લીધા વિના પાછો આવ્યો?'

તે બોલ્યો, 'મહારાજ! તેમાં એકેય બળદ પસંદ પડે તેવો નથી.'

રાજા આ સાંભળીને વિસ્મય પામ્યો. તેણે પૂછ્યું, ત્યારે તારે કેવા બળદ જોઇએ છે?

તે માણસે કહ્યું, 'મહારાજ, મારે ઘેર પધારો અને મારા બળદ જુઓ, તેવા બળદ મારે જોઇએ છે.'

રાજા શ્રેણીક તે માણસની સાથે ગયા, અંધારા ઘરમાં રાજાએ પ્રવેશ કર્યો, એટલે પેલા માણસે બળદો પર ઓઢાડેલું કપડું લઇ લીધું અને કહ્યું કે, આવા બળદ મારે જોઇએ છે.'

રાજા તો બળદને જોઈને સ્તબ્ધ થઇ ગયો; બળદ સોનાના રત્નજડિત હતા. રાજાએ કહ્યું, 'ભાઇ, આ બળદ તો મારૂ રાજ્ય વેચી નાખું તો પણ મળી શકે તેમ નથી!'

પરિગ્રહ પરિમાણ વ્રત

આટલું કહી રાજા પાછા ફર્યા તે માણસ બીજો કોઈ નહિ પણ મમ્મણ શેઠ. આટલું દ્રવ્ય તેની પાસે હોવા છતાં. તેની મમ-ત્તિ અનહદ હતી. ખર્ચના ભયે બાફેલ ચોળા સિવાય બીજું કશું તે ખાતો ન હતો, એક મમત્વવૃત્તિને કારણે. ત્યાંથી મરીને તેણે નરકના અગણિત દુઃખો પ્રાપ્ત કર્યા. તેના જીવનમાં નહોતા ખાના કે નહોતો વિલાસ તેમનું જીવન તદ્દન સાદું હતું. ના મમત્વવૃત્તિને કારણે તેને નરકવાસ ભોગવવા પડ્યા. મમતાના મમત્વવૃત્તિને કારણે તેને નરકવાસ ભોગવવા પડ્યા. આમ જીવોને આવા દુઃખોથી ઉગારી લેવા માટે ભગવાન મહાવીરે પરિગ્રહ પરિમાણ વ્રત ફરમાવ્યું છે.

ધન ઉપર મમતા–મૂર્છાભાવ રાખવાથી કેટલાક મનુષ્યો [illegible] ધનને [illegible] પામીને તે જ ધનમાં સર્પ થાય છે–તેને [illegible] કોઈ [illegible] જોવામાં આવે છે, ધન પર મમતા રહી જવાને [illegible] જોવામાં આવે છે, ધન પર મમતા [illegible] થવું પડે છે, મધમાખી, ભમરી, [illegible] સ્થાન પણ [illegible] થવું પડે છે, [illegible] યોનિમાં ધનની મમતા [illegible] ગયેલ [illegible]

[illegible]

હોય તેના કરતાં બાર દશગણું વધારે ખુલ્લું રાખે છે. આમ કરવાથી વ્રતનો આશય જળવાતો નથી. ખરું જોતાં આ વ્રત પરિગ્રહ ઓછો કરવા માટે છે. તેનો અર્થ એ છે કે પરિગ્રહ પરનુ મમત્વ ઓછું કરવુ એટલે જે કંઇ હોય તેમાથી પણ ઓછુ કરતાં જવુ, પરિગ્રહ ઘટાડતા જવાથી જ પરિગ્રહ પરિમાણ વ્રત તેજસ્વી બની શકશે. માનવ સમાજને સુખી બનાવવા માટે અને વિવિધ ઘર્ષણોથી મુક્ત કરવા માટે આ વ્રતની અતિ આવશ્યકતા છે.

પાંચમાં વ્રતના અતિચારો

આ વ્રતમા પાંચ અતિચાર છે क्षेत्र वास्तु हिरण्य सुवर्ण धन धान्योदासो–दास कुप्य प्रमाणातिक्रमा । ખેતર, ઘર, ધન–ધાન્ય, દાસ–દાસી, પશુ, ઘરવખરી, વગેરેની બાંધેલી મર્યાદાથી વધુ રાખવુ તે આ વ્રતના અતિચારો છે. આ અતિચારોથી રહિત વ્રતનુ પાલન કરવુ અને પરિગ્રહનુ પરિમાણ ક્રમે ક્રમે ઘટાડતા જવુ–એ આત્મશાન્તિ પ્રાપ્ત કરવાનો અને વિશ્રામ સાધવાનો રાજમાર્ગ છે.

મૂળ વ્રતોની મહત્તા

બાર વ્રતો પૈકી અહિંસા, સત્ય, અચૌર્ય બ્રહ્મચર્ય, અપરિગ્રહ–એ પાંચ વ્રતો મૂળ વ્રતો છે ધર્મરૂપી વૃક્ષના આ મૂળ છે. સામાયિક, પૌષધ, તપ, જપ આદિ નિયમો ઉત્તર વ્રતો તરીકે ઓળખવામાં આવ્યા છે એટલે કે આ વ્રતો અને નિયમો ઝાડની ડાળીઓ કે પાંદડા સમાન છે. માણસ નાના મોટા વ્રતો કરે પરન્તુ મૂળ વ્રત પર ધ્યાન ન આપે તો તે પાંદડે પાંદડે પાણી પાવા જેવુ અને મૂળને સૂકાવા જેવુ થાય કહેવાનુ તાત્પર્ય એ છે કે મનુષ્યે મૂળ વ્રત તરફ પ્રથમ લક્ષ આપવુ જોઇએ.

૬. દિગ્વિરતી વ્રત

છઠ્ઠું દિગ્વિરતી વ્રત

જેના ઘરમાં દીવો બળતો હોય તેના ઘરમાં ચોર પેસી [illegible] નથી, તેમ જેના હૃદયમાં વ્રત, નિયમ અને સંયમ [illegible] પ્રગટેલો હોય તેના હૃદયમાં રાગ, દ્વેષ, કષાય, આદિ [illegible] પ્રવેશી શકતા નથી. આવા પાંચ વ્રતો વિષે આપણે [illegible] ગયા, હવે આપણે છઠ્ઠા વ્રત વિષે વિચારણા કરવાની [illegible]

છઠ્ઠું વ્રત દિગ્વિરતી છે; પોતાની ઈચ્છાશક્તિ પ્રમાણે [illegible] પશ્ચિમ, આદિ સર્વ દિશાઓનું પરિમાણ બાંધી લઈ [illegible] તે પરિમાણની બહાર કોઈ પ્રકારના આરંભ-સમારંભ [illegible] નહીં, તે આ વ્રતનો હેતુ છે. આ વ્રતનો [illegible] મર્યાદાની બહાર [illegible] પાપ પ્રવૃત્તિ [illegible]

પાંચમાં વ્રતની પૂર્તિરૂપ આ વ્રત

તેની ઇચ્છા પ્રવાહમાં ખીલા ખોડી, તંબુ તાણી, નિરાંતે સૂઇ રહેવાની હતી, આ માટે તે હંમેશાં સવારમાં ખીલા અને હથોડા લઇને આવતો અને સાંજ સુધી મહેનત કરતો, પરન્તુ તે એક પણ ખીલો ખોડી શકયો નહિ।

આ માણસને તમો કેવો કહેશો? તેની મૂર્ખાઇ પર તમને હસવું આવશે, પણ તમો પોતે જ તેવી મૂર્ખાઇ કરી રહ્યા છો તેનું તમોને ભાન છે ખરૂં? જે સંસાર-સરિતાના પ્રવાહમાં ચક્રવર્તીઓ અને સમ્રાટો નિરાંતે નથી સૂઇ શકયા ત્યાં તમે આરામથી રહેવાના મનસૂબા ઘડો છો? પાણી સ્થિર નથી, તેમાં ખીલા પણ સ્થિર નથીઃ તેવી જ રીતે તમારા ધન-વૈભવ અને જીવન પણ સ્થિર થતા નથી, ત્યાં તમો તે વડે આરામથી કેવી રીતે રહી શકવાના હતા? અર્થાત્ અસ્થિર-ક્ષણિક વસ્તુ વડે આરામ મેળવવાની ઇચ્છા પાર પડી શકતી નથી.

પાશ્ચિમાત્ય સંસ્કૃતિની અસર

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ છે, આર્ય દેશોએ તે પૈકી બે પુરુષાર્થને પોતાના જીવન ધ્યેય બનાવ્યા હતા. મોક્ષ તેમનું સાધ્ય હતું અને એ ધ્યેયને પાર પાડવા માટે ધર્મ એ સાધન હતું. પાશ્ચિમાત્ય દેશોએ કામને સાધ્ય તરીકે સ્વીકાર્યું અને તેની પૂર્તિ માટે 'અર્થ'રૂપ સાધન અપનાવ્યું. તે કારણ તેમનું જીવન અર્થપ્રધાન બન્યું. આજે આ ધર્મપ્રધાન દેશને પણ તે સંસ્કૃતિની હવા લાગી છે અને તેમનું જીવન પણ અર્થ-પ્રધાન બનતું જાય છે. સમુદ્રમાં સર્વ નદીઓ વીલીન થાય તેમ 'અર્થ'ના મહાસાગરમાં તમામ ધાર્મિક પ્રવૃત્તિઓ અને સદ્‌ગુણો લય પામતા આજે જોવામાં આવે છે.

[illegible]ી હોડધામનું પરિણામ

મનુષ્યમાં બે મોટી વાસનાઓ છે ભોગ અને ઐશ્વર્ય, ઐશ્વર્ય એ [illegible], પ્રભુત્વ, સત્તા એ બે વાસનાઓ [illegible] કરાવે છે આ[illegible] [illegible] [illegible] પણ તેને સંતોષ ન થયો. કારણ [illegible] [illegible] નીકળ્યો [illegible] [illegible] [illegible] ભોગ [illegible] [illegible] [illegible] [illegible].

[illegible]

આવુ જ બીજુ દૃષ્ટાંત જ્ઞાતાસૂત્રમા ફરમાવાયેલ છે જીનરખ અને જીનપાળ નામના બે ભાઇઓને દેશાવર કમાણી કરવા માટે જવાનો વિચાર થયો. તેઓએ પોતાની ઇચ્છા પોતાના માતપિતાને જણાવી. માતપિતાએ કહ્યું, 'આપણી પાસે સાત પેઢી સુધી પણ ન ખૂટે તેટલુ ધન છે, તો પછી દેશાવર ધન કમાવા જવાની અને મહાપરિગ્રહની ભાવના સેવવાની શુ જરૂર છે? મહાપરિગ્રહની ભાવના આત્મકલ્યાણને બાધક છે, નરકાદિ દુર્ગતિમા લઇ જનાર છે, માટે તેવી ભાવનાનો ત્યાગ કરો અને સંતોષવૃત્તિ ધારણ કરી, ધર્મારાધના કરો.'

માતપિતાએ જીનરખ અને જીનપાળને આ મુજબ સલાહ આપી, છતા તેમને તે સલાહ ન રુચી અને તેઓ તો દેશાવર કમાવા માટે નીકળી પડયા. મધદરિયે તોફાન થયુ અને વહાણ ડૂબ્યુ. પુણ્ય યોગે બને ભાઇઓના હાથમા લાકડાનુ પાટિયુ આવી ગયુ, તેને પકડીને તેઓ દરિયાને કિનારે પહોચ્યા, પરન્તુ જીનરખ તો તે સ્થાનના મોહમયી અને વિષયી વાતાવરણમા ફસાઇ ગયો. અને આખરે મરણ પામ્યો. જીનપાળના હૃદયમા અકસ્માતે પરિવર્તન આણ્યુ અને તેથી તે તો સીધો ઘેર ગયો, સંતોષવૃત્તિ ધારણ કરી અને છેવટે પરિગ્રહની અસારતા જાણી, દીક્ષા અંગીકાર કરી અને આત્મકલ્યાણ સાધ્યુ.

જેઓ પરિગ્રહની મમતા છોડતાં નથી, તેનુ આખરી પરિણામ દુઃખદ આવે છે અને જેઓ ઠોકર વાગતા ચેતી જાય છે અને મમતા ત્યાગી દે છે તે પોતાનુ કલ્યાણ સાધી શકે છે. જીનરખ-જીનપાળની વાતનો આ સ્પષ્ટ સાર છે.

ઐતિહાસિક દૃષ્ટાંતો

એલેકઝાન્ડરે, તે સમયે જાણીતી દુનિયા પર વિજય મેળવ્યાનુ

કહેવાય છે. આ ઉપરાંત અગણિત રોકડ નાણું તે લઇ ગયો હતો. આ રીતે તેણે ઘણું ધન એકઠું કર્યું હતુ, પરન્તુ મરણ સમયે આમાંથી કઇ લઇ શકાશે નહિ—એ વિચાર આવતા બાળકની જેમ તે રડી પડયો હતો. આટલી સમૃદ્ધિ એકઠી કરવા છતા મરણ સમયે અનાથ, નિરાધાર, બાળકની જેમ તેની કરુણ સ્થિતિ થઇ હતી. આ છે સપત્ત માટેની દોડધામનુ અતિમ પરિણામ

સિકદરે પણ મરણ સમયે પોતાના પ્રધાનોને કહ્યુ હતું કે 'મારા બને હાથ જનાઝાની બહાર ઉઘાડા રાખજો અને મારા જનાઝા અને કબર ઉપર લખજો કે સિકદરે ઘણુ ધન એકઠું કર્યું અને ઘણા દેશો જીત્યા, પરતુ તે ખાલી હાથે ગયો છે. ગરીબ હોય કે શ્રીમન્ત, દરેકને એક જ જાતનુ ધાન્ય ખાવાનુ છે પાણી અને હવાનો ઉપયોગ દરેકને સરખી રીતે જ મળે છે, ધનવાનો કઇ ધન ખાઇને જીવી શકતા નથી, ધન ખાવા કે પહેરવાના કામમા પણ આવતુ નથી, લક્ષ્મી કઇ વૃદ્ધાવસ્થા ટાળી યુવાની આપતી નથી. આ રીતે ગરીબ અને શ્રીમન્તોને ખાવા, પીવા અને પહેરવાના સાધનો તો સરખા જ છે, છતા ધન—સપત્તિની તૃષ્ણા રાખવામા આવે છે તે એક જાતની મૂઢતા જ છે.

એલેકઝાન્ડરના સમયમા ગ્રીસમા ડાયોજીનીસ નામનો એક તત્ત્વવેત્તા થઇ ગયો આ બનેની સરખામણી કરતા એક વિદ્વાને કહ્યુ છે કે,

Contentment depends not upon what we have A tub was large enough for Diaginous, but the world was too little for Alexander

અર્થાત ડાયોજીનીસને એક ટબ પુરતુ હતુ, ત્યારે એલેકઝાન્ડરને

આખી દુનિયા ટૂંકી લાગતી હતી!

સુખ સંતોષમાં રહેલું છે, મહેલાતો, લક્ષ્મી કે સત્તામાં નહિ. આ પરિસ્થિતિ ધ્યાનમાં લઈને શાસ્ત્રકારોએ દિશાઓની મર્યાદા બાંધવાનો ઉપદેશ આપ્યો છે, શાન્તિમય જીવન જીવવાનો આ જ ઉપાય છે.

વ્યાપાર ક્ષેત્રે દિશામર્યાદાની ઉપયોગિતા

આજે ભારતમાં બીજા પ્રાંત કે બીજા દેશમાં [illegible] ત્યાંના વેપાર-ધંધાઓ પોતાને કબજે કરે છે, તેથી ત્યાંના વતનીઓના ધંધા છીનવાઈ જાય છે આ પ્રવૃત્તિ [illegible] વતનીઓ વચ્ચે ઘર્ષણ [illegible] દિશાઓની મર્યાદા બાંધી લીધી હોય તો [illegible] નહિ

નીકળ્યો, ત્યારે એક તત્ત્વવેત્તાએ પૂછ્યું, 'મહારાજ આપ ક્યાં જઈ રહ્યા છો?'

બાદશાહે ઉત્તર આપ્યો, 'ઇટાલી જીતવા જઈ રહ્યો છું.'

ફરી તત્ત્વવેત્તાએ પૂછ્યું, 'ઇટાલીને જીતીને શું કરશો?'

બાદશાહે કહ્યું, 'પછી આફ્રિકા જીતીશ.'

તત્ત્વવેત્તાએ ફરી પૂછ્યું, 'પછી શું કરશો?'

બાદશાહ બોલ્યો, 'પછી આરામથી રહીશ.'

ત્યારે તત્ત્વવેત્તાએ કહ્યું, 'તો પછી અત્યારથી જ આરામમાં કેમ નથી રહેતા? શું યુદ્ધ પછી જ આપને આરામ મળી શકે તેમ છે? શું અત્યારે આપને ખાવા, પીવા, રહેવા કે પહેરવાની કશી મુશ્કેલી છે?'

તત્ત્વવેત્તાએ પાયરસને પૂછેલો પ્રશ્ન જ મારે આપ સૌને પૂછવાનો છે. આજે જેઓ અમેરિકા અને યુરોપની મુસાફરી કરી રહેલ છે તેમને મારે એક જ પૂછવાનું છે કે શું આપને અત્યારે ખાવા, પીવા, રહેવા કે પહેરવાની કશી મુશ્કેલી છે? ખરી વાત એ છે કે આજે માનવીને કોઈ જાતની મર્યાદા નથી, મર્યાદા ન હોવાને કારણે જ આ બધી દોડધામ છે, આ દોડધામમાં નથી આરામ કે નથી સંતોષ. માનવની વૃત્તિ ધ્યાનમાં લઈને જ, શાસ્ત્રકારોએ છઠ્ઠા વ્રતની રચના કરી છે–જેથી માનવ મિથ્યા દોડધામમાંથી અટકે અને શાન્તિનો શ્વાસ લે.

આ વ્રતનાં પાંચ અતિચારો

આ વ્રતના પાંચ અતિચાર છે उर्ध्वाधस्तिर्यग् व्यतिक्रम क्षेत्रवृद्धि स्मृत्यंत तर्धानानि । ઉંચી, નીચી અને તીરછી દિશાઓનું ઉલ્લંઘન કરવું, એક દિશાની મર્યાદા ઓછી કરી, બીજી

ભોગોના સુખની ક્ષણિકતા અને તેના પરિણામે આવતા દુઃખની દીર્ઘતા જોઈને, શાસ્ત્રકારોએ સાતમા વ્રતમા ઉપભોગ પરિભોગનુ પરિમાણ કરવાનુ ફરમાવ્યુ છે.

ઉપભોગ-પરિભોગની મર્યાદા

આ વ્રતમાં ઉપભોગ પરિભોગની વસ્તુઓની મર્યાદા કરવાની હોય છે. ઉપભોગ એટલે એક વાર ભોગવાય તેવી ભોજન, પેય, આદિ પદાર્થો. પરિભોગ એટલે વારવાર ભોગવાય તેવી વસ્તુ વસ્ત્ર, ઘરેણા, આદિ પદાર્થો. આ બંને પ્રકારના પદાર્થોનુ પ્રમાણ નક્કી કરવું તે ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત છે.

આ વ્રતના બે પ્રકાર છે. એક ભોજન સબંધી અને બીજુ કર્મ સબધી. ઉપભોગ પરિભોગોની વસ્તુઓની મર્યાદા બાધી લેવી તે ભોજન સબધી ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત કહેવાય, અને ઉપભોગ-પરિભોગની વસ્તુઓની પ્રાપ્તિ માટે જે ઉદ્યોગ-ધધા કરવા પડે તેના પ્રમાણ અને પ્રકાર નક્કી કરવા તે કર્મથી ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત છે

આ વ્રતમાં ઉપભોગ-પરિભોગની ૨૬ વસ્તુઓની મર્યાદા કરવાનુ દર્શાવવામાં આવેલ છે, તે નીચે મુજબ છે.

૧. શરીર અને હાથ લુછવાના ટુવાલ વગેરેની મર્યાદા, ૨. દાતણની, ૩. ખાવા અને વાપરવાના ફળોની, ૪. તેલાદિ શરીરે મર્દન કરવાની વસ્તુઓની, ૫. પીઠી, વગેરે શરીરે ચોળવાની વસ્તુઓની, ૬ નાવાના પાણીની, ૭. વસ્ત્રની ૮. સુખડ વગેરે વિલેપનની, ૯. ફુલની, ૧૦. ઘરેણાની, ૧૧. ધૂપની, ૧૨. પીણાઓની; ૧૩. પકવાનની, ૧૪. ચોખા, વગેરે ધાન્યની, ૧૫. કઠોળ તથા દાળ, વગેરેની, ૧૬. ઘી, માખણ, દૂધ, દહીં, ગોળ, ખાંડ, સાકર, આદિ વિગયની, ૧૭. કાચા શાકભાજીની, ૧૮. મધુર ફળ એટલે

noble thoughts make noble lives તમારા દિલમાં ઉંચા વિચારોનો સંગ્રહ કરો, કેમ કે ઉંચા વિચારો જીવનને ઉન્નત બનાવે છે.

પમાયાચરિય

પમાયાચરિય બીજું અનર્થદંડ છે. પ્રમાદવાળું આચરણ કરવું તે પમાયાચરિય છે પ્રમાદ કે આળસ ભયંકર પાપ છે શાસ્ત્રકારોએ આળસના પાપને હિંસા સમાન લેખ્યું છે. ઉત્તરાધ્યયન સુત્રના દશમા અધ્યયનમાં એક વાર નહિ, બે વાર નહિ, ત્રણ વાર નહિ પણ છત્રીસ વાર ભગવાન મહાવીર ફરમાવે છે કે, **'समय गोयम मा पमायए"** હે ગોતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

પ્રમાદ પતનની નિશાની છે આપણામાં એક પ્રચલિત કહેવત છે કે 'નવરો બેઠો નખોદ વાળે.' અંગ્રેજીમાં પણ આજ મતલબની કહેવત છે કે, An idle brain is the devil's workshop આળસુ મગજ એ સેતાનનું કારખાનું છે. બીજી રીતે કહીએ તો Idleness is the sepulchre of virtue — આળસ એ સદ્‌ગુણોની કબર છે. પાણીના ખાબોચીઆમાં જેમ કીડાઓ ખદબદે છે તેમ આળસુ મગજમાં વિકારોના કીડા ખદબદે છે, આ કારણે આળસ પણ એક અનર્થદંડ છે.

શાસ્ત્રકારોએ પ્રમાદની વ્યાખ્યા કરતા ફરમાવ્યું છે કે, **मद्द विषय कसाया, निद्रा विकहाय पचमा भणिया । ए ए पच पमाया, जीवा पाडति ससारे ।।** જાતિમદ આદિ આઠ મદ, શબ્દ-રૂપાદિ પાંચ વિષય, ક્રોધાદિ ચાર કષાય, નિદ્રા અને વિકથા- પાંચ પ્રકારના પ્રમાદો છે. અનર્થદંડથી વિરમનારે આ પ્રમાદોથી બચવું જોઈએ આ વ્રતના આરાધકમાં ઉચ્ચ-નીચના જાતિભેદ ન હોય, ધનનો મદ ન હોય, વિદ્વત્તા કે તપ-ત્યાગનું અભિમાન ન

આનંદશંકર [illegible]

[illegible]

noble thoughts make noble lives તમારા દિલમા ઉચા વિચારોનો સગ્રહ કરો, કેમ કે ઉચા વિચારો જીવનને ઉન્નત બનાવે છે.

પમાયાચરિય

પમાયાચરિય બીજુ અનર્થદડ છે. પ્રમાદવાળુ આચરણ કરવુ તે પમાયાચરિય છે પ્રમાદ કે આળસ ભયકર પાપ છે શાસ્ત્રકારોએ આળસના પાપને હિસા સમાન લેખ્યુ છે. ઉત્તરાધ્યયન સુત્રના દશમા અધ્યયનમા એક વાર નહિ, બે વાર નહિ, ત્રણ વાર નહિ પણ છત્રીસ વાર ભગવાન મહાવીર ફરમાવે છે કે, 'समय गोयम मा पमायए" હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ

પ્રમાદ પતનની નિશાની છે. આપણામા એક પ્રચલિત કહેવત છે કે 'નવરો બેઠો નખોદ વાળે' અગ્રેજીમા પણ આજ મતલબની કહેવત છે કે, An idle brain is the devil's workshop આળસુ મગજ એ સેતાનનુ કારખાનુ છે બીજી રીતે કહીએ તો Idleness is the sepulchre of virtue — આળસ એ સદ્દગુણોની કબર છે. પાણીના ખાબોચીઆમા જેમ કીડાઓ ખદબદે છે તેમ આળસુ મગજમા વિકારોના કીડા ખદબદે છે, આ કારણે આળસ પણ એક અનર્થદડ છે.

શાસ્ત્રકારોએ પ્રમાદની વ્યાખ્યા કરતા ફરમાવ્યુ છે કે, मद्द विषय कसाया, निद्रा विकहाय पचमा भणिया। ए ए पच पमाया, जीवा पाडति ससारे॥ જાતિમદ આદિ આઠ મદ, શબ્દ-રૂપાદિ પાચ વિષય, ક્રોધાદિ ચાર કષાય, નિદ્રા અને વિકથા-પાચ પ્રકારના પ્રમાદો છે અનર્થદડથી વિરમનારે આ પ્રમાદોથી બચવુ જોઈએ આ વ્રતના આરાધકમા ઉચ-નીચના જાતિભેદ ન હોય, ધનનો મદ ન હોય, વિદ્વત્તા કે તપ-ત્યાગનુ અભિમાન ન

રહેવું જોઇએ.

આ વ્રતના પાંચ અતિચારો

આ વ્રતના પાંચ અતિચારો છે · कन्दर्प कौत्कुच्य मौख्य-यासमीक्ष्याधि करणोप भोगाधि कत्वानि ।

કંદર્પ–કૌત્કુચ્ય

વિકાર વધે તેવા શબ્દો સાંભળવા કે બોલવા, તે કંદર્પ છે. નાટક તથા સિનેમા જોનાર આ અતિચારમાંથી કેવી રીતે બચી શકે? વિકારવર્ધક અને વિલાસવર્ધક ચેષ્ટા કરવી કે જોવી તે કૌત્કુચ્ય છે. આવા દૃશ્યોવાળી ફિલ્મો પણ આ વ્રતધારીઓથી જોઇ ન શકાય, સુશીલ સ્ત્રી–પુરુષોથી સિનેમામાં પગ પણ મૂકી શકાય નહિ. કુલીન માણસો લાંબો રસ્તો પસંદ કરે છે. પણ દારૂ માંસની દુકાન પાસે થઇને કે અસદાચારી બ્હેનોના નિવાસસ્થાન પાસે થઇને કદી નીકળતા નથી, આજ રીતે, ચિત્રગૃહનો રસ્તો પણ તેના માટે ત્યાજ્ય હોવો જોઇએ

મૌખર્ય

સંબંધ વિનાનું અથવા જરૂર વિનાનું બહુ બોલ્યા કરવું તે મુખરીયે અથવા 'મૌખર્ય' નામનો ત્રીજો અતિચાર છે વચનપાત વીર્યપાત કરતાં પણ વધારે નુકશાનકારક ગણાય છે. વિના વિચાર્યે બોલવું–તે પણ એક અનર્થદંડનો જ પ્રકાર છે, વચનનો સંયમ રાખનાર અનેક કલહોથી બચી શકે છે, એક પ્રચલિત કહેવત છે કે, 'ન બોલ્યામાં નવ ગુણ,' આ ખરેખર સાચું જ છે. વાચાળ કે બહુ બોલકણો માણસ ઘણી વાર હાનિકર નીવડે છે. વધારે બોલવાથી શરીરની શક્તિ પણ ક્ષીણ થાય છે વૈજ્ઞાનિકોના કથનાનુસાર પાશેર દૂધ પીવાથી જેટલી શક્તિ આવે છે તેટલી શક્તિ માત્ર એક અક્ષરનો ઉચ્ચાર કરવામાં નાશ પામે છે, બહુ બોલવાથી

man six feet high જીભ માત્ર ત્રણ ઇચની છે, પણ છતા તે ૭ ફૂટ ઉચા માણસને મારી શકે છે..'

જીભને તમે મિત્ર પણ બનાવી શકો છો અને તમારો દુશ્મન પણ બનાવી શકો છો, મિત, હિત અને મધુર બોલો તો તે તમારો મિત્ર બને છે અને કઠોર ભાષા વિચાર વગર બોલ્યે રાખે, તો તે તમારો શત્રુ બને છે. કોઇ માણસ જગલમા જાય, જગલમા એક બાજુ સોનાની ખાણ હોય અને બીજી બાજુ કોલસાની ખાણ હોય, કોઇ, માણસને કોદાળી આપે અને કહે કે તારી મરજી પડે તે ખાણ ખોદીને વસ્તુ લઇ જા, તો એવો કોણ મૂર્ખ માણસ નીકળશે—જે સોનાની ખાણ છોડીને કોલસાની ખાણ ખોદવા બેસશે? માણસ સ્હેજે સોનાની ખાણ તરફ વળશે. આપણને પણ કુદરતે કોદાળી સમાન જીભ આપી છે, એ જીભનો કડવા વચન બોલવામાં ઉપયોગ કરવો એ કોલસા ખોદવા જેવુ છે. મિષ્ટ વચનો ઉચ્ચારવા એ સુવર્ણ મેળવવા સમાન છે. કહેવાનુ તાત્પર્ય એ છે કે જીભ પર સયમ રાખી, જીભને તમારી મિત્ર બનાવો. 'મૌખર્ય' નામનો અતિચાર જીભને સયમ રાખવાનુ જ કહે છે. આ અતિચારમાથી મુક્ત બનવા માટે, વાચાલતા ઘટાડવાની અને મૌનની ઉપાસના કરવાની જરૂર છે.

અસમિક્ષ્યાધિકરણ

નિષ્પ્રયોજન હિસક સાધનો બીજાને આપવા તે 'અસમિક્ષ્યાધિકરણ' નામનો ચોથો અતિચાર છે, ભાવથી કોઇનુ અપમાન કરવાનો વિચાર ઘડી રાખવો, તેનો પણ આ અતિચારમા સમાવેશ થઇ જાય છે.

ઉપભોગાધિકત્વ

પોતાના માટે આવશ્યક હોય તે ઉપરાત કપડા, બુટ, મોજા આદિ વસ્તુઓ સગ્રહવી તે 'ઉપભોગાધિકત્વ' નામનો પાચમો અતિચાર છે. ગચરચીયુ, ધોતિયા, કોટ, ખમીસ, સાડીઓ, ઘરેણા,

રહેલી છે. આ સ્વરક્ષણની વૃત્તિને સર્વ રક્ષણની સમભાવી વૃત્તિમાં ફેરવવી, તે સામાયિકનો ધ્યેય છે. માનવ દૃષ્ટિ પોતાના દેહ, ઇન્દ્રિયો અને ભોગો પુરતી જ રહે છે, જરા આગળ વધીને તે પરિવાર સુધી પહોંચે છે. તે દૃષ્ટિને વિશ્વવ્યાપી બનાવવી તે સમભાવમય સામયિકનું ધ્યેય છે. 'મને સુખ કે રક્ષણ પ્રિય છે તેમ અન્યને પણ તેવું જ પ્રિય છે' એમ સમજીને કોઇની હિંસા ન કરવી કે કોઇને કષ્ટ ન આપવું .અને वसुधव कुटुम्बकम् ની સર્વ રક્ષણ અને સર્વ સુખની ભાવના કેળવવી, રાગદ્વેષ પર વિજય મેળવવો તેમાં સામાયિકની સિદ્ધિ રહેલી છે.

જ્યાં સામાયિક થતી હોય, ત્યાં દ્વેષ, કલેશ, ઝગડા લડાઇ કે યુદ્ધ ન જ હોય; ઉચ્ચ-નીચના ભેદભાવો ન ટકે સ્પર્શાસ્પર્શની કૃત્રિમ દિવાલો ન હોય, આજે તો ઉચ્ચ-નીચના ભેદભાવો વધતાં જાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે અને કુટુમ્બ કુટુમ્બ વચ્ચે ઝગડાઓ પ્રવર્તી રહેલ છે, સમાજ સમાજ વચ્ચે ઘર્ષણ ચાલી રહેલ છે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે યુદ્ધોની વાતો થઇ રહી છે. આ જાતના ઘર્ષણ દૂર કરવાની એક માત્ર ઔષધિ 'સમતાભાવ' જ છે અને આ સમભાવ કેળવવાનું સાધન સામાયિક છે.

દ્રવ્ય સામાયિક અને ભાવ સામાયિક

સામાયિકના બે પ્રકાર છે દ્રવ્ય સામાયિક અને ભાવ સામાયિક જીવનની દરેક પ્રવૃત્તિમાં સમતા ઉતારવી તે ભાવ સામાયિક છે, ભાવ સામાયિકને સાધવાના સાધનોને દ્રવ્ય સામાયિક કહે છે. દ્રવ્ય સામાયિકને ભાવ સામાયિક સુધી પહોંચાડવાનું સાધકનું ધ્યેય હોવું જોઇએ અને તે માટે તેણે પ્રયત્નશીલ રહેવું જોઇએ.

એક ઘડિયાળને તમો ચાવી આપો તો તે ચોવીસ કલાક ચાલે છે, મોટી ઘડિયાળને એક વાર ચાવી આપવાથી આઠ દિવસ ચાલે

દિવસોના દિવસો સુધી અને વર્ષોના વર્ષો સુધી તે ચણતરકામ ચાલુ રાખે તો પણ તે કામ જ્યાંનુ ત્યાં જ રહે; તેમાં જરા પણ પ્રગતિ માલૂમ પડે નહિ,

તેવુ જ સામાયિકનુ છે. સામાયિકમાં સમભાવની દિવાલ ચણવામાં આવે, પરન્તુ સામાયિક પળાય, ન પળાય ત્યાં સમભાવની દિવાલ તૂટી પડે તો સમતારસમાં જરા પણ વૃદ્ધિ થવા પામે નહિ.

પાયો મજબૂત ન હોય તો જ દિવાલ તૂટી પડે; તેમ સામાયિકમાં વિવેકનો પાયો મજબૂત ન હોય તો જ સમતારસ જતો રહે; માટે સમભાવ ટકાવવા માટે વિવેકનો પાયો મજબૂત બનાવવે જોઇએ.

પહેલાના શ્રાવકો

પહેલાંના શ્રાવકોમા સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયા પ્રતિ પૂર્ણ શ્રદ્ધા હતી. સુરતના એક પ્રતિષ્ઠિત ઝવેરી પર ખોટો આરોપ આવવાને લીધે, તેમને કેદ કરવામાં આવ્યા હતા; સામાયિક-પ્રતિક્રમણ કરવાનો તેમનો હમેશનો નિયમ હતો, પરન્તુ ત્યાં ધાર્મિક ક્રિયા કરવાની સગવડ હતી નહિ. તેણે જેલના વ્યવસ્થાપકને કહ્યુ કે તમે જેમ નિમાજ પઢો છો તેમ અમારે પણ ધાર્મિક ક્રિયા કરવાની હોય છે, માટે મને સગવડ કરી આપો તો આપનો ઉપકાર. વ્યવસ્થાપક ભલો માણસ હતો, તેથી તેણે શેઠને ધાર્મિક ક્રિયા કરવાની સગવડ કરી આપી. શેઠ પોતાને સગવડ આપનાર અમલદાર પર ખુશ થયા અને હમેશા પાંચસો સોનામહોર તે અમલદારને ઇનામ તરીકે આપવાની શેઠે પોતાના પુત્રને સૂચના કરી

શેઠ પરનો આરોપ ખોટો ઠર્યો અને શેઠ નિર્દોષ છૂટી ગયા, ત્યારે તે અમલદારને થયુ કે શેઠ પાસેથી વાત બહાર આવશે અને

એક વાર જગલમાં માસખમણને પારણે સુતાર અને સુતારણ મુનિના પાત્રમાં દાન આપી રહ્યા હતા. એક હરણે આ દૃશ્ય જોયુ. તે ખૂબ ખુશ થયુ અને મનમા ને મનમા દાનનુ અનુમોદન કર્યું અકસ્માત તે જ સમયે જોરથી પવન ફુકાવાથી, વૃક્ષની શાખા સુતાર, સુતારણ, મુનિ અને હરણ ઉપર પડી અને ચારેયનું આયુષ્ય ત્યાં જ પૂર્ણ થઇ ગયુ. બધા મરીને પાંચમા દેવલોકમા ગયા.

આ ઘટનામાં જોવાનુ એ રહે છે કે તપસ્વી અને સયમી મુનિ પાચમા દેવલોકમા ગયા. શુદ્ધ ભાવનાથી દાન દેનાર સુતાર અને સુતારણ પણ પાચમાં દેવલોકમાં ગયા અને દાનનુ અનુમોદન કરનાર તથા શુભ ભાવના ભાવનાર હરણે પણ તેજ સદગતિ પ્રાપ્ત કરી. અતિથિ સવિભાગ કે દાનના વ્રતનુ આટલુ મહાન મહત્વ છે, તેથી હરકોઇ મનુષ્યે સત્પાત્રે દાન આપવાની ભાવના હમેશા જાગૃત રાખવી જોઇએ. સાધુ-સાધ્વીઓનો યોગ ન મળે ત્યારે આ વ્રતની અલ્પ પ્રમાણમાં પણ આરાધના કરવા માટે સ્વધર્મી બધુ-બ્હેનને ભોજન સમયે યાદ કરવા જોઇએ પોતાના ગામમા સહાયતા કરવા યોગ્ય કોણ ભાઇ-બહેન છે તેની શોધ કરીને અને ઘટતી સહાય કરીને જ જમવાનો નિયમ કરવામા આવે તો કેવુ સારૂ ! આ રીતે સુદર ધર્મારાધના થઇ શકે.

દાન માનવને ઉંચે લઇ જાય છે

જે ધનનો ઉપયોગ ભોગવિલાસમાં કરે છે અને દાન આપતો નથી તેને લક્ષ્મી ભારરૂપ બને છે. એક વિદ્વાને કહ્યુ છે કે, 'Money spent on myself may become a mill-stone about my neck, money spent on others may give me the wings like angels પોતાના માટે વિલાસમા ખર્ચેલા પૈસા પત્થરનુ ઘટીનુ પડ બની, ગળે વળગે છે, જ્યારે બીજા માટે ખર્ચેલ દ્રવ્ય માણસને

ઉપસંહાર

આ તો માત્ર થોડી ચીનગારીઓ છે

આ બાર વ્રતોની અતિવ્યાપક વ્યાખ્યા અમારા પૂજ્ય ગુરુદેવ પાસેથી શ્રવણ કરી છે, તે પૈકી મારી અલ્પ મતિ પ્રમાણે જે થોડુ ગ્રહણ થઇ શક્યુ છે તે મે આપની સમક્ષ મૂક્યુ છે; તેઓશ્રીના અગાધ જ્ઞાનસિંધુના આ તો બિંદુઓ માત્ર છે. તેમના મણોબધ જ્ઞાન પાસે આ તો થોડાં કણો માત્ર છે. તેઓશ્રીની પ્રચંડ જ્ઞાન જ્યોતની આ તો થોડી ચીનગારીઓ માત્ર છે, પરન્તુ જો આ થોડા બિન્દુઓ માનવીની અનાદિની તૃષ્ણાને શાંત કરશે, આ થોડાં કણો માનવીની અનાદિની ક્ષુધાને તૃપ્ત કરશે અને આ થોડી ચીનગારીઓ અનાદિના અંધકારને ભેદવા સમર્થ થશે તો આ અલ્પ પ્રયત્ન સફળ થયો ગણાશે. આ વ્રતોને યથાર્થ રીતે સમજીને જીવનમાં ઉતારવામા આવશે તો મૂક્તિના રાજમાર્ગે વિકાસ સાધી શકાશે.

સર્વદેશીય ઉન્નતિનો માર્ગ

આ બાર વ્રતોને પ્રત્યેક માનવી આચરે તો સસારમાં સ્વર્ગ ઉતરે; આ વ્રતોને સૌ કોઇ જીવનમા ઉતારે તો પછી દુનિયામા કોઇ પણ વાદની જરૂર રહેશે નહિ. આ બાર વ્રતોમા સર્વ વાદો સમાઇ જાય છે નિર્દોષ અને અહિંસક સામ્યવાદ કહો કે સમાજવાદ કહો, તે બધાનો આમા સમાવેશ થઇ જાય છે. સમાજવાદ કે સામ્યવાદ તો માત્ર ભૌતિક પ્રશ્નોનો અપૂર્ણરીતે ઉકેલ લાવે છે, ત્યારે આ વ્રતો માર્ગ તો ભૌતિક અને આધ્યાત્મિક તમામ પ્રશ્નોનો

અમૃત પીવા તો સૌ તૈયાર થયા, પણ ઝેર પીવા કોઇ તૈયાર થયુ નહિ. તે સમયે શંકર તે ઝેરને પીવા તૈયાર થયા, તેથી તે મહાદેવ બન્યા. તેવી જ રીતે તમામ ઝેરવેર જે પી જાય છે તે જ ખરેખર મહાન બની શકે છે. શ્રાવકે પણ આ રીતે કડવાશને પી જઇને, મીઠાશ દાખવવી ઘટે છે. આ છે અક્ષુદ્રપણુ.

અક્ષુદ્રપણું એટલે ગાંભીર્ય

અક્ષુદ્રપણુ એટલે ગાંભીર્ય. સંસ્કૃતમા એક શ્લોક છે કે,

समुद्रमीवगांभीर्य, स्थैर्यंच हीमवानीव

સમુદ્ર જેવું ગાંભીર્ય અને હિમાલય જેવી અચળતા. શ્રાવકમાં આવાં ગાંભીર્ય અને અચળતા હોવાં જોઇએ. સમુદ્રમાં ગમે તેટલી નદીઓ આવીને પોતાનુ પાણી ઠાલવે, છતા સમુદ્ર કોઇ દિવસ છલકાઇ જતો નથી, તે બધાને પોતાનામા સમાવી લે છે. તેમ શ્રાવકે પણ કડવા મીઠા તમામ અનુભવ પોતાનામા સમાવી લેવા જોઇએ. સમુદ્ર રત્ન તથા કાંકરા બધાને પોતાના ઉદરમાં સ્થાન આપે છે તેમ શ્રાવકે પણ સજ્જન-દુર્જન તમામને સ્થાન આપવુ જોઇએ. સમુદ્રમાં ભરતી અને ઓટ આવે છે, છતા સમુદ્ર તો હમેશા સ્થિર જ રહે છે. માનવીના જીવનમાં પણ ભરતી ઓટ થયા જ કરે છે, છતાં શ્રાવક બનેમાં સ્થિર બુદ્ધિવાળો હમેશા રહે છે સંપત્તિમાં એ છલકાઇ જતો નથી અને આપત્તિમા એ મૂઝાતો પણ નથી, સુખમાં તે વિચાર કરે છે કે, 'સંપત્તિ ક્ષણિક સુખ આપનારી છે, માટે તેનો સદુપયોગ કરી લેવો.' આપત્તિમા તે વિચારે છે કે, 'આ તો મારા અશુભ કર્મનો ભાર હળવો થઇ રહ્યો છે.' આ રીતે સુખમાં અને દુ:ખમા, કીર્તિ અને અપકીર્તિમા, સારા અને માઠા પ્રસંગોએ સમુદ્રની જેમ તે ધીર અને ગંભીર રહે છે.

ક્ષુદ્રવૃત્તિના વિવિધ પ્રકારો

દ્વેષ, મત્સર, ઇર્ષા, અહંકાર, આદિ ક્ષુદ્ર વૃત્તિઓને શ્રાવકે

૨. સ્વસ્થના

આયુષ્ય અને શરીર ક્ષણભંગુર છે

માટીના કાચા ઘડામાં પાણી ભર્યું હોય તો તે કેટલી વાર ટકી શકે? જરા ધક્કો લાગે કે તુરત ઘડો ભાગી જાય અને પાણી ઢોળાઇ જાય. આપણું શરીર પણ કાચા ઘડા જેવું છે અને આપણુ આયુષ્ય એ માટીના કાચા ઘડામા ભરેલા પાણી જેવુ છે. તેને નાશ પામતા જરા પણ વાર લાગતી નથી. સહેજ રોગનો હુમલો આવતાં જ શરીરરૂપી કાચા માટીનો ઘડો ભાંગી પડે છે અને આયુષ્યનો અંત આવે છે, તેથી જ ડાહ્યા માણસો કહે છે કે સારા કામમા ઢીલ ન કરવી, કેમ કે માણસની જીંદગીનો ભરોસો નથી. એક કલાક પછી શુ થશે તે કોઇ કહી શકતુ નથી, માણસના મનમાં ઘણી વાર સારા વિચારો આવે છે, પરંતુ પ્રમાદને વશ થઇને તે, તે મુજબ આચરણ કરી શકતો નથી. પ્રમાદને લઇને તે વિચારે છે કે, 'હમણા નહિ, પછી કરીશ, આજે નહિ, કાલે કરીશ.' એમ પ્રમાદમા ને પ્રમાદમા સમય જતો રહે છે, કાલ–કાલ કરતા ઘણી વાર કાલ આવના પહેલા કાળ આવીને ઉભો રહે છે અને માણસના મનની ભાવનાઓ મનમા રહી જાય છે, તેથી જ ભગવાને કહ્યુ છે કે, 'ધર્મ કાર્યમાં સમય માત્રનો પ્રમાદ કરવો નહિ.'

આજનું કાર્ય કાલ પર કોણ મુલત્વી રાખી શકે?

ઉત્તરાધ્યયન સૂત્રમા ભગવાન ફરમાવે છે કે,

जस्सत्थि मच्चुणा सक्खं, जस्सच ऽ त्थि पलायण ।
जो जाणे न मरिस्सामि; सो हुं कंखे सुए सिया ॥

૨. સ્વસ્થના

આયુષ્ય અને શરીર ક્ષણભંગુર છે

માટીના કાચા ઘડામા પાણી ભર્યું હોય તો તે કેટલી વાર ટકી શકે? જરા ધક્કો લાગે કે તુરત ઘડો ભાગી જાય અને પાણી ઢોળાઇ જાય. આપણુ શરીર પણ .કાચા ઘડા જેવું છે અને આપણુ આયુષ્ય એ માટીના કાચા ઘડામાં ભરેલા પાણી જેવુ છે. તેને નાશ પામતા જરા પણ વાર લાગતી નથી. સહેજ રોગનો હુમલો આવતાં જ શરીરરૂપી કાચા માટીનો ઘડો ભાગી પડે છે અને આયુષ્યનો અન્ત આવે છે, તેથી જ ડાહ્યા માણસો કહે છે કે સારા કામમા ઢીલ ન કરવી, કેમ કે માણસની જીદગીનો ભરોસો નથી. એક કલાક પછી શુ થશે તે કોઇ કહી શકતુ નથી, માણસના મનમા ઘણી વાર સારા વિચારો :આવે છે, પરતુ પ્રમાદને વશ થઇને તે, તે મુજબ આચરણ કરી શકતો નથી. પ્રમાદને લઇને તે વિચારે છે કે, ‘હમણાં નહિ, પછી કરીશ, આજે નહિ, કાલે કરીશ.’ એમ પ્રમાદમા ને પ્રમાદમાં સમય જતો રહે છે, કાલ–કાલ કરતા ઘણી વાર કાલ આવતાં પહેલાં કાળ આવીને ઉભો રહે છે અને માણસના મનની ભાવનાઓ મનમાં રહી જાય છે, તેથી જ ભગવાને કહ્યુ છે કે, ‘ધર્મ કાર્યમા સમય માત્રનો પ્રમાદ કરવો નહિ.’

આજનું કાર્ય કાલ પર કોણ મુલત્વી રાખી શકે?

ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન ફરમાવે છે કે,

जस्सत्थि मच्चुणा सक्खं, जस्सत्र ऽ त्थि पलायण ।
जो जाणे न मरिस्सामि; सो हु कंखे सुए सिया ॥

યના માકડ વીણવામા તો નથી કરી રહ્યા ને! સૌ કોઇ પોતાની જાતને આ પ્રશ્ન પૂછી જુએ. નાના બાઇની જેમ જીંદગીનુ સોનુ બનાવી લેવામાં જ માનવજીવનની સાર્થક્તા છે.

આવા અમૂલ્ય મનુષ્ય જન્મને સફળ બનાવવા માટે, ભગવાને ચારિત્ર ધર્મ દર્શાવ્યો છે. ચારિત્ર ધર્મ બે પ્રકારનો છે આગાર ધર્મ અને અણગાર ધર્મ. આગાર ચારિત્ર ધર્મ, એટલે શ્રાવકનો ધર્મ.

શરીર: ધર્મ સાધનાનુ સાધન

શ્રાવકનો બીજો ગુણ શરીરનુ સુડોળપણુ (સ્વસ્થતા) છે, કોઇને શકા થશે કે હૃદયના ગુણો સાથે શરીરનુ સુડોળપણુ શા માટે મૂક્યુ હશે? આ પ્રશ્નનુ સમાધાન એ છે કે શરીર સુડોળ અને સ્વસ્થ હોય તો જ ધર્મ આચરી શકાય. સસ્કૃતમા કહ્યુ છે કે **शरीरमाद्य खलु धर्म साधनम् !** સાધન વિના સાધના થઇ શકતી નથી, શરીર એ ધર્મારાધના માટેનુ સાધન છે.

સ્વસ્થ શરીરની આવશ્યક્તા

એક સર્જનને શસ્ત્રક્રિયા કરવી હોય તો તેને પોતાના ઓજારો તૈયાર રાખવા પડે છે, તે ગમે તેવો હોશિયાર હોય, તો પણ તેની પાસે આવશ્યક ઓજારો ન હોય તો તે શુ કરી શકે? દરજી ગમે તેવો કાબેલ હોય, પરન્તુ તેની પાસે સોય-દોરા ન હોય તો તે શુ કરી શકવાનો હતો? એક ચિત્રકાર ગમે તેટલો આવડતવાળો હોય, પરન્તુ તેની પાસે રંગ અને પીછી ન હોય તો તેની આવડત નકામી નીવડે છે, તેમ હૃદયમા ગમે તેટલી ધર્મભાવના હોય, પણ ધર્મ કરવાનુ સાધન-શરીર સ્વસ્થ ન હોય તો ભાવના અમલમાં મૂકી શકાતી નથી. શરીર સ્વસ્થ, સુડોળ અને કસાયેલુ હોય તો જરૂરી છે શરીર કમાયેલુ હોય તો ગમે તેવુ કષ્ટ સહન કરીને પણ

યના માકડ વીણવામા તો નથી કરી રહ્યા ને ! સૌ કોઇ પોતાની જાતને આ પ્રશ્ન પૂછી જુએ. નાના ભાઇની જેમ જીંદગીનુ મોનુ બનાવી લેવામા જ માનવજીવનની સાર્થકતા છે.

આવા અમૂલ્ય મનુષ્ય જન્મને સફળ બનાવવા માટે, ભગવાને ચારિત્ર ધર્મ દર્શાવ્યો છે ચારિત્ર ધર્મ બે પ્રકારનો છે: આગાર ધર્મ અને અણગાર ધર્મ આગાર ચારિત્ર ધર્મ, એટલે શ્રાવકનો ધર્મ.

શરીર: ધર્મ સાધનાનું સાધન

શ્રાવકનો બીજો ગુણ શરીરનુ સુડોળપણુ (સ્વસ્થતા) છે, કોઇને શકા થશે કે હૃદયના ગુણો સાથે શરીરનુ સુડોળપણુ શા સારૂ મૂક્યુ હશે? આ પ્રશ્નનુ સમાધાન એ છે કે શરીર સુડોળ અને સ્વસ્થ હોય તો જ ધર્મ આચરી શકાય. સસ્કૃતમા કહ્યુ છે કે **शरीरमाद्य खलु धर्म साधनम् !** સાધન વિના સાધના થઇ શકતી નથી, શરીર એ ધર્મારાધના માટેનુ સાધન છે.

સ્વસ્થ શરીરની આવશ્યક્તા

એક સર્જનને શસ્ત્રક્રિયા કરવી હોય તો તેને પોતાના ઓજારો તૈયાર રાખવા પડે છે, તે ગમે તેવો હોશિયાર હોય, તો પણ તેની પાસે આવશ્યક ઓજારો ન હોય તો તે શુ કરી શકે? દરજી ગમે તેવો કાબેલ હોય, પરન્તુ તેની પાસે સોય-દોરા ન હોય તો તે શુ કરી શકવાનો હતો? એક ચિત્રકાર ગમે તેટલો આવડતવાળો હોય, પરન્તુ તેની પાસે રગ અને પીછી ન હોય તો તેની આવડત નકામી નીવડે છે, તેમ હૃદયમાં ગમે તેટલી ધર્મભાવના હોય, પણ ધર્મ કરવાનુ સાધન-શરીર સ્વસ્થ ન હોય તો ભાવના અમલમાં મૂકી શકાતી નથી, શરીર સ્વસ્થ, સુડોળ અને કસાયેલુ હોય તો જરૂરી છે શરીર કસાયેલુ હોય તો ગમે તેવુ કષ્ટ સહન કરીને પણ

આપત્તિ સમયે પણ ચિત્તને પ્રસન્ન રાખવુ, હવાની લહેરની માફક આપત્તિ આવે છે ને જાય છે, તેથી આપત્તિમાં પણ પ્રસન્નતા સાચવવી, સંયમપૂર્વક પથ્ય ખોરાક લેવો, જીભને પૂછીને નહિ, પણ પેટને ,પૂછીને ખોરાક લેવો, જીભને ભાવતો હોય, પરન્તુ જઠરને ન ફાવતો હોય તેવો ખોરાક ત્યાગવો, માણસ ખાવા માટે નથી જીવતો, પરન્તુ જીવવા માટે ખાય છે તેનુ સતત ભાન રાખવુ, આ બાબત ધ્યાનમા રાખવાથી અને ઉપરાંત તંદુરસ્તીના બીજા નિયમોનુ પાલન કરવાથી, શારીરિક સ્વાસ્થ્ય જાળવી શકાય છે.

શારીરિક સ્વાસ્થ્ય કરતા પણ વધારે મહત્ત્વના માનસિક અને આત્મિક સ્વાસ્થ્ય છે; રાગ-દ્વેષ-મોહના અધ્યવસાયો ઉત્પન્ન થવા ન દેવાથી આત્મિક સ્વાસ્થ્ય જળવાય છે.

આ ત્રિવિધ સ્વાસ્થ્ય સાચવવુ-એ શ્રાવકનો બીજો ગુણ છે અને તે પ્રાપ્ત કરવાથી, સાચા સુખને પ્રાપ્ત કરી શકાય છે.



વિસ્તૃત વિવેચન થઇ ગયુ છે. હવે શ્રાવકના ૨૧ ગુણ અંગે વિવેચન ચાલે છે, તે પૈકી બે ગુણ અંગે કહેવાઇ ગયેલ છે. આજે શ્રાવકનો ત્રીજો ગુણ-સૌમ્યતા અંગે વિવેચન કરવાનુ છે

સૌમ્યતાનો અર્થ

પ્રકૃતિનુ સૌમ્યપણુ એ શ્રાવકનો ત્રીજો ગુણ છે. આ સૌમ્યપણાની સાથે પ્રકૃતિ શબ્દ લાગેલો છે. એનો અર્થ છે-શ્રાવકમાં સહજ, સ્વાભાવિક સૌમ્યતા હોવી જોઇએ. સ્વાભાવમાં નરમાશ, ગભીરતા અને મગજ પર કાબુ-આ શ્રાવકનો સ્વાભાવિક ગુણ હોવો જોઇએ. પોતાના આશ્રિત માણસો સાથે પણ શ્રાવક કદી મગજનુ સમતોલપણુ ગુમાવીને વાત ન કરે, પોતાના કુટુબીજનો, સાથીદારો અને નોકર-ચાકર સાથેની વાતચીતમા શ્રાવક એકસરખી રીતે સૌમ્યતા દાખવે. તેમના આ ગુણને કારણે શ્રાવક, એ સૌ કોઇની પ્રિય વ્યક્તિ બને છે

સૌમ્યતાનુ પ્રતિબિબ ચહેરા પર પડે છે

સૌમ્યતા કે ક્રૂરતાનુ પ્રતિબિબ હમેશા ચહેરા પર પડે છે રસ્તે ચાલતા એક કસાઇને તમે જોશો તો તમોને સહેજે થશે કે આ કોઇ ઘાતકી માણસ લાગે છે, તેનુ કારણ એ છે કે ઘાતકીપણુ તેના ચહેરામાથી ડોકીયા કરતુ હોય છે, તેવી જ રીતે લુચ્ચા, લફગા માણસની લુચ્ચાઇ પણ તેની આખ પરથી જણાઇ આવે છે તેથી ઉલ્ટુ સાત્વુ પુરૂષ સામાન્ય વેશમા હોય તો પણ તેના ચહેરા પરથી સૌમ્યતા નીતરતી જણાઇ આવશે

સૌમ્યતાનો અદ્‌ભુત પ્રભાવ

આ પ્રકૃતિનુ સૌમ્યપણ માણસની દેહાકૃતિને પણ સૌમ્ય બનાવે છે, આવી સૌમ્યતા અન્ય વ્યક્તિ પર અદ્‌ભૂત પ્રભાવ પાડે છે ભગવાન મહાવીર ચડકૌશિકના રાફડા પર ગયા, ત્યારે

જોઈએ. વૃત્તિઓનું શમન કરવાથી અને ઇન્દ્રિયોનું દમન કરવાથી મગજનું સમતોલપણું પ્રાપ્ત થાય છે. જેના પગ ગરમ હોય છે અને મસ્તક ઠંડુ રહે છે તે બહુધા દીર્ઘાયુષી બને છે.

મનમાં કોઈ પણ કુવાસના ઉત્પન્ન થાય કે તુરતજ સૌમ્ય માનવી શમ દ્વારા તેનું ઉપશમન કરે છે, પાણીથી જેમ અગ્નિ શાંત થાય છે તેમ શમ પણ કુવાસનાને શાંત કરી દે છે. ઇન્દ્રિયોના અશ્વો જ્યારે જીવન-રથને ખાઈ તરફ ધસડી જતા હોય ત્યારે સૌમ્ય માનવી ઇન્દ્રિયોનું દમન કરે છે અને વિષયો-વિકારો પર વિજય મેળવે છે. સૌમ્યતા જાળવી રાખવા માટે આ જરૂરી છે

સૌમ્યતા એટલે મનની શાંતિ

સૌમ્યતા એટલે મનની શાંતિ, એક અંગ્રેજ તત્વજ્ઞાની કહે છે કે Peace is such a precious jewel that I would give anything for it but truth અર્થાત શાંતિ એ એક એવું કિંમતિ રત્ન છે કે તેની પ્રાપ્તિ માટે સત્ય સિવાયની કોઈ પણ વસ્તુનો ભોગ આપવા હું તત્પર છું.

એક બીજા વિદ્વાને પણ કહ્યું છે કે Peace is the evening star of the soul, as virtue its sun and the two are never far apart – મનની શાંતિ આત્મા માટે શુક્રના તારા સમાન છે, જેમ સૂર્ય અને શુક્ર કોઈ દિવસ એકબીજાથી દૂર થતા નથી તેમ સદ્ગુણ અને શાંતિ પણ કદી જુદા પડતા નથી. જ્યાં સદ્ગુણો હોય છે ત્યાં શાંતિનો વાસ રહેલો છે, માટે સૌમ્યતાના ગુણને ખીલવવા માટે મનને નિર્વિકાર બનાવવાની પણ જરૂર છે

શાંતિ અને સૌમ્યતાનો અભાવ દુઃખરૂપ છે

મનની શાંતિ કે અંતરની સૌમ્યતાનો જ્યાં અભાવ હોય ત્યાં અનેક દુઃખો ઉદ્ભવે છે એક અનુભવી વિદ્વાનના શબ્દોમાં

એટલું જ નહિ પરન્તુ વસ્ત્ર, પલંગ, વગેરે વસ્તુઓમાં પણ ઝેર ભરેલું હતું. રાજાને પોતાના ગુપ્ત અનુચરો મારફત આ વાતની ખબર પડી છતાં પણ પરદેશી રાજાએ જરા પણ ક્રોધ કર્યો નહિ એટલું જ નહિ પરન્તુ પોતાની પાસે વિષહર ચીટી હોવા છતાં તેનો ઉપયોગ વિષની અસર નાબૂદ કરવા માટે પણ કર્યો નહિ!

તે તો સીધા ત્યાંથી પૌષધશાળામાં આત્મસમાધિ પ્રાપ્ત કરવા ગયા. જે વ્યક્તિ પ્રપંચ આદરે છે તે હમેશા ભયભીત રહે છે. રાણીને થયું કે 'રાજા પાસ વિષહર ચીટી છે અને તે તેનો ઉપયોગ કરીને વિષ મુક્ત થશે તો? તો તો મારી ભૂરી વલે કર્યા વિના તે રહેશે નહિ' આ વિચાર આવતાં જ રાણી પૌષધશાળામાં ગઇ અને સમાધિ ભાવે બેઠેલા રાજાની ગરદન દાબી, રાજાને મરણને શરણ કર્યા.

આટલા ઉપસર્ગ આપવા છતા, પરદેશી રાજાના મનમાં ન તો ક્રોધ ઉત્પન્ન થયો કે ન તો દ્વેષ આવ્યો, તેણે અખંડ સૌમ્યતા જાળવી રાખી અને સમભાવે મરણને શરણ થયા.

આ જાતની સૌમ્યતા શ્રાવકનો ત્રીજો ગુણ છે, જે જીવ આવી સૌમ્યતા પ્રાપ્ત કરે છે તે પરમ શ્રેયનો અધિકારી બને છે.



૪ લોકપ્રિયતા

સુસંસ્કારને જ આવકારો

માણસ બજારમાં શાકભાજી લેવા જાય છે ત્યારે તે બે ચાર દુકાને ફરે છે અને જ્યાંથી સારું શાક મળે છે ત્યાંથી લે છે મૂળા જેવી વસ્તુ હશે તો પણ તે જોશે કે મૂળો ઘરડો છે કે કૂણો? તુરીયા કડવા છે કે મીઠા? કેળા કાચા છે કે પાકા? ફરસાણ લેવા માણસ જશે તો પણ જોશે કે ગાંઠીઆ કે ભજીઆ ગરમ છે કે ઠંડા? તેલ તાજું છે કે ખોરું? માણસ અનાજ અને કાપડ પણ બરાબર જોયા પછી જ ખરીદે છે. સાવરણી જેવી વસ્તુ પણ માણસ બે દુકાનો ફરીને પસંદ કરશે, માટીનું હાંડલું પણ ત્રણ ટકોરા મારીને માણસ ખરીદે છે. આમ સાધારણ વસ્તુની ખરીદીમા આટલી સાવધાની માણસ રાખે છે, ત્યારે સંસ્કાર ગ્રહણ કરતી વખતે તેથી અનેકગણી વિશેષ કાળજી રાખવી જોઈએ તે સમજી શકાય તેવું છે.

આપણે જે વાંચીએ છીએ, જે સાંભળીએ છીએ, વાતો કરીએ છીએ તેની અસર આપણા મન પર પડે છે અને સમય જતા તે સંસ્કાર રૂપે પરિણમે છે તેથી આ બધી પ્રવૃત્તિ વખતે આપણે સાવધાન રહેવું જોઈએ અને કોઈપણ કુસંસ્કાર આપણા મન પર પડે નહિ તે માટે સતત જાગૃતિ રાખવી જોઈએ. કુસંસ્કાર દેનાર વાચન, વાતચીત કે દશ્યથી આપણે અળગા રહેવું જોઈએ અને સંસ્કાર દેનાર અને દૃઢ કરનાર પ્રવૃત્તિઓને જ આપણે

'તમે ગાંધીજીને જોયા છે?' હિન્દી ગૃહસ્થે જવાબ આપ્યો, 'હા, મે ગાંધીજીને જોયા છે અને તેમની સાથે થોડી વાતચીત પણ કરી છે.' આટલો જવાબ સાંભળતાં જ તે નોકર ઘણો ખુશ થયો અને નાચવા લાગ્યો અને બોલી ઉઠ્યો કે, 'હવે હુ એમ કહી શકીશ કે ગાંધીજીની સાથે વાત કરેલા એક માણસને મે જોયો છે.' દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી એકેએક :વ્યક્તિને ગાંધીજી માટે કેટલુ માન હતુ, તેનો ખ્યાલ આ ઉપરથી આવી શકશે. ગાંધીજીને જોઇને તો શુ, પણ ગાંધીજીને જોયેલા માણસને જોઇને પણ લોકો આટલા બધા હર્ષઘેલા થતા હતા. આટલી બધી લોકપ્રિયતાનુ કારણ ગાંધીજીની નિઃસ્વાર્થ લોકસેવા જ ગણાય.

લોકપ્રિય માણસ પોતાના જીવનની જેમ અન્યના જીવનમા પણ રસ લે છે, ઘણીવાર તો તે અન્યમય બની જાય છે. સામેનો માણસ પોતાનુ દીલ ખોલીને, ગુપ્તમા ગુપ્ત વાત પણ કહી દેવા પ્રેરાય તેટલો રસ તે લે છે, આટલા પ્રમાણમાં તે સૌનો વિશ્વાસપાત્ર બને છે. દરેકની સાથે તે મીઠો વ્યવહાર રાખે છે. કોઇ માણસ સાથે તેને ન ફાવતું હોય તો તેનુ કારણ શોધી કાઢે છે અને તે કારણને દૂર કરવા પ્રયત્ન કરે છે.

લોકપ્રિયતાના શ્રાવકના ચોથા ગુણને કેળવવા માટે આવુ મીઠુ અને સેવાપરાયણ જીવન જીવવાની જરૂર છે તમને કોઇ ન ચાહતુ હોય તો બીજા પર તેનુ દોષારોપણ કરવાને બદલે, તમે પોતે જ આત્મનિરીક્ષણ કરજો અને તમારા હૃદયમા છુપાઇ રહેલી કડવાશને દૂર કરજો. વાણી અને વર્તનની કડવાશ લોકપ્રિયતામાં બાધક નીવડે છે. એક અગ્રેજ વિદ્વાને કહ્યું છે કે, If no body loves you, be sure it is your own fault — જો તમને

કોઇ ચાહતુ ન હોય તો ખાત્રીથી માનજો કે તેમા તમારી ઉણપ છે, તમારી પોતાની જ ખામી છે, લોકપ્રિયતાના આ ગુણને કેળવવા માટે, આ ખામી દૂર કરવાની અગત્ય છે. જો કોઇ પોતાનુ આત્મ-નિરીક્ષણ કરશે, પોતાનામા રહેલ ખામીઓ દૂર કરશે, અને મેત્રી ભાવ ખીલવશે તે આ ગુણને વિકસાવી શકશે અને કલ્યાણને માર્ગે પ્રગતિ સાધી શકશે.

● ● ●

૫. અક્રૂરતા

કોઇ માણસને અગ્નિ પ્રગટાવવો હોય અને તે ભીના લાકડાં, ભીનું ઘાસ કે લીલાં છાણાં લઇને અગ્નિ પ્રગટાવવા માંડે તો તેમાં અગ્નિ પ્રગટી શકશે નહિ, તેમ જેનું ચિત્ત આસક્તિથી ભીંજાયેલું હોય તેના ચિત્તમાં ધર્મદીપક પ્રગટી શકતો નથી. કોઈ ધન-વૈભવમાં આસક્ત હોય છે, તો કોઇ સ્ત્રી-પુત્ર-પરિવારમા આસક્ત હોય છે, કોઇ ખ્યાતિ મેળવવામાં આસક્ત હોય છે, તો કોઇ અધિકાર મેળવવામા આસક્ત હોય છે, કોઇ બીજાના રૂપમાં આસક્ત હોય છે, તો કોઇ પોતાના દેહમાં આસક્ત હોય છે, આમ મોટો ભાગ વિવિધ બાબતોમાં આસક્તિ સેવી રહેલો જોવામા આવે છે. આવા આસક્ત પુરુષોના ચિત્તમાં ધર્મદીપક પ્રગટી શકતો નથી. આ જાતની આસક્તિ દૂર કરવા માટે શ્રાવકના એકવીસ ગુણોને જીવનમા અપનાવવાની જરૂર છે

પાંચમો ગુણ: અક્રૂરતા

આ એકવીસ ગુણો પૈકી પાચમો ગુણ 'અક્રૂરતા'નો છે. અક્રૂરપણું એટલે ક્રૂરપણાનો ત્યાગ. મનમા રહેલ વેરભાવ કે દ્રોહ માનસિક ક્રૂરતા છે, કઠોર શબ્દો વડે બીજાનું દીલ દુભાવવું તે વાચિક ક્રૂરતા છે. કાયાથી કોઇનું અહિત કરવું તે કાયિક ક્રૂરતા છે. આ પ્રકારની ક્રૂરતાને દૂર કરી, મન-વાણી-વર્તનનું શોધન કરવું તે શ્રાવકનું ખાસ કર્તવ્ય છે

ક્રૂરતા માનવને દાનવ બનાવે છે

ક્રૂરતા માનવને દાનવ બનાવે છે આજે માનવ કરીને ન

હોતો તેવો ક્રૂર બનેલો જોવામા આવે છે. અણુબોમ્બ અને હાયડ્રોજન બોમ્બની શોધ માનવી હૃદયની ક્રૂરતાની સાક્ષી પૂરે છે. લાખો માણસોનો, વર્ષોની મહેનતનો ક્ષણભરમા નાશ કરી શકે તેવા અણુબોમ્બ ફેંકવાની આજ્ઞા આપીને, જે માનવી ખુશ થઇ શકતો હોય તેને માનવ કેમ કહી શકાય ? તેવા માનવમા કેટલી ભયંકર ક્રૂરતા ભરેલી હશે, તેની કલ્પના પણ કમકમાટી ઉપજાવે તેવી છે.

ક્રૂરતા અને શૂરતા બન્ને ભિન્ન બાબતો છે. પોતાના સ્વાર્થ માટે બીજાનો વિનાશ કરવો તે ક્રૂરતા છે, બીજાના સરક્ષણ માટે પોતાનું સમર્પણ કરવુ તે શૂરતા છે અક્રૂરતાનો ગુણ ખીલવવા માટે, શ્રાવકે ક્રૂરતાનો ત્યાગ કરી, શૂરતા ધારણ કરવી જોઇએ.

લોકો સિંહ અને વાઘ-વરૂ જેવા પશુઓને ક્રૂર માને છે, પણ વિચારકો કહે છે કે માનવની ક્રૂરતા પાસે પશુઓની ક્રૂરતા કશા વિસાતમા નથી યુધ્ધોમા થતા લાખો માનવીઓના સહાર આગળ પશુઓની હિંસા નહિવત્ છે. પોતાના જ બધુઓને હણવા માટે થઇ રહેલી વિનાશક નવી ને નવી શોધો બતાવે છે કે પશુની ક્રૂરતા કરતાં માનવની ક્રૂરતા અનેકગણી વધારે છે.

આજ પ્રશ્ન બીજી રીતે વિચારીએ માણસે પશુને વધારે માર્યા હશે કે પશુએ માણસોને વધારે સખ્યામા માર્યા હશે ? સહજ વિચાર કરતા જણાય છે કે પશુએ જેટલા માણસો માર્યા હશે, તેના કરતા હજારો ગણાં વધારે પશુને મારીને, માણસે પોતાનો ખોરાક બનાવેલ છે પશુની ક્રૂરતા તો પોતાના ખોરાક પૂરતી જ મર્યાદિત છે. જ્યારે માનવ તો ખોરાક ઉપરાત બીજા અનેક વિલાસના સાધનો માટે પશુઓની ઘાત કરે છે

પશુએ પોતાની સ્વજાતિનો વિનાશ વધુ કર્યો હશે કે માનવે ? આ પ્રશ્નનો જવાબ પણ એજ છે કે માનવે પોતાના જ માનવ

બંધુઓને જેટલા પ્રમાણમાં હણેલ છે તેટલા પશુઓએ પશુઓને હણેલ નથી. આમ વિવિધ દૃષ્ટિએ માનવની ક્રૂરતા પશુઓની ક્રૂરતા કરતાં અનેકગણી વધી જાય છે.

ક્રૂરતા અનેક દુઃખોને જન્મ આપે છે

ક્રૂરતામાંથી દુઃખની અનેક પરંપરાઓ ઉભી થાય છે, એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે, Man's inhumanity to man makes countless thousands mourn—માનવની માનવ પ્રત્યેની ક્રૂરતા અગણિત દુઃખોને ઉભા કરે છે. ક્રૂર માનવી કદી મનની શાંતિ અનુભવી શકતો નથી, તે કોઈનો પ્રેમપાત્ર કે વિશ્વાસપાત્ર બની શકતો નથી, ક્રૂર માનવીની સારીયે જીંદગી, મૃત્યુ અને જન્માંતર સ્થિતિ દુઃખમય જ પસાર થાય છે.

મૃગાલોઢીઆનું દૃષ્ટાંત

દુઃખવિપાક સૂત્રમાં શાસ્ત્રકારે ક્રૂરતાના પરિણામનું વર્ણન કર્યું છે. દુઃખવિપાકના પહેલા અધ્યયનમાં મૃગાલોઢીયાનું વર્ણન આવે છે. ભગવાન મહાવીરના ફરમાનથી ગૌતમસ્વામી મૃગાલોઢીઆને જોવા પધારે છે, ત્યાં મૃગાલોઢીઆની અવસ્થા જુએ છે. મૃગાલોઢીઓ એક રાજકુમાર હતો, પણ જન્મથી ગોળ પત્થર જેવો માંસના લોચા રૂપે જન્મ્યો હતો. આંખ, કાન, નાક અને મુખને ઠેકાણે કાણાં હતા અને હાથ પગના માત્ર નિશાન જ હતા. લીધેલા આહારનું લોહી અને પરૂ બનતું હતું; ચોવીસ કલાક લોહી અને પરૂ તેના શરીરમાંથી વહ્યા કરતું હતું, શરીર અસહ્ય દુર્ગંધ મારતું હતું, તેથી કોઈ તેની પાસે જઈ શકતું ન હતું. તેને રાજમહેલમાં ભોંયરામાં રાખવામાં આવ્યો હતો. તેની માતા તેને ભોજન આપવા જતી, ત્યારે તેને નાકે કપડું આડું રાખવું પડતું, આવી અસહ્ય દુર્ગંધ તેના શરીરમાંથી નીકળતી હતી.

આ બધુ નજરોનજર જોયા પછી, ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે છે કે, 'હે ભગવાન! મૃગાલોઢીઆની આવી સ્થિતિ કયા કર્મને લીધે થઇ હશે!'

ભગવાન ખુલાસો કરતા ફરમાવે છે કે, 'મૃગાલોઢીઓ પૂર્વ ભવમાં એક મોટો જાગીરદાર હતો, તે સમયે તે જમીનનુ મહેસૂલ ઘણુ વધારે પડતુ લેતો હતો, માણસો ઉપર ખૂબ જુલ્મ ગુજારતો હતો, તેમની સાથે ઘાતકીપણાનો વ્યવહાર ચલાવતો હતો. તે કારણે મૃગાલોઢીઆને આવી સ્થિતિ પ્રાપ્ત થઇ છે.'

ક્રૂરતાનુ આ જન્મમા અને અન્ય જન્મમા આવુ દુખદ પરિણામ ભોગવવુ પડે છે, તેથી ક્રૂરતાના ત્યાગનો સદેશ આ પાચમા ગુણમા આપવામાં આવેલ છે.

ક્રૂરતાના સૂક્ષ્મ પ્રકારો

ગ્રાહકો પાસેથી વધારે પડતો નફો લેવો, ઓછુ આપવુ કે વધારે લેવું, ભેળસેળ કરીને આપવુ, જનતાને વિલાસી અને વ્યસની વસ્તુઓ આપી તેનુ શોષણ કરવુ—જનતાનુ પતન કરવુ, વધારે પડતુ વ્યાજ લેવુ, ઓછો બદલો આપીને વધારે પડતુ કામ લેવુ, ગૃહોદ્યોગનો વિનાશ થાય તેવા યત્રો ઉદ્યોગો ખોલવા, માનવોના સ્વાસ્થ્યને હાનિ પહોચે તેવી સ્થિતિમા માણસોને રાખવા—તે તમામ ક્રૂરતાના સૂક્ષ્મ પ્રકારો છે

કોઇની વૃત્તિચ્છેદ કરવી એટલે કે પ્રત્યક્ષ કે પરોક્ષમા કોઇની આજીવિકા છીનવી લેવી, તે પણ ક્રૂરતા છે, કેમ કે વૃત્તિચ્છેદ અને શિરચ્છેદનુ પાપ આર્યશાસ્ત્રોએ સમાન જ ગણ્યું છે.

ક્રૂરતા પોતાનુ વધુ નુકસાન કરે છે

જે માણસ બીજા પ્રતિ ક્રૂરતાનો વ્યવહાર રાખે છે તેને કોઇ ચાહતુ નથી, તેના પર આપત્તિ આવે ત્યારે કોઇને તેના પર

પશુઓને જેટલા પ્રમાણમાં લાગેલ છે તેટલા પશુઓએ પશુઓને લાગેલ નથી. આમ વિવિધ દષ્ટિએ માનવની ક્રૂરતા પશુઓની ક્રૂરતા કરતાં અનેકગણી વધી જાય છે.

ક્રૂરતા અનેક દુઃખોને જન્મ આપે છે

ક્રૂરતામાંથી દુ:ખની અનેક પરંપરાઓ ઉભી થાય છે, એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે, Man's inhumanity to man makes countless thousands mourn—માનવની માનવ પ્રત્યેની ક્રૂરતા અગણિત દુ:ખોને ઉભા કરે છે. ક્રૂર માનવી કદી મનની શાંતિ અનુભવી શકતો નથી, તે કોઇનો પ્રેમપાત્ર કે વિશ્વાસપાત્ર બની શકતો નથી; ક્રૂર માનવીની સારીયે જીંદગી, મૃત્યુ અને જન્માંતર સ્થિતિ દુઃખમય જ પસાર થાય છે.

મૃગાલોઢીઆનું દષ્ટાંત

દુઃખવિપાક સૂત્રમાં શાસ્ત્રકારે ક્રૂરતાના પરિણામનું વર્ણન કર્યું છે. દુઃખવિપાકના પહેલા અધ્યયનમાં મૃગાલોઢીઆનું વર્ણન આવે છે. ભગવાન મહાવીરના ફરમાનથી ગૌતમસ્વામી મૃગાલોઢીઆને જોવા પધારે છે, ત્યાં મૃગાલોઢીઆની અવસ્થા જુએ છે. મૃગાલોઢીઓ એક રાજકુમાર હતો, પણ જન્મથી ગોળ પત્થર જેવો માંસના લોચા રૂપે જન્મ્યો હતો. આંખ, કાન, નાક અને મુખને ઠેકાણે કાણાં હતા અને હાથ પગના માત્ર નિશાન જ હતા. લીધેલા આહારનું લોહી અને પરૂ બનતું હતું; ચોવીસ કલાક લોહી અને પરૂ તેના શરીરમાંથી વહ્યા કરતું હતું, શરીર અસહ્ય દુર્ગંધ મારતું હતું, તેથી કોઇ તેની પાસે જઇ શકતું ન હતું, તેને રાજમહેલમાં ભોંયરામાં રાખવામાં આવ્યો હતો. તેની માતા તેને ભોજન આપવા જતી, ત્યારે તેને નાકે કપડું આડું રાખવું પડતું, આવી અસહ્ય દુર્ગંધ તેના શરીરમાંથી નીકળતી હતી.

આ બધુ નજરોનજર જોયા પછી, ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે છે કે, 'હે ભગવાન! મૃગાલોઢીઆની આવી સ્થિતિ કયા કર્મને લીધે થઇ હશે!'

ભગવાન ખુલાસો કરતા ફરમાવે છે કે, 'મૃગાલોઢીઓ પૂર્વ ભવમાં એક મોટો જાગીરદાર હતો, તે સમયે તે જમીનનુ મહેસૂલ ઘણુ વધારે પડતુ લેતો હતો, માણસો ઉપર ખૂબ જુલ્મ ગુજારતો હતો, તેમની સાથે ઘાતકીપણાનો વ્યવહાર ચલાવતો હતો. તે કારણે મૃગાલોઢીઆને આવી સ્થિતિ પ્રાપ્ત થઇ છે.'

ક્રૂરતાનુ આ જન્મમા અને અન્ય જન્મમા આવુ દુઃખદ પરિણામ ભોગવવુ પડે છે, તેથી ક્રૂરતાના ત્યાગનો સદેશ આ પાંચમા ગુણમાં આપવામા આવેલ છે.

ક્રૂરતાના સૂક્ષ્મ પ્રકારો

ગ્રાહકો પાસેથી વધારે પડતો નફો લેવો, ઓછુ આપવું કે વધારે લેવું, ભેળસેળ કરીને આપવુ, જનતાને વિલાસી અને વ્યસની વસ્તુઓ આપી તેનુ શોષણ કરવુ—જનતાનું પતન કરવુ, વધારે પડતુ વ્યાજ લેવુ, ઓછો બદલો આપીને વધારે પડતુ કામ લેવુ, ગૃહોદ્યોગનો વિનાશ થાય તેવા યંત્રો ઉદ્યોગો ખોલવા, માનવોના સ્વાસ્થ્યને હાનિ પહોંચે તેવી સ્થિતિમા માણસોને નાખવા—તે તમામ ક્રૂરતાના સૂક્ષ્મ પ્રકારો છે.

કોઇની વૃત્તિચ્છેદ કરવી એટલે કે પ્રત્યક્ષ કે પરોક્ષમા કોઇની આજીવિકા છીનવી લેવી, તે પણ ક્રૂરતા છે, કેમ કે વૃત્તિચ્છેદ અને શિરચ્છેદનુ પાપ આર્યશાસ્ત્રોએ સમાન જ ગણ્યું છે.

ક્રૂરતા પોતાનુ વધુ નુકસાન કરે છે

જે માણસ બીજા પ્રતિ ક્રૂરતાનો વ્યવહાર રાખે છે તેને કોઇ ચાહતુ નથી; તેના પર આપત્તિ આવે ત્યારે કોઇને તેના પર

ઇશ્વરને કર્તા તરીકે માનનારાઓના શબ્દોમા કહીએ તો જે ઇશ્વ રયા કરે છે તેને બીજા કોઇથી ડરવાપણુ રહેતુ નથી, તેથી જ પાપભીરુતાને શ્રાવકના એકવીસ ગુણોમા સ્થાન આપવામા આવ્યુ છે

પાપભીરુતા : સુખવર્ધક ગુણ

પાપકર્મથી જીવને સમાગ્મા અનેક પ્રકારનુ દુ ખ ભોગવવુ પડે છે, એટલે આપને જો દુ ખ પસદ ન હોય તો પાપકર્મથી ડરતા રહેવુ જોઇએ.

માણસને સુખ ગમે છે, દુ ખ કોઇને પસદ નથી, પુણ્યથી સુખની પ્રાપ્તિ થાય છે, જ્યારે પાપથી દુ.ખની પ્રાપ્તિ થાય છે માટે સુખની પ્રાપ્ત અર્થે અને દુ ખની મૂક્તિ અર્થે પાપનો ત્યાગ કરવો જોઇએ અને પુણ્ય આચરવુ જોઇએ.

બાવળના બી વાવીને, કેરીના ફળની આશા રાખવી નિરર્થક છે; તેવી જ રીતે પાપનો આશ્રય લઇને, પુણ્યના ફળની અર્થાત્ સુખની આશા રાખવી અસ્થાને છે, માટે જો તમારે સુખ જોઇતુ હોય અને ચારેય ગતિના અનેકવિધ દુ ખોમાથી મૂક્તિ મેળવવી હોય તો પાપભીરતાનો આ ગુણ જીવનમા વિકસાવવો જોઇએ.

ભીરુતા એટલે ત્રિવિધ પાપથી દૂર રહેવું

સુયગૂડાગ સૂત્રમા ભગવાન ફરમાવે છે કે, सिह जहा खुड्ड-मिगा चरता, दूरे चरति परिसंकमाणा! एव तु मेहावी समिक्ख धम्मं, दूरेण पावं परिवज्जएज्जा ॥ જેમ મૃગલાઓ ચરતાં ચરતા સિહની આશંકા રાખતાં દૂર દૂર ફર્યા કરે છે તેમ વિવેકી પુરુષ ધર્મ સામે દષ્ટિ રાખી, પાપનો દૂરથી જ ત્યાગ કરે છે મન, વાણી અને કર્મની કોઇ પણ પ્રવૃત્તિમા તે પાપને સ્પર્શવા દેતો જ નથી, મનથી કોઇનુ આહત ચિતવવુ તે માનસિક પાપ છે, વચનથી અસત્ય બોલવુ કે કોઇનુ દિલ દુભાવવુ તે વાચિક

પાપ છે; કાયાથી કોઇને કષ્ટ આપવુ તે કાયિક પાપ છે.

ભીરુતા એટલે જાગૃત

મનમાં જરા પણ પાપનો વિચાર આવતાં જ તેને મૂળમાથી ઉખેડી ફેંકી દેવો જોઇએ. મનમાં ઉદ્દભવેલ પાપના વિચારને ઉખેડીને ફેંકી દેવામાં ન આવે તો તે વિચારને વાણી અને વર્તન સુધી પહોચતા વાર નથી લાગતી. વિચારમાં આવેલુ પાપ ઉચ્ચાર અને આચારમા ઝડપભેર પ્રસરી જાય છે, તેથી પાપનો વિચાર આવે કે તરત જ તેને હાંકી કાઢવો જોઇએ.

પાપના વિચાર માત્રને હાંકી કાઢો

બે માણસના પગને અંગુઠે સાપ કરડે છે, એક માણસ તુરત અંગુઠો કાપીને ફેંકી દે છે અને પરિણામે તેની જીંદગી બચી જાય છે. બીજો માણસ વિચાર કરે છે કે સાપ તો પગને અંગુઠે કરડયો છે ને? તે તો ઉતરી જશે! તેમાં અંગુઠો કાપવાની શી જરૂર છે? પરિણામે તેને આખા શરીરમા વિષ વ્યાપે છે અને તે મૃત્યુને શરણ થાય છે. સર્પના ઝેરની માફક જ પાપના ઝેરનુ છે. અંગુઠો કાપી નાખનારની જીંદગી બચી ગઇ અને જેમણે અંગુઠો ન કાપ્યો તેના આખા શરીરમા વિષ વ્યાપક બન્યુ; તેવી જ રીતે પાપનો વિચાર મનમા પ્રવેશતાં જે તેને કાઢીને જે દૂર ફેંકી દે છે તે માનવી પાપકર્મથી બચી જાય છે, પણ જે પાપના વિચાર પ્રતિ ઉપેક્ષા સેવે છે તે પાપના વિચારને ફેલાવાની અનુકૂળતા આપે છે. તે પાપનો વિચાર ઠેઠ ઉચ્ચાર અને આચાર સુધી પહોચી જાય છે.

પાપી વિચાર વિનાશ નોતરે છે

મહાત્માજીની હત્યા કરનાર ગોડસેને વર્ષો પહેલા લાગતુ હતુ કે મહાત્માજી હિન્દુ ધર્મનો નાશ કરી રહ્યા છે. મહાત્માજી જ્યારે

વાનને પૂછ્યુ કે, 'હે ભગવાન! મારા જેવુ જગતમાં કોઇ દુખી હશે ખરૂ ?'

કેવળી ભગવાને ફરમાવ્યુ કે, 'હે બાલિકા! તારાથી પણ અધિક દુઃખી જીવો આ જગતમાં વસે છે, તેનુ વર્ણન તુ સાંભળીશ ત્યારે તેનો તને યથાર્થ ખ્યાલ આવશે.

નરકની અંદર અત્યંત ગરમી અને અત્યંત ઠંડી હોય છે, લોઢાનો પર્વત ત્યાં મૂકયો હોય તો ગરમીથી પાણી જેવો પ્રવાહી થઇને વહેવા લાગે એટલી ત્યાંની ભૂમિ ગરમ છે, સાતમી નરકમાં એટલી ઠંડી હોય છે કે લોખંડી પર્વત ત્યાં મૂકતાં જ ફાટે અને રેતી જેવો બની જાય. નારકીઓના દેહ ત્યાં શેરડીની માફક પીલાય છે, કરવતથી કપાય છે, ઉકળતા તેલમાં તેમને તળાય છે. સીસા અને ત્રાંબાના રસ તેમને પરાણે પાવામાં આવે છે. આવા વિવિધ દુઃખો નારકીના જીવોને પૂર્વના પાપ કર્મને લીધે ભોગવવા પડે છે, તેના પર ત્યાં કોઇ દયા કરનારૂ હોતું નથી. પૂર્વના કર્મને યાદ કરી, તે આક્રંદ કરે છે અને રડે છે, હે બાલિકા! તને આવુ દુઃખ તો નથી ને ?'

'વળી હે કન્યા તિર્યંચ યોનિના દુખ તો તારી નજરે દેખાય તેવા છે, બગલાઓ માછલાને લાંબી ચાંચથી પકડીને ગળી જાય છે, ત્યારે માછલાઓને કેવુ દુઃખ થતુ હશે! સિંહ હરણાઓનો શિકાર કરે, ત્યારે હરણાંઓની સ્થિતિ કેવી થતી હશે! શિકારીઓ નિર્દયપણે પશુઓનો શિકાર કરે છે, તેમના માંસ અને ચામડાં કાઢી લે છે, હાથી વગેરેને પકડે છે. ગાય, ભેંસ, બળદ, ઘેટાં, વગેરેને આખી જીંદગી કેદખાનાની જેમ માણસ પરાધિનપણે રાખે છે, ત્યારે તેમને કેટલુ દુ:ખ ભોગવવુ પડે છે! તેમના દુઃખને કોઇ દૂર કરનારૂ નથી કે નથી કોઇ તેની દુખદ વાણીને સાંભળનારૂ. પશુ–પક્ષીઓ માંદા પડે, ત્યારે

નથી કોઇ તેમની સુશ્રુષા કરનાર કે નથી કોઇ તેમને દવા આપનાર ! હે કન્યે, તને આવુ દુ:ખ તો નથી ને ?'

'વળી હે કન્યા ! મનુષ્યોની અંદર પણ કેટલાંક જન્મથી આંધળાં, બ્હેરા, લૂલા, લંગડા, મુંગા અને અપંગ હોય છે, તેમને આખી જીંદગી પરાધિનપણે વિતાવવી પડે છે. હે બાલિકા ! તને તો આવું કશુ દુ:ખ નથી ને ?'

કેવળી ભગવંતે નિર્નામીકાના મનનુ સમાધાન કરતા આગળ ફરમાવ્યુ કે, 'જીવો પુણ્યના યોગે દેવલોકમાં ઉત્પન્ન થાય છે ત્યાં પણ બાહ્ય ઇન્દ્રિય સુખોની અનુકૂળતા હોવા છતા રાગ, દ્વેષ, મોહ, મત્સર્ય, અજ્ઞાન, અતૃપ્તિ આદિ ભાવોથી દુ:ખ જ અનુભવાય છે, પોતાના કરતાં ઓછી ઋદ્ધિવાળા દેવ પ્રતિ તેમને અનાદર અને તિરસ્કાર ઉપજે છે. પોતાના કરતા વધારે ઋધ્ધિવાળા દેવો પ્રતિ તેમને ઇર્ષા અને અદેખાઇ ઉપજે છે. હલકી ઋધ્ધિવાળા દેવોને મહર્દિક દેવોને આધિન રહેવુ પડે છે. ઇન્દ્રને જરૂર પડે ત્યારે તેમની આજ્ઞા મુજબ દેવોને પશુનુ રૂપ ધારણ કરવુ પડે છે, કેટલાકને વાજા વગાડનાર બનવુ પડે છે, કેટલાકને સૈનિક તથા રક્ષક તરીકે કામ કરવુ પડે છે, કેટલાક દેવતાઓ તો અત્યંજ જેવા હોય છે, તેમને મોટા દેવતાની સભામાં કોઇ બોલવા દેતા નથી, આયુષ્ય પૂરૂ થવાનુ હોય, ત્યારે છ મહિનાથી તેમને વિચાર આવ્યા કરે છે કે 'હવે આ સુખોપભોગ છોડીને મનુષ્ય-તિર્યંચ ગતિમા જવુ પડશે. ગર્ભ જેવી ગંદી-જગ્યામા અંધાર કોટડીમા નવ માસ વિતાવવા પડશે.' આવા વિચારો આવતાં દેવો નરકના જીવ માનસિક દુ:ખ અનુભવે છે. આમ પાપનુ ફળ ચારે ગતિના જીવોને વિધવિધ રીતે ભોગવવુ પડે છે.'

આ બધુ સાંભળીને કન્યા બોલી ઉઠી : 'આ બધા જીવોની અપેક્ષાએ હુ કઇંજ દુખી નથી, પણ હે ભગવાન ' આ

પાપોમાંથી મુક્ત થવામાં પ્રગતિ છે.

કોઈ માણસ સારૂ કામ કરતો હશે તો પણ લોકો તેની ખુબીઓ જોવાને બદલે ખામીઓ જ જોવા અને ગોધવા પ્રયત્ન કરશે. સરકારનો સાચો કે ખોટો દોષ કાઢવાનુ સામાન્ય થઈ પડ્યુ છે, પરન્તુ સરકારે કયા કયા સારા કાર્યો કર્યા તે પ્રતિ કોઈની દૃષ્ટિ ભાગ્યે જ જાય છે. માણુસો બીજાના દોષો જોવાને બદલે પોતાના દોષો જોવા પ્રયત્ન કરે અને તે દોષો દૂર કરે તો કેટલાયે અનર્થો દૂર થઈ જાય, અગ્રેજીમા એક સુદર કહેવત છે કે, It is very easy to criticise but very difficult to sacrifice– કોઈની ટીકા કરવી એ બહુ સહેલુ છે, પણ ભોગ આપવો એ બહુ કઠીન કાર્ય છે. એક તત્ત્વજ્ઞે કહ્યુ છે કે, He is littlest who belittles others –જે બીજાને હલકો પાડે છે તે પોતે સૌથી હલકો બને છે; તેથી પાપભીરુ માનવી કદી સ્વમુખેથી બીજાની નિંદા કરતો નથી, એટલુ જ નહિ પરતુ કોઈની નિંદા સાભળવામા પણ રસ અનુભવતો નથી. પાપભીરુ માનવી આ અઢાર પાપોમાંથી બચવાને માટે સદા પ્રયત્નશીલ રહે છે અને જીવની સાધનામાં પ્રગતિશીલ બનીને. પોતાનુ કલ્યાણ કરે છે



૭. અશઠપણું

વિષય-કષાયનું બંધન તોડો

લોઢાના તપેલા ઘણ પર પાણીનુ ટીપુ નાખતા જ નાશ પામે છે, તેવી જ રીતે જે ચિત્તની અંદર વિષયોની આસક્તિ અને કષાયોની પ્રબળતા હોય છે તેમા ધર્મભાવના ટકી શકતી નથી ધર્મભાવના તેવા ચિત્તમા દાખલ થતા જ નાશ પામે છે. આ વિષય-કષાયને ત્યજ્યા વિના આત્મકલ્યાણ થઈ શકતુ નથી

દરેક ધર્મક્રિયાનો ઉદ્દેશ વિષય-કષાયને જીતવાનો જ છે, તેમા જ ધર્મક્રિયાની સફળતા રહેલી છે, બાકી તો ભગવાને ફરમાવ્યુ છે કે શબ્દ, રૂપાદિ વિષયોને છોડયા વિના અને ક્રોધ, લોભ, તૃષ્ણા, આદિને જીત્યા વિના બાહ્ય ક્રિયામા ભલે મેરુ જેટલા ધર્મોપકરણો વાપરી નાખવામાં આવે તો પણ સફળતા તો દૂર જ રહેવાની.

મથુરામા ચોબાઓ રહે છે, તેઓ ખૂબ માલ મલીદા ખાય છે, પછી ભાંગ પીએ છે એક વાર બે ચોબાઓ ખૂબ ભારે ખોરાક ખાઈને અને ઉપર ભાગ પીને, મથુરાથી ગોકુળ જોવા નીકળ્યા, ભાંગનો નશો તો ચડેલો હતો. બંને ઘાટ પર આવ્યા અને હોડીમા બેઠા. બંને જણ ખૂબ જોરથી હલેસા મારવા લાગ્યા હોડી ઉચી નીચી ને આઘીપાછી થવા લાગી, ચોબાઓ નશામા ને નશામા વિચારવા લાગ્યા કે હમણા જ ગોકુળ આવશે નશો ઉતર્યો ત્યારે તેમને માલૂમ પડ્યુ કે ગોકુળને બદલે, મથુરાના ઘાટે જ તેઓ પડ્યા હતા '

છાવણીમા જઇને અશ્વત્થામાએ સુતેલા પાચ રાજપુત્રોના માથા કાપી લીધા, લોહી નીતરતા માથાને કપડામા વીંટી, તે તુરત જ દુર્યોધન પાસે આવ્યો. લોહી નીતરતા માથાં જોઇ, દુર્યોધન હરખાયો, પણ માથા કપડામાથી ખુલ્લા થતાં જ તે નિરાશ થયો અને બોલી ઉઠ્યો, 'અરે આ તો અનર્થ થયો, તે તો પાડવોને બદલે દ્રૌપદીના પાચ પુત્રોને મારી નાખ્યા; મારે વેર તો પાડવો સાથે છે. આ તો જેવા પાડવોના પુત્રો તેવા જ મારા પુત્રો છે, અમારા કુળના આશા દીપકો છે.' એમ બોલતાં બોલતાં દુર્યોધને છેલ્લો શ્વાસ છોડ્યો.

આ તરફ પાડવોની છાવણીમા ભારે હાહાકાર મચ્યો. દ્રૌપદીએ કલ્પાત શરૂ કર્યું. ભીમ, અર્જુન, આદિને પણ ભારે આઘાત થયો અને ઝનૂન પણ ચઢ્યુ. દ્રૌપદીએ પ્રતિજ્ઞા કરી કે, 'મારા પુત્રોનો વધ કરનારનો હુ વધ ન કરૂ તો હુ ચિતા ખડકીને બળી મરૂ.' ભીમ, અર્જુન અને શ્રી કૃષ્ણ વધ કરનારને ગોધવા નીકળ્યા અને છેવટે અશ્વત્થામાને દોરડાથી બાધીને દ્રૌપદી પાસે હાજર કર્યો. અશ્વત્થામા પિજરામા પરાયેલ સિહની જેમ દીન બનીને, નીચે દષ્ટિ રાખીને ઉભો હતો. મૃત્યુ એની નજર સામે ડોકીયા કરી રહ્યુ હતુ. ભીમે દ્રૌપદીને તલવાર આપતા કહ્યુ, 'તમારા પાંચ નિર્દોષ પુત્રોને મારનાર આ અધમ બ્રાહ્મણ તમારી સામે ઉભો છે આ તલવાર લ્યો, જેમ તેણે તમારા પાચ નિર્દોષ પુત્રોના માથા કાપી નાખ્યા છે તેમ તમે પણ તેનુ માથુ ઉતારી શકો છે, આવો અધમ માનવી આ પૃથ્વી પર જીવવાને લાયક નથી.' ભીમના વચન સાભળી સૌ ગભીર બન્યા, વાતાવરણ ગભીર અને ઉગ્ર હતુ, દ્રૌપદીનો ઉશ્કેરાટ, વિલાપ અને દુ:ખ સૌ જાણતા હતા, એટલે સૌની દષ્ટિ દ્રૌપદી અને તલવાર પ્રતિ મડાઇ ગઇ હતી

દ્રૌપદી એકાએક બોલી ઉઠી, 'નાથ, તમે આને જીવતો

બાંધીને મારી પાસે મૂક્યો તે તમને ગૌરવાસ્પદ છે, પરન્તુ હવે તેને જીવતો છોડી મૂકો અને આ તલવારને મ્યાન કરી દૂર કરો. દોરડાથી બંધાયેલ આ અશ્વત્થામા તલવાર ક્યારે તેના ગળા પર ફરી વળશે, એ બીકે આંખો ફેરવે છે ત્યારે મને એની માતા કૃપી યાદ આવે છે. અશ્વત્થામા મારા પુત્રનો વધ કરનારો છે, તેથી એ મારો દુશ્મન ગણાય, પરન્તુ તે કૃપીનો તો વ્હાલો પુત્ર જ છે, મારા પુત્રો જેવા મને વ્હાલા હતા તેવો જ અશ્વત્થામા કૃપીને વ્હાલો હોય જ. તમે જ્યારે ગુરુને ત્યાં ભણતા, ત્યારે કૃપી તમને માતાની જેમ પોતાની ગોદમાં રાખતા અને તમારી આંખ કે માથું દુખતા ત્યારે તે દુઃખી થતા. એ જ કૃપીનો આ પુત્ર છે જો અશ્વત્થામાનો વધ કરવામાં આવે તો હું તો માતા તરીકે પુત્રવિયોગનું દુઃખ અનુભવી રહી છું તેમાં એકનો વધારો થાય, એક વધારે માતાને પુત્રવિયોગના દુઃખનું હું નિમિત્ત બનું, અશ્વત્થામાના વિયોગથી તેની માતા કૃપીને કેટલું દુઃખ થશે તેની કલ્પના જ મને કંપાવે છે, માટે નાથ, તેને છોડી મૂકો અને તલવાર મ્યાન કરો કોઈનું અપમાન કરવું તે તેનું માથું કાપવા બરાબર છે, અશ્વત્થામાનું જે અહીં માનભંગ થયું છે, તેથી મારી પ્રતિજ્ઞા પણ પૂરી થઈ ગઈ છે.'

સાચા સુખની પ્રાપ્તિનો ઉપાય

પોતાના પુત્રોનો વધ કરનાર પ્રતિ પણ દ્રૌપદીએ કેટલી બધી સજ્જનતા દાખવી તે મહાભારતના આ પ્રસંગથી જાણી શકાય છે ' 'शठं प्रति सत्त्वं'નું આ ઉજ્જવળ દૃષ્ટાન્ત છે જીવનમાં પ્રગતિ સાધવા ઇચ્છનાર શ્રાવકે, આ ગુણ કેળવીને, સજ્જનતાનો આદર્શ રજૂ કરવો જોઈએ, તેથી સાચું સુખ પ્રાપ્ત કરી શકાશે

☆

પડયુ હશે તો તેના માટે હજારો રૂપીઆ ખર્ચવામા આવશે પણ બાળક દક્ષ, કુશળ અને ડાહ્યો બને તે માટે પ્રયત્ન કરવામાં નહિ આવે, તંદુરસ્તીની જેટલી જરૂર શરીર માટે છે, તેથી વિશેષ જરૂર મન દુરસ્ત રાખવાની પણ છે

જીવન ઉન્નત બનાવવામાં દક્ષતા સહાયક બને છે

ડાહ્યો માણસ થોડા સમયમા જીવનને ઉન્નત બનાવી શકે છે, જ્યારે મૂર્ખ માણસ આખી જીંદગી જેટલા સમયમાં પણ કંઇ કરી શકતો નથી, તેથી જ એક વિદ્વાને કહ્યુ છે કે, A wise man's day is worth a fool's life– મૂર્ખ માણસની આખી જીંદગી કરતા કુશળ અને દક્ષ પુરૂષનો એક દિવસ પણ વધારે કિંમતી છે, કારણ કે ડાહ્યો માણસ થોડા સમયમા પોતાની દક્ષતા વડે ઉત્તમ કાર્ય કરી શકે છે તેથી શ્રાવકે આ સુદાક્ષિણ્યનો ગુણ ખીલવી, આત્મસુખની પ્રાપ્તિ કરવી જોઇએ.



૯. લજ્જાવંત

મન અને આત્માના રોગની દિવ્ય ઔષધિ

માણસને કંઈ દર્દ થયું હોય કે શરીરમાં ગોળી વાગી હોય તો શું રોગ છે કે કયાં ગોળી છે તે જોવા માટે 'એક્સ રે' વડે ફોટો પડાવવામાં આવે છે-જેથી યથાર્થ નિદાન થઈ શકે દાક્તર તેનું નિદાન કરીને, ઉપાય બતાવે છે, તેમ મન અને આત્માના રોગો જાણવા માટે સદ્‌ગુરુ પાસે જવું જોઈએ. સાધારણ માણસ પોતાના મનના રોગને સમજી શકતો નથી, પણ સદ્‌ગુરના દિવ્ય ચક્ષુ વડે તે તુરત પારખી શકાય છે, શરીરનો રોગ દૂર ન થાય ત્યાં સુધી માણસને ચેન પડતું નથી તેમ આત્માનો રોગ દૂર ન થાય ત્યાં સુધી માણસને ચેન પડતું ન જોઈએ. મનના કે આત્માના તમામ રોગોને દૂર કરવા માટે ભગવાન મહાવીરે શ્રાવકના એકવીસ ગુણ દર્શાવ્યા છે—જેને જીવનમાં ઉતારીને કોઈ પણ વ્યક્તિ આત્મવિકાસ સાધી શકે છે

નવમો ગુણ લજ્જાવંતપણું

શ્રાવકના એકવીસ ગુણોમાં નવમો ગુણ 'લજ્જાવંતપણા'નો છે આ ગુણનો ઉપાસક મહાપુરુષોની લજ્જા રાખતો થકો, પ્રગટ રીતે કે ગુપ્તપણે કોઈ પણ દુષ્કર્મ આચરે નહિ, લજ્જા સર્વ ગુણોના ભૂષણરૂપ છે

ગીતામાં દૈવી સંપત્તિનું વર્ણન આવે છે, તેમાં 'હ્રી' એટલે શરમ-લાજને તેરમો ગુણ બતાવવામાં આવ્યો છે જે [illegible]

જાહેર રીતે કરતા શરમ થાય ને કાર્ય જાહેર રીતે કે ગુપ્તપણે કદી ન કરવું, તેમાં લાજ-શરમ રહેલી છે, લજ્જાળુ આવું કાર્ય કદી કરે નહિ, ગમે તેટલું નુકશાન થાય તો તે સહન કરે, પ્રાણનો ભોગ આપવો પડે તો તે આપવા પણ લજ્જાળુ તત્પર થાય પરન્તુ શરમ ભરેલું કાર્ય તે કદી કરશે નહિ આ જાતની 'હ્રી' અર્થાત્ શરમ જેનામાં નથી તે નિર્લજ અથવા સ્પષ્ટ વાણીમા નાગો કહેવાય છે.

લજ્જાનુ બીજું નામ: આબરૂ

લજ્જા આબરૂને નામે પણ ઓળખાય છે, આબરૂ અથવા શાખ ગુમાવવા કરતા માણસ પ્રાણ ગુમાવવાનુ પસંદ કરે છે, માણસમા રહેલી શરમ કે આબરૂ તેની આખરી મૂડી છે. માણસ ગમે તેટલો સ્વચ્છંદપણે વર્તે, પણ જો તેનામા શરમનો છાંટો હશે, તો તે વહેલો કે મોડો ઠેકાણે આવી શકશે, પણ જેનામા શરમ જ નથી તેને સુધારવાનો અવકાશ નથી.

વિકાસ માર્ગમાં સહાયક ગુણો

આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે-**लज्जा दया सजम वंभचेर, कल्लाण भागीस्स विसोहि ठाण ।** લજ્જા, દયા, સયમ અને બ્રહ્મચર્ય-એ ચારે વિશુદ્ધિ સ્થાનો કલ્યાણના ઇચ્છુક સાધકને વિકાસ માર્ગમા ઉપયોગી સહાયકો છે.

મનુષ્યના અનેક સદ્‌ગુણો પૈકી લજ્જા પણ એક સદ્‌ગુણ છે-જેને લઇને અનેક ખરાબ કામોથી બચી શકાય છે, કદાચ કોઇ પ્રબળ નિમત્ત કઇ અયોગ્ય કાર્ય થઇ જવા પામે તો પણ લજ્જાળુ હૃદયમા અવશ્ય ખેદ ઉત્પન્ન થશે, શરમ ઉત્પન્ન થશે, અને ફરી તેવી ભૂલ ન થાય તે માટે લજ્જાળુ કાળજી રાખશે. ખરે લજ્જાવત માણસ જુગાર, વ્યભિચાર, કુસગત વગેરે દુર્ગુણોમાં કદાચ સપડાઇ જશે તો પણ લજ્જાનો ગુણ તેનામા અખડ રહેવા

પામ્યો હશે તો તે દુર્ગુણોમાંથી મુક્ત થઇ શકશે અને ફરી પાછો વિકાસના માર્ગે આવી શકશે, જ્યારે નિર્લજ્જ માણસ ગમે તેટલા ઉપાયો કરવામાં આવે તો પણ સુધરી શકશે નહિ ગૃહસ્થ અને ત્યાગી-બન્નેને માટે વિકાસ સાધવામાં આ ગુણ એક સરખી-રીતે સહાયક બને છે.

શરમ છે ત્યાં સુધરવાનો અવકાશ છે

બર્ક નામના એક પ્રસિદ્ધ અંગ્રેજ વિદ્વાને શરમ માટે કહ્યું છે કે, While shame keeps watch, virtue is not wholly extinguished from the heart nor will moderation be utterly expiled from the mind of the tyrants જ્યાં સુધી શરમ તમારા હૃદયની ચોકી કરે છે ત્યાં સુધી સદ્‌ગુણોનો દીવો ગમે તેટલો ઝાંખો પડે તો પણ તે તદ્દન ઓલવાઇ જતો નથી જુલ્મીના હૃદયમાં પણ જો શરમ હશે તો કોમળતા અને નમ્રતા પણ તદ્દન મરી જશે નહિ

બીજા એક અંગ્રેજ વિદ્વાન લખે છે કે, 'I never wonder to see men wicked, but I often wonder to see them not ashamed' દુષ્ટ માણસને જોઇને મને આશ્ચર્ય નથી થતું, પરન્તુ તે પોતાની દુષ્ટતા માટે શરમાતો નથી તે જોઇને મને આશ્ચર્ય થાય છે

આ ગુણનો દુરૂપયોગ નિર્બળતા છુપાવવાનું સાધન !

આ લજ્જાળુપણાનો ગુણ સ્ત્રી તથા પુરુષ, યુવક અને વૃદ્ધ-દરેક માટે જરૂરી છે. સ્ત્રીઓમાં આ ગુણ સ્હેજે હોય છે પણ ઘણી વાર સ્ત્રીઓમાં આ ગુણનો સદુપયોગને બદલે દુરૂપયોગ થાય છે. કોઇ કોઇ સ્ત્રીઓ નિંદ્ય કામ કરતા શરમાતી નથી, પણ સારું કામ કરવું હોય ત્યારે તે શરમાય છે! માનો કે જ્ઞાતિની સાથે

દેશને અઠવાડિયા જેટલું અનાજ પૂરું પાડ્યું હતું. વીંટી વેચતા પહેલા પ્રધાનોએ તેમને ઘણી રીતે સમજાવ્યા અને કહ્યું કે આવી વીંટી ફરીથી નહિ મળે. પરંતુ તેમણે જવાબ આપ્યો કે, 'આવી વીંટી મળશે, પરન્તુ પ્રજાના દુઃખ દૂર કરવા માટે આ વીંટીનો ઉપયોગ કરવાની તક ફરી નહિ મળે.' તેમનું હૃદય કેટલું દયાળુ હતું તેનો ખ્યાલ આ પરથી આવી શકશે.

દયા એ જ સાચું રત્ન છે. દરેક માણસે આવું દયાળુ હૃદય બનાવવું જોઈએ. બીજા પર દયા કરવાથી, માણસને અંતરની શાતાની પ્રાપ્તિ થાય છે, જેથી દરેકે આ ગુણ ખીલવવા જરૂરી છે.



૧૬. ગુણાનુરાગી

દુઃખ દૂર કરવાનો ઉપાય

શરીરમાં દર્દ થાય તો માણસ ડાક્ટર પાસે જાય છે, ડાક્ટર ચોળવાની અને ખાવાની દવા આપે છે, પણ માણસ જો ખાવાની દવા શરીર પર ચોપડે અને શરીર પર ચોપડવાની દવા પેટમાં ખાય તો દર્દ ઘટવાને બદલે વધે છે.

તેવી જ રીતે સંસારમાં માનવીના દુઃખો દૂર કરવા માટે બે સાધનો છે ધર્મ અને ધન. ધનથી શારીરિક દુઃખો–ક્ષુધા, તૃષા, શીત, ગરમી, આદિ નિવારી શકાય છે અને ધર્મથી માનસિક તથા આધ્યાત્મિક દુઃખો તથા જન્મ–મરણ અને વ્યાધિના દુઃખો નિવારી શકાય છે. માનવી માટે ધર્મ પીવાની દવા છે અને ધન ચોપડવાની દવા સમાન છે, પરંતુ આજે મનુષ્ય ધર્મ પીવાની દવા ફક્ત ઉપરથી ચોપડી રહેલ છે અને ધન–જે ફક્ત ઉપરથી ચોપડવાની દવા સમાન છે તે ખાઈ રહેલ છે! અન્ય શબ્દોમાં કહીએ તો ધર્મ મનને નિઃસ્વાર્થ અને સત્યનિષ્ઠ બનાવવા માટે તથા ચિત્તને નિર્વિકાર બનાવવા માટે છે. તેને બદલે આજે માનવી ઉપર ઉપરથી ધર્મક્રિયા કરી જીવનમાં સંતોષ અનુભવતો રહેલ છે, પરંતુ જીવનને ધર્મમય બનાવતો નથી. તેવી જ રીતે [illegible] પરંતુ ધન મેળવીને [illegible] જોઈએ, તેને બદલે આજે માનવીએ ધનને પોતાના જીવનનું ધ્યેય બનાવેલ છે. આથી માનવીનાં દુઃખ–દર્દ ઘટવાને બદલે વધ્યાં

પામેલ છે

ધર્મની દવા પીને રોગમા ઉગારવા માટે ભગવાન મહાવીરે શ્રાવકના એકવીસ ગુણ ફરમાવ્યા છે, તેમા અગ્યારમો ગુણ ગુણાનુરાગીપણાનો છે.

ચકમકના પથ્થરમા અગ્નિ હોય છે. એ પથ્થર સો વર્ષ પાણીમા પડ્યો રહે તો પણ પોતાના ગરમીના સ્વભાવને છોડતો નથી, તેવી જ રીતે ગમે તેવા વિપરીત સંયોગોમા પણ માણસે પોતાનો ધર્મ ત્યજવો જોઈએ નહિ ચકમકમા અગ્નિ છે, પણ તે ઘર્ષણ થવાથી જ પ્રગટ થાય છે, તેમ માનવમા પણ ધર્મભાવના પડેલી છે, પરન્તુ તે ભાવનાને ઘર્ષણ વડે પ્રગટ કરવાની જરૂર છે. શાસ્ત્રોનુ શ્રવણ, સાધુ-પુરુષોનો સમાગમ—એ બધા ધર્મભાવના પ્રગટ કરવાના સાધનો છે

ભગવાન મહાવીરે શ્રાવકના એકવીસ ગુણો ફરમાવ્યા છે, પાણીમા સો વર્ષ પડી રહેલો ચકમક પોતાનો ગરમીનો સ્વભાવ છોડતો નથી, તેમ શ્રાવકે પણ આ ગુણોને ગમે તેવા સંયોગોમા છોડવા જોઈએ નહિ.

ગુણાનુરાગ

શ્રાવકનો અગ્યારમો ગુણ 'ગુણાનુરાગીપણાનો' છે. ગુણાનુરાગી થવાથી, ગુણો આપણા તરફ આકર્ષાય છે, જે માણસ જે વસ્તુનુ અનુમોદન કરે છે તે માણસ તરફ તે વસ્તુ આકર્ષાય છે, તેથી શ્રાવકે ગુણોનુ અનુમોદન કરી, ગુણવાન પ્રતિ અનુરાગ બતાવી, તે ગુણોને પોતાના તરફ આકર્ષવા જોઈએ અને તે ગુણો પોતાનામા પ્રગટાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ

ગુણવાન બનવા ગુણાનુરાગી બનો

એક સમાજ સેવક સમાજની નિસ્વાર્થ ભાવે સેવા કરતો હોય

અને તમે એના કાર્યની પ્રશંસા કરો, તેના કાર્યનું અનુમોદન કરો અને તે સેવક પ્રતિ અનુરાગ ધરાવો તો જરૂર તમારા જીવનનું ઘડતર પણ તે દિશા તરફ વળશે, તેથી ઉલટું એક માણસે લાંચ આપીને, પોતાનું કામ કરાવ્યું હોય અને તમે તેની હોશિયારીના વખાણ કરો, તેના કરેલા કાર્યને સારું માનશો તો તમારામાં પણ તેવા અવગુણ પ્રગટશે. તેથી ગુણોની જ પ્રશંસા અને ગુણવાનો પ્રતિ જ અનુરાગ કરવો જોઈએ.

ગુણગ્રાહકતા

ગુણાનુરાગી પુરુષ ગમે તેવા હલકા કોટીના કે ક્રૂર માણસમાં પણ જ્યારે ગુણ જુએ છે ત્યારે પ્રમોદ અનુભવે છે. એક હરિજન કે ચાંડાળમાં જ્યારે કશુંક સારાપણું જુએ છે ત્યારે તેનું ચિત્ત પ્રસન્ન થાય છે. તેની વૃત્તિ હમેશાં વસ્તુ માત્રમાંથી સારાપણું શોધવાની હોય છે.

વસ્તુ માત્રમાં સારાપણું કે નરસાપણું રહેલું જ છે, ખરાબમાં ખરાબ વસ્તુમાં પણ સારાપણું હોય છે. બકરીની લીંડી જેવી તુચ્છ વસ્તુમાં પણ ગુલાબની સુવાસને પોષક તત્ત્વ રહેલું છે, છાણ જેવી વસ્તુમાં મેંદીની લીલાશને પોષક તત્ત્વ રહેલું છે. આપણે ખાતર એ ગણીએ તે ખાતર કરતાં પણ વધારે [illegible] તત્ત્વો [illegible] રહેલા છે. આવી તુચ્છ વસ્તુમાં પણ ગુણ રહેલા છે, ત્યાં દોષ ત્યાંથી શોધવા? સર્વ જડ અને ચેતન વસ્તુ ગુણનિધાન છે. પણ તે જોવાની દૃષ્ટિ માણસે કેળવવી જોઈએ. [illegible] [illegible] [illegible] હોય છે. [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] છે કે [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] આકૃતિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ તો સર્વ ગુણ [illegible] [illegible]

૯ સુવાસ ફેલાવો

અને પાણીને છોડી દે છે, તેમ કોઇ વસ્તુ કે વ્યક્તિમાં ગુણ અને દોષ બને હોય તો પણ તેના દોષ તરફ ધ્યાન ન આપતાં ગુણ ગ્રહણ કરવા જોઇએ. કોઇ વસ્તુમા એકલા ગુણ જ ભરેલા હોય અને દોષ હોય જ નહિ એવુ બનતુ નથી, તેવી જ રીતે કોઇ વસ્તુ એવી હોતી નથી કે જેમા માત્ર દોષ જ ભરેલાં હોય અને ગુણ હોય જ નહિ. કેટલાક માણસોને વસ્તુની કે વ્યક્તિની ખામીઓ શોધવાની જ ટેવ પડેલી હોય છે, પણ શ્રાવકની દૃષ્ટિ એવી હોવી ન જોઇએ. તેણે હમેશા વસ્તુ અને વ્યક્તિની ખામીઓ નહિ પણ ખુબીઓ જ શોધવાનો પ્રયાસ કરવો જોઇએ

દોષદૃષ્ટિ કાળી નાગણ જેવી છે, જ્યારે ગુણદૃષ્ટિ મોક્ષની નીસરણી સમાન છે. દોષદૃષ્ટિ જેમનામા હોય તેનુ હૃદય વિવિધ અવગુણોનો ઉકરડો બને છે, ત્યારે ગુણાનુરાગીનુ હૃદય વિવિધ ગુણોની પુષ્પવાટિકા બને છે. દોષદૃષ્ટિવાળાનુ હૃદય અવગુણરૂપી કોલસાની ખાણ સમાન બને છે, ત્યારે ગુણાનુરાગીનુ હૃદયગુણો રૂપી રત્નોની ખાણ સમાન બનવા પામે છે.

ગુણગ્રાહકતાનું આદર્શ દૃષ્ટાંત

કૃષ્ણ મહારાજમા આવી ગુણદૃષ્ટિ હતી. એક વાર તેઓ શ્રી નેમનાથ ભગવાનનાં દર્શન કરવા જઇ રહ્યા હતા, સર્વ યાદવ પરિવાર સાથે હતો. રસ્તામા એક સડેલી કુતરી પડેલી હતી, તેના શરીરમાંથી લોહી અને પરુ વહી રહ્યા હતા. બધાએ તેને જોઇને મોઢુ ફેરવી લીધુ અને તેની દુર્ગંધથી નાકે રૂમાલ લગાડીને તેના તરફ ઘૃણા દર્શાવતા ચાલ્યા ગયા, પણ શ્રી કૃષ્ણ મહારાજે તેમ ન કર્યું. કુતરી તરફ તેમણે ઘૃણા ન દર્શાવી. કુતરીને જોઇને તેઓ બોલી ઉઠ્યા 'અહા! આની દાંતની બત્રીસી કેટલી સુદર લાગે છે!!' સડેલા શરીર પર ધ્યાન ન દેતા, સુદર બત્રીસીના તેમણે વખાણ કર્યા. તેના શરીરની બધી ખામીઓને ભુલી જઇ, તેમણે ફક્ત તેની ખુબી જ ધ્યાનમા લીધી. આમ ગુણગ્રાહક અને ગુણાનુરાગી

થવું એ આધ્યાત્મ ગુણનો ઉદ્દેશ છે.

'ગુણાનુરાગી'ની શક્તિ

ગુણાનુરાગ એટલે ગુણો પ્રતિ કે ગુણવાનો પ્રતિ અનુરાગ. આ ગુણની અંદર દિવ્ય શક્તિ રહેલી છે, તેનું વર્ણન કરતા ગ્રંથકારો કહે છે કે ગુણાનુરાગીને તીર્થંકર પદ સુધીની સિદ્ધિઓ પણ દુર્લભ નથી. એક ગાથામા કહ્યું છે કે,

उत्तम गुणानुरायो निवसइ हिययंमि जस्स पुरिसस्स ।
आतित्थयर पयाओ नदुल्लहा तस्स रिद्धिओ ॥

એટલે કે જે પુરુષના હૃદયમા ઉત્તમ પુરુષો પ્રતિ અનુરાગ વર્તતો હોય તેને તીર્થંકર પદ સુધીની સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે, તેથી આ ગુણ એક મહત્ત્વનો છે

ગુણાનુરાગ એટલે ઉચ્ચ દૃષ્ટિ

મગરીની દૃષ્ટિ મેલા ગર્ત ઉપર જ પડે છે, માખી શરીરના તમામ સ્વચ્છ અંગોને છોડીને ગુમડા પર બેસે જ બેસે છે. કૂતરા હાડકા પાછળ જ દોડયા કરે છે, ગધેડાને ઉકરડામા આળોટવું ગમે છે, ભૂંડ વિષ્ટાના [illegible] ગમે છે તેમ દોષદૃષ્ટિવાળા માણસને હંમેશા બીજાના દોષો જોવાના જ ગમે છે, પણ [illegible] નમઠી નહિ પણ [illegible] થવાનું છે, [illegible] નજર [illegible] ની [illegible] મેલા [illegible] પર નહિ પણ [illegible] મોતી પર જ પડે [illegible] ખમરા પર બેસનાર માખી નહિ, પણ પુષ્પ ઉપર બેસનાર [illegible] પર [illegible] પર [illegible] નહિ, પરન્તુ [illegible] દૃષ્ટિવાળા બનવું જોઈએ [illegible] દૃષ્ટિ ઉચ્ચ હોવી જોઈએ [illegible] જ તો [illegible] જોઈએ

ગુણીષ પ્રમોદમ્ – [illegible] ગુણાનુરાગ [illegible]

ગુણાનુરાગથી માત્સર્ય ભાવનો નાશ થાય છે અને સાથે સાથે ગુણાનુરાગીમાં વિનય, નમ્રતા, આદિ ગુણો વધવા પામે છે.

દૃષ્ટિ તેવી સૃષ્ટિ

મહાભારતનો એક પ્રસંગ છે, કૌરવો અને પાંડવો વિદ્યાગુરુ પાસે વિદ્યાભ્યાસ કરવા ગયા, પહેલાંના વિદ્યા ગુરુઓ વિદ્યાર્થીની પરીક્ષા કરીને, પછી તેમને યોગ્ય જ્ઞાન આપતા હતા. આચાર્યે દુર્યોધનની પરીક્ષા લેવા માટે દુર્યોધનને બોલાવીને કહ્યું, 'ભાઈ! જા અને આ ગામમાં ગુણવાન માણસો કોણ કોણ છે તે જોઈ આવ.' દુર્યોધન ગામમાં ગયો અને તપાસ કરીને પાછો આવ્યો. દુર્યોધને ગુરુને કહ્યું, 'ગુરુદેવ' હું ગામમાં જઈ આવ્યો. ઘણી શોધ કરી, પરન્તુ ગામમાં કોઈ ગુણવાન માણસ ન દેખાયો. અમુક વિદ્વાનને મળ્યો, પરન્તુ ગુરુદેવ! એ તો અહંતાનુ જાણે પુતળુ. ફલાણા શ્રીમન્તને મળ્યો, પણ એ તો કંજુસનો કાકો લાગ્યો. અમુક તાપસના મઠમાં ગયો, પણ એ તો જાણે ક્રોધનો અગારો. આ રીતે શોધ કરતા રંક અને રાજા, શ્રીમન્ત અને ગરીબ, ત્યાગી અને ભોગી, દરેકમાં કંઈ ને કંઈ અવગુણ તો ભરેલા જ હતા, કોઈ ગુણવાન માણસ મારા જોવામાં ન આવ્યો.'

બીજા દિવસે વિદ્યા ગુરુએ યુધિષ્ઠિરને આજ્ઞા કરી, 'ભાઈ! ગામમાં જાઓ અને ગામમાં અવગુણી માણસો કેટલા છે તેની તમે તપાસ કરી આવો.' યુધિષ્ઠિર ગામમાં જઈને પાછા આવ્યા અને બોલ્યા, 'ગુરુદેવ! મને ગામમાં કોઈ અવગુણી માણસ દેખાયો નહિ, નીચમાં નીચ માણસમાં પણ કંઈ ને કંઈ ગુણ તો હતો જ. કસાઈમાં પણ પોતાના પાપનો પશ્ચાતાપ દેખાયો. વેશ્યામાં પણ પોતાના કામની શરમ અને પાપનો સંતાપ જણાયા. શિકારી, પારધી, મચ્છીમાર, માંસાહારી, જુગારી વગેરે નીચ કર્મ કરનારાઓમાં પણ પશ્ચાતાપ સાથે પવિત્ર થવાની શુભ

uttered—ડાહ્યો માણસ બોલતા પહેલા શું બોલવું અને શું ન બોલવું, તે વિચારે છે. પોતાના શબ્દોની શું અસર થશે તે પ્રથમ વિચારે છે અને પછી ડાહ્યો માણસ બોલે છે, જ્યારે મૂર્ખ માણસ બોલ્યા પછી વિચાર કરે છે કે, પોતે શું બોલી નાખ્યું અને તેની શું અસર થશે?” ડાહ્યા અને મૂર્ખ માણસમાં મુખ્યત્વે આ તફાવત રહેલો છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે માણસે બોલવા પહેલા ખૂબ વિચારવું જોઇએ. કહ્યું છે કે ડાહ્યો માણસ પોતાના કાન તમામને આપે છે, પણ જીભ કોઇને આપતો નથી. એટલે કે તે બધાનું કહેવું સાંભળે છે અને તે પરથી તેનો સાર કાઢીને નિર્ણય કરે છે, પરંતુ અગાઉથી પોતાનું વેણ વડરી દેતો નથી.

ઉપર બતાવેલ વાણીના તમામ દોષોને દૂર કરી બોલવાની કળા શીખવી જોઇએ અને સકથપણાનો બારમો ગુણ કેળવવો જોઇએ. આ ગુણ પ્રાપ્ત કરનારની વાણી પ્રભાવશાળી બને છે અને વચનસિદ્ધિની પ્રાપ્તિ થાય છે નિર્દોષ વાણીથી માનવી અખંડ શાંતિની પ્રાપ્તિ કરી શકે છે.

૧૩. ન્યાયપ્રિયતા

સદ્‌ગુણોની વૃદ્ધિ કરો

સાધારણ માણસ પાસે હીરો મૂકવામાં આવે, એક દસ હજાર-ની કિંમતનો હોય અને બીજો લાખની કિંમતનો હોય તો માણસને મન તો બને સમાન લાગે છે. તે બને વચ્ચેનો તફાવત ન જાણી શકતો નથી, પરન્તુ ઝવેરીઓ તેની અગ્નિપરીક્ષા કરીને બનેની કિંમત પારખી લે છે. એક હીરાને અગ્નિમાં મૂકવામાં આવે તો તે દસ મિનિટમાં જ ગરમ થઈ જાય છે, ત્યારે બીજાને ગમે તેટલો વખત અગ્નિમાં રાખવામાં આવે, છતાં તે ટાઢો ને ટાઢો જ રહે છે, એટલું જ નહિ, પરન્તુ તેને જરા પણ આંચ આવતી નથી. આ બે હીરામાં જે હીરો ગરમ થતો નથી તે હીરો વધારે કિંમતી ગણાય છે.

આવી જ રીતે માણસના ચારિત્ર્યનું માપ પણ અગ્નિપરીક્ષાના વખતે થાય છે, માણસના જીવનનો [illegible], જે ચારિત્ર નાનામાં નાના પ્રસંગથી માંડીને મોટામાં મોટા [illegible] એકસરખા રંગથી પ્રકાશી રહે [illegible]

શાસ્ત્રમાં કહ્યું છે કે चारित्रं खलु धर्मो [illegible] આ ચારિત્ર એટલે [illegible] નહિ, પરન્તુ [illegible] ચારિત્ર છે

अनुलाणे न्रिर्णीयत्ता, [illegible] पर्दानि [illegible]

અર્થાત કામ, ક્રોધાદિ દુર્ગુણોમાંથી નિવૃત્ત થવું અને સદ્‌ગુણોમાં પ્રવૃત્ત થવુ એ ચારિત્ર છે. જે માણસમા અવગુણ હોય છે તેના અવગુણ દિવસે દિવસે વધતા જાય છે અને જેમા સદ્‌ગુણો હોય છે તેના સદ્‌ગુણ દિવસે દિવસે વધતા જાય છે એક અગ્રેજ વિદ્વાને કહ્યું છે કે, He that is good will infallibly become better, he that is bad will certainly become worse, for vice, virtue and time are three things that never stand still– સારો માણસ હમેશા વધારે સારો થતો જાય છે અને ખરાબ માણસ વધારે ખરાબ થતો જાય છે. સદ્‌ગુણ, દુર્ગુણ અને સમય એ ત્રણ એવી વસ્તુ છે, જે કદી સ્થિર રહેતી નથી, માટે આપણે જોવુ જોઇએ કે, આપણામાં કઇ વસ્તુ વૃદ્ધિ પામી ગયેલ છે?

શક્તિનો સદુપયોગ કે દુરૂપયોગ?

પશુઓ હમેશા પ્રકૃતિને આધીન વર્તે છે, પશુઓને પોતાની પ્રકૃતિ સુધારવાની શક્તિ મળી નથી, ફક્ત મનુષ્યને જ પ્રકૃતિ સુધારવાની વિશેષ શક્તિ મળી છે. આ શક્તિનો સદુપયોગ કરવામા આવે છે કે દુરૂપયોગ? તે સૌ કોઇએ વિચારવાનુ રહે છે

બાલ્યાવસ્થામા આપણી પ્રકૃતિમાં જે નિર્દોષતા, નમ્રતા, સરળતા અને સૌમ્યતા સહજ હોય છે તેમા આપણે વધારો કર્યો છે કે તે પ્રકૃતિના સ્વાભાવિક ગુણને કુંઠિત કરેલ છે? આ પ્રશ્નનો જવાબ એ છે કે મોટા ભાગે પ્રકૃતિને સુધારવાને બદલે વિશેષ બગાડી છે. પશુ ભલે પ્રકૃતિને સુધારી શકતા ન હોય, પરતુ તે પ્રકૃતિને બગાડતા તો નથી જ. આ દૃષ્ટિએ મનુષ્યના મોટા ભાગે પોતાને મળેલ વિશિષ્ટ શક્તિનો દુરૂપયોગ જ કર્યો છે એમ કહી શકાય.

વિકારોમાંથી મુક્ત બનો

એક સન્યાસીએ રાજા પાસે માગણી કરી કે, 'તારા મસ્રા-

ટોને મારે પગે લગાડ.'

રાજાએ કહ્યું, 'મારા પર કોઈ સમ્રાટ જ નથી હું તો ચક્રવર્તી સમ્રાટ છું.'

સંન્યાસીએ કહ્યું, 'રાજન્' ખોટી વાત છે, રાત્રિ અને દિવસ બે સમ્રાટો તારા પર હુકમ ચલાવી રહ્યા છે તેનો પણ ખ્યાલ નથી! જ્યારે તું વિલાસભોગમાં રાચી રહેલો હોય છે ત્યારે તારા પર 'કામ' સામ્રાજ્ય ચલાવે છે, જ્યારે તું તારા સેવકો પર ગુસ્સો કરતો હોય છે, શત્રુઓ સાથે દુશ્મનાવટ કરતો હોય છે ત્યારે 'ક્રોધ' રૂપી સમ્રાટ તારા પર રાજ્ય કરતો હોય છે. આ બે તારા સમ્રાટ છે, પરન્તુ તે મારા ગુલામ છે, તેથી તું ગુલામોનો પણ ગુલામ છે ત્યાં મારે તારી પાસે શું માગવું?

કહેવાનું તાત્પર્ય એ છે કે આપણા પર જ્યાં સુધી કામ-ક્રોધનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય ત્યાં સુધી ચારિત્રશીલ બની શકાય નહિ; ચારિત્રશીલ બનવા માટે આ વિકારોમાંથી નિવૃત્ત થવું જોઈએ.

ચારિત્ર હીરા સમાન છે

ચારિત્ર એ જ માનવજીવનની વિશેષતા છે. ચારિત્ર વિનાનું જીવન સુવાસ વિનાના પુષ્પ જેવું છે. હિન્દીમાં એક કહેવત છે કે 'આદમી આદમી મેં હૈ અંતર, કોઈ હીરા કોઈ કંકર.' આદમી આદમીમાં ઘણો તફાવત રહેલો છે. કોઈ હીરા જેવા માણસો હોય છે, ત્યારે કોઈ કાંકરા જેવા હોય છે. ચારિત્ર માણસના જીવનને હીરા જેવું મૂલ્યવાન બનાવે છે. રામ પણ મનુષ્ય હતા અને રાવણ પણ મનુષ્ય હતો, પરન્તુ બન્નેમાં કેટલું અંતર છે! એક ચારિત્રથી મનુષ્ય હતો, ત્યારે બીજો આત્માની દૃષ્ટિએ મનુષ્ય ન હતો.

ક્ષમા રાખવી છે, તો તેમ કરી શકશે. કેમ કે તે તેના હાથની વાત છે. આ રીતે પ્રેયમાં પરાધીનતા છે, શ્રેયમા છે સ્વાધીનતા.

એક છે વિનાશી, બીજું છે અવિનાશી

પ્રેયમા બીજો દોષ વિનાશીપણાનો રહેલો છે. ધન, વૈભવ વગેરે પ્રેય વસ્તુઓનુ બાહ્ય સુખ વિનાશી છે, ત્યારે પ્રેમ, મૈત્રી, પ્રમોદ, કરુણા વગેરે શ્રેય વસ્તુઓનુ આત્મિક સુખ અવિનાશી છે. પ્રેયનુ સુખ વસ્તુનિષ્ટ છે, ત્યારે શ્રેયનુ સુખ આત્મનિષ્ટ છે. વસ્તુઓ વિનાશી છે, તેથી વસ્તુમા માનેલુ સુખ પણ વિનાશી છે. વસ્તુના વિનાશ સાથે, તેથી મળતા સુખનો પણ નાશ થાય છે. એક બાળક રડતુ હોય અને તમે તેને રમકડુ આપો તો તે આનદથી નાચવા મડે છે, પણ તે કેટલા વખત માટે ! રમકડુ ભાગે કે તુરતજ બાળક પહેલા કરતાં પણ વધારે રડવા લાગે છે. તેટલા સમયમા કયા ગયો તેનો આનદ અને કયા ગયો તેનો નાચ ! એ આનદ અને એ સુખ વસ્તુનિષ્ટ હોવાથી, વસ્તુના નાશની સાથે નાશ પામે છે. રમકડાનો નાશ થતાજ બાળકે રમકડામા માનેલુ સુખ પણ નાશ પામે છે. આ રીતે પ્રેયનુ સુખ વસ્તુનિષ્ટ હોવાથી વિનાશી છે. ત્યારે શ્રેયનુ સુખ આત્મનિષ્ટ હોવાથી અને આત્મા અવિનાશી હોવાથી, તે સુખ પણ અવિનાશી છે. આમ છતા ટૂંકી દૃષ્ટિવાળા માણસો વસ્તુનિષ્ટ સુખની પાછળજ પાગલ થઈને ભટકે છે અને પોતાના સમય અને શક્તિનો અપવ્યય કરે છે, જ્યારે દીર્ઘદષ્ટિવાળો માનવી પ્રયના સુખને પરાધીન અને વિનાશી સમજીને તેનો ત્યાગ કરે છે અને શ્રેયનુ સ્વાધીન તેમજ અવિનાશી સુખ મેળવવા પ્રયાસ કરે છે.

એકમાં છે ભય, બીજામાં છે નિર્ભયતા

પ્રેયનુ સુખ બાધા સહિત છે, ત્યારે શ્રેયનુ સુખ નિરાબાધ છે. પ્રેયના સુખને વિષ મિશ્રિત મોદકની ઉપમા આપવામા આવી

છે. માણસ વધારે પડતુ ખાય તો તેને અપચાનો ભય રહે છે, વધારે પડતાં નાટક-સિનેમાદિ જુએ તો નેત્રરોગનો ભય રહે છે. ભર્તૃહરિએ ઠીક જ કહ્યુ છે કે **ભોગે રોગ ભય**-ભોગમા રોગનો ભય છે, એટલે પ્રેયનુ સુખ બાધા સહિત છે, ત્યારે શ્રેયના સુખમા બાધા નથી. અહિંસા, સત્ય, આદિ નિરાબાધ છે '

એકમાં છે બંધન, બીજામાં છે મુક્તિ

પ્રેયનુ સુખ વિષમ છે ધન, વૈભવ, સત્તા, ઐશ્વર્ય, આદિ પ્રેય વસ્તુઓ મેળવવા માટે બીજાના હક્ક ઉપર તરાપ મારવી પડે છે, તેથી તેમા વિષમતા રહેલી છે, ત્યારે મૈત્રી, પ્રમોદ, કરુણાદિની સાધના કરનાર શ્રેય પથીને કંઈ પાસેથી કશુ છિનવી લેવાનુ રહેતુ નથી, તેથી શ્રેય અવિષમ છે પ્રેયની પ્રાપ્તિ બંધનો હેતુ છે, ત્યારે શ્રેયની પ્રાપ્તિ મુક્તિનો હેતુ બને છે પ્રેયપથી દિવસે ને દિવસે બધથી વધારે ને વધારે જકડાતો જાય છે, ત્યારે શ્રેયપથી દિવસે ને દિવસે મુક્તિના માર્ગમા પ્રગતિ સાધતો જાય છે

એક છે આત્મગુણ નાશક. બીજું છે વર્ધક

પ્રેય સાધકના તમામ આત્મગુણો નાશ પામે છે, ત્યારે શ્રેયના માર્ગે તેનો વિકાસ થાય છે એક અનુભવી તત્ત્વજ્ઞ કહે છે કે Pleasures coach is virtue's grave--પ્રેય એ સદ્ગુણોની કબર સમાન છે, તેથી શ્રેય સાધક તેના રસ્તાના કદાચ પણ ક્યાંય આવી જાય તો તેને કાંટા સમજીને ફગાવી દેવું જોઈએ

એક છે શાપરૂપ. બીજું છે આશીર્વાદરૂપ

રૂપ બને છે. પ્રેયની સાધના એટલે અર્થ અને કામની સાધના. શ્રેયની સાધના એટલે મોક્ષ અને ધર્મની સાધના. દીર્ઘ દૃષ્ટિવાળો પુરુષ ધર્મ અને મોક્ષની સાધના રૂપ શ્રેયને જ પસંદ કરે છે

શ્રેયની પસંદગીમાં જ ખરી સમજણ છે

કઠોપનિષદમાં યમ અને નચિકેતાનો સંવાદ આવે છે. નચિકેતાનો પિતા યજ્ઞ કરે છે અને યજ્ઞ પહેલાં દાન આપે છે. નચિકેતા પિતાને કહે છે, 'પિતા, પ્રિય વસ્તુનું દાન એ સાચું દાન છે. હું તમને અત્યંત પ્રિય છું; માટે તમારે બધી વસ્તુઓની સાથે મને પણ દાનમાં આપવો જોઈએ. કહો પિતા, તમે મને કોને દાનમાં આપશો?'

પુત્રનો આ પ્રશ્ન પિતાને ગમ્યો નહિ, તેથી તે મૌન રહ્યા

પુત્રે બીજી વાર તે પ્રશ્ન પૂછ્યો, પરન્તુ પિતાએ મૌન જ સેવ્યું.

નચિકેતાએ જ્યારે ત્રીજી વાર આ સવાલ પૂછ્યો ત્યારે પિતાએ ગુસ્સે થઈને કહ્યું, 'જા, હું તને યમને આપું છું.'

નચિકેતા આ સાંભળીને, યમને ત્યાં ગયો. યમરાજ ઘેર ન હતા, નચિકેતા ત્રણ દિવસ યમરાજને બારણે ભૂખ્યો તરસ્યો બેસી રહ્યો. ત્રીજે દિવસે યમરાજ આવ્યા, ત્યારે નચિકેતાની વાત સાંભળીને ખુશી થયા અને તેને વરદાન માગવાનું કહ્યું.

નચિકેતાએ પહેલું વરદાન માગ્યું કે, 'મારા પિતાને મારા પર ગુસ્સો આવ્યો છે તે ઉતરી જાય.'

બીજું વરદાન માગતા કહ્યું, 'યજ્ઞની અંદર મારા પિતાએ બીજી વસ્તુઓનું દાન કર્યું, પરન્તુ પ્રિય વસ્તુનું દાન ન કર્યું અને તેથી તેમને જે દોષ લાગ્યા હોય તે મિથ્યા થાય.'

યમે નચિકેતાને ત્રીજું વરદાન માગવાનું કહ્યું. નચિકેતાએ

કહ્યું, 'આપ મને મૃત્યુનું રહસ્ય સમજાવો અને બ્રહ્મવિદ્યા શીખવો.'

યમે કહ્યું, 'વત્સ, આ તેં શું માગ્યું? બ્રહ્મવિદ્યા સમજીને તું શું કરીશ? તેને બદલે તું જોઈએ તેટલા પ્રમાણમાં ધન અને વૈભવ માગી લે. હજુ તારી ઉંમર નાની છે અને તું ભોગ ભોગવવાને લાયક છે.'

નચિકેતાએ કહ્યું, 'આપ મારા પર પ્રસન્ન થયા હો અને વરદાન આપવા ઇચ્છતા હો તો મારે બ્રહ્મવિદ્યા જ આપની પાસેથી સમજવી છે, બીજું કશું મારે જોઈતું નથી.'

યમરાજાએ નચિકેતાને બીજું માગવા માટે બહુ સમજાવ્યો, પરંતુ તેણે તો તે જ માગણી કરી. છેવટે યમદેવે તેને બ્રહ્મજ્ઞાન સમજાવ્યું અને નચિકેતાએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ રીતે તેણે પ્રેયનો ત્યાગ કરી શ્રેયને પ્રાપ્ત કર્યું.

શ્રેયનો કાંટાળો માર્ગ

સંસ્કૃતમાં કહેવત છે કે, **श्रेयांसि बहु विघ्नानि ।** શ્રેયના માર્ગમાં ઘણાં કાંટા આવે છે. ઈસુ ખ્રિસ્તને શ્રેયના માર્ગે જતાં શૂળી પર લટકવું પડ્યું હતું, સોક્રેટીસ તથા મીરાંબાઈને ઝેરના પ્યાલા પીવા પડ્યા હતા. મહાત્મા ગાંધીજીને આ રસ્તે જતાં ગોળીનો ભોગ બનવું પડ્યું હતું. આમ શ્રેયને રસ્તે વિઘ્નો આવે છે એ ખરું, પરંતુ આ માર્ગનો આનંદ તેવો કશો હોતો નથી.

શ્રેયના પથે વિઘ્નો આવે છે, તો પ્રેયના પથે વિઘ્નો નથી આવતાં એવું નથી હોતું. અને દુર્યોધનને પ્રેયની આસક્તિ કરવા જતાં જિંદગી ગુમાવવી પડી હતી. આમ બંને રસ્તે ... પણ તફાવત હોય તો તે આટલો જ.

એકમાં છે અંતે દુઃખ, બીજામાં છે સુખ

બે માણસ મુસાફરીએ નીકળ્યા, બન્ને જુદે જુદે રસ્તે ગયા. બન્ને મુસાફર દશ જોજન ચાલ્યા ત્યારે પહેલા મુસાફરે દશ જોજનને અંતે સુદર બગીચામા પ્રવેશ કર્યો. ત્યા તેને સુદર રાજભુવનમાં આરામ કરવાનુ મળ્યુ. ત્યારે બીજો દશ જોજનને અંતે આવતા મહાન રણમાં દાખલ થયો ! બન્ને સરખુ ચાલ્યા, બન્નેને સમાન કષ્ટ પડ્યુ. છતાં એક રસ્તે આરામ મળ્યો, સુખ મળ્યુ, અને બીજે માર્ગે દુ ખ પ્રાપ્ત થયુ !

આ બે માર્ગો છે શ્રેયના અને પ્રેયના. કષ્ટ બન્નેમા છે, પરન્તુ શ્રેયસાધક કષ્ટો સહન કરીને કંઇક મેળવે છે, ત્યારે પ્રેય સાધક સહન કરીને ગુમાવે છે, તેથી દીર્ઘદૃષ્ટિવાળો પુરુષ પ્રેયનો ત્યાગ કરે છે અને શ્રેયને ગ્રહણ કરે છે

એકમાં છે પસ્તાવો, બીજામાં છે સતોષ

આ બે માર્ગની પસદગી પ્રથમથી જ કરવાની રહે છે. જે યથાયોગ્ય પસદગી નથી કરતો અને ઉતાવળથી પ્રેયને પસદ કરે છે તેને આખરે પસ્તાવુ પડે છે. એક વિદ્વાને કહ્યુ છે કે, If a man take no thought about what is distant, he will find sorrow near at hand–જે માણસ દૂરનો વિચાર નથી કરતો તેને હાથવેતમા જ દુઃખનો ભેટો થાય છે. દીર્ઘદૃષ્ટિવાળો માણસ જ કલ્યાણમદ થાય છે. એક બીજા વિદ્વાને કહ્યુ કે, In life as in chess, forethought wins.

શેતરંજની રમતમા જેમ આગળથી વિચાર કરનારો જીતે છે તેમ જીવનની રમતમા પણ દીર્ઘદૃષ્ટિવાળો જ વિજયવત બને છે.

માટે શ્રાવકે દીર્ઘદૃષ્ટિ વાપરી શ્રેયનો માર્ગ પસદ કરવો જોઇએ અને તે માર્ગે જઇ, આત્માનુ શ્રેય સાધવુ જોઇએ

૧૫ દાન

હીરાકણી રૂપ ધર્મ

કૂકડા ઉકરડા પર ચરવા જાય છે, ત્યાં એઠવાડમાંથી દાણા કે ચોખાના દાણા તે વીણીને ખાય છે, તેમાંથી જો તેના મોંમાં હીરાકણી આવી જાય તો તે ચગળીને ફેંકી દે છે. હીરાકણીનું મૂલ્ય તેને સમજાતું નથી. એઠવાડના દાણા તેને પસંદ છે, પરન્તુ હીરાકણીને નકામી સમજીને તે ફેંકી દે છે. એક હીરાકણીની [illegible] લોકોના કોઠારો અનાજ ભરેલું રહે, પણ તેને જ્ઞાન નથી એટલે તે તેને ફેંકી દે છે.

અજ્ઞાની માનવીની કૂકડા જેવી જ સ્થિતિ છે, હીરાકણી જેવા ધર્મને તે ફેંકી દે છે અને ધનાદિ વૈભવના એઠવાડને તે [illegible] [illegible] કરે છે [illegible] ધનવૈભવને અનેક માનવો [illegible] જે [illegible] માનીને અને જે ધનને [illegible] તે મેળવવા અને ભોગવવા માટે તે [illegible] પરન્તુ ધર્મરૂપ [illegible] એઠવાડ [illegible] ને તે [illegible] થાય છે [illegible] ને તે ફેંકી દે છે.

[illegible]

ગુણો જણાવવામાં આવેલ છે–તેમા દાન પદરમો ગુણ છે.

પંદરમો ગુણ : દાન

સૂર્ય વિશ્વના તિમિરને હરણ કરે છે અને વિશ્વમાં પ્રકાશ ફેલાવે છે એ જ પ્રમાણે જ્ઞાની પુરુષો કહે છે કે દાનથી આત્માના તિમિરનો નાશ થાય છે, આત્મામા સત્યનો પ્રકાશ ફેલાય છે અતર તિમિરને હરણ કરવા માટે દાન સૂર્ય સમાન છે. કલિયુગનો મહાન ધર્મ દાન જ છે. ભોગનુ પરિણામ વિનાશ છે, ત્યારે દાનનુ પરિણામ અમરત્વ છે ખેડૂત ધાન્ય વાવે છે, વ્યાપારી વ્યાપારમા ધન રોકે છે. આ બને ધાન્ય કે ધનનો ત્યાગ કરે છે, પરતુ તે ત્યાગમા તેમનો સ્વાર્થ રહેલો છે, તે ત્યાગમા વધારે મેળવવાની આશા રહેલી છે. દાનમા પણ એક રીતે જોઇએ તો સ્વાર્થ તો રહેલો જ છે, તેમા કરોડોગણુ મેળવવાની ખાત્રી રહેલી છે,

શ્રેષ્ઠ રોકાણ દાનમાં છે

ખેડૂત ખેતરમા ધાન્ય વાવે તેને તમે ડાહ્યો ગણતા હો. વ્યાપારી વ્યાપારમાં મૂડી રોકે તેને તમો દીર્ઘદૃષ્ટિ ભરેલુ ગણતા હો તો જે પોતાની સપત્તિ દાનમા વાપરે તેને સૌથી વધારે ડાહ્યો અને દીર્ઘદૃષ્ટિવાળો તમારે કહેવો જોઇએ, કેમ કે ખેતરમા ધાન્ય વાવવાથી અમુક ગણુ વધારે ધન્ય પ્રાપ્ત થાય છે, વ્યાપારમા ધન રોકવાથી પણ તેમા વધારો થાય છે . પરતુ દાનમા ધન વાપરવાથી તેનો અનેકગણો બદલો મળે છે, તો પછી એવો કયો મૂર્ખ માણસ હોય–જે પોતાની સપત્તિનો પરોપકારના કામમા સદુપયોગ ન કરે? દાનમા આપેલી સપત્તિ સ્વર્ગના ખજાનામા જમા થાય છે અને કરોડો ગણી વધારે થઇ પાછી મળે છે.

શાલીભદ્રનુ જીવન તો આપ જાણતા હશો. તેમની પાસે અખૂટ ધન રાશી હતી. તેમના ધન વૈભવથી રાજા મહારાજા પણ અજાઇ

જતા હતા. તેમનો વૈભવ જોવા રાજા શ્રેણીક પણ તેમના મહેલે ગયા હતા. આટલો ધનવૈભવ તેમને કયે કારણે મળ્યો હતો? પૂર્વ જન્મમાં તેમણે મુનિરાજને ખીરનું દાન આપ્યું હતું અને તેના ફળ સ્વરૂપે જ તેમને રાજા-મહારાજાને પણ આંટી મારે તેવી ઋદ્ધિની પ્રાપ્તિ થઈ હતી એક થાળી જેટલી ખીરનું દાન કરવાથી, તેમને કરોડ ગણી સમૃદ્ધિ મળી! આ દૃષ્ટિએ દાન કરવામાં ગુમાવવાનું નથી, પણ અનેકગણું મેળવવાનું જ છે

સર્વ ગુણો ઉદારતા પર અવલંબે છે

સર્વ સદ્ગુણોની શરૂઆત દાનથી જ થાય છે, જે મનુષ્યમાં ઉદારતાનો ગુણ નથી હોતો તે મનુષ્યમાં બીજો કોઈ ગુણ આવી શકતો નથી. સંકુચીત મનમાં અન્ય ગુણો પણ સંકોચાય છે. દાન એ અન્ય સદ્ગુણોનો વિકાસ કરવાની કળા છે. જેનામાં તે ગુણ નથી તે માનવનું જીવન કીડા જેવું ક્ષુદ્ર અને તુચ્છ છે. અન્ય ગુણો જેમનામાં હોય તે માનવીનું જ કલ્યાણ કરે છે, પણ દાનનો ગુણ તો સ્વ તેમ જ પર બન્નેને હિતકારી છે. તીર્થંકર ભગવાનના હૃદયમાં જ્યારે આત્મકલ્યાણની ભાવના જાગે છે, ત્યારે તેઓ સમાજને માર્ગદર્શન કરવા માટે સર્વ પ્રથમ દાન ધર્મનો પ્રારંભ કરે છે. આ રીતે દાન આત્મકલ્યાણ માર્ગનો પ્રથમ [illegible]

વાદળમાં પવિત્રતા છે. બંધમાં દુર્ગંધ

ગૃહસ્થ પાસે જે કંઈ સાધનસામગ્રી છે તેનો [illegible]

ઓછું થઇ જાગે' એવી ભાવનાથી કૃપણ માણસો કોઈને કશું આપતા નથી, પણ ખરૂ જોતાં આપવાથી કશુ ઓછું થતુ નથી.

એક કવિએ કલ્પના કરી છે કે એક વાર એક નદી વહી જતી હતી. વહેતી નદીની પાસે જરા દૂર એક ખાબોચીયુ હતું. ખાબોચીયાએ નદીને કહ્યું, 'અરે, તુ કેટલી મૂર્ખ છે! તારું આટલુ બધુ પાણી તુ સમુદ્રમા ઠાલવે છે અને સમુદ્રને તો તેની કાંઇ કિંમત નથી! માટે તુ પાણી સાચવી રાખ, તો તને ભવિષ્યમા ઉપયોગી થશે'

નદીએ સ્મિત કર્યું અને પોતાને રસ્તે ચાલતી થઇ. ખાબો-ચિયાએ પોતાનુ ડહાપણ વાપર્યું અને એક ટીપુ પણ વહેવા દીધુ નહિ. પરિણામ એ આવ્યુ કે નદી હમેશ આપ્યા કરતી હતી તેથી તેનુ પાણી સ્વચ્છ રહ્યુ અને ખાબોચિયાએ એક ટીપુ પણ વહેવા દીધુ નહિ, તેથી તેનુ પાણી દુર્ગંધ મારવા લાગ્યુ, એટલુ જ નહિ પરન્તુ નદીની જલરાશી અખૂટ રહી અને ખાબોચિયાનુ પાણી તો વરાળ થઇને અદ્ધર જતુ રહ્યું.

નદી અને ખાબોચિયા પરથી અમલ્ય બોધ મળે છે. નદીની જેમ હમેશા જે આપ્યા જ કરે છે તેની ધનરાશી અખૂટ રહે છે અને તે આત્મિક ગુણના ખજાનામા વૃદ્ધિ કરે છે પણ જે કૃપણ ધનને સાચવી રાખે છે તેનુ ધન ખાબોચિયાના પાણીની જેમ નાશ પામે છે.

દાન આપવાથી ઘટતુ નથી, વધે છે

દાન આપવાથી વસ્તુ ઘટતી નથી, પણ વધવા પામે છે. કૂવામાંથી પાણી ગમે તેટલુ કાઢો તો પણ તેની જગ્યાએ નવું પાણી આવે છે, તેવી જ રીતે સંપત્તિનો સદુપયોગ કરવાથી,

તે પુન પ્રાપ્ત થાય છે કુવાનુ પાણી કાઢવામા ન આવે તો નવુ પાણી આવતુ નથી અને જુનુ પાણી સડવા માડે છે, તેવી જ રીતે સંપત્તિનો સદ્વ્યય ન થાય તો નવી લક્ષ્મી પ્રાપ્ત થતી નથી અને જુની પણ ઘટતી જાય છે,

ગાયને દોહીને દૂધ કાઢવામા ન આવે તો ગાય દૂધ આપતી બધ થઈ જાય છે. છોડ ઉપરથી પુષ્પ ઉતારવામા ન આવે તો નવા પુષ્પો ઉગી શકતા નથી તેવીજ રીતે જુનુ વાપર્યા વિના નવીનતાની પ્રાપ્તિ થતી નથી

વપરાય છે તેજ ઉપયોગી થવાનુ છે

જમીનમા દાટેલુ ધન જમીનમા જ રહી જવાનુ છે અને તિજોરી કે બેંકમા મૂકેલા ધનની પણ તેજ સ્થિતિ થશે. પણ દાનમા વાપરેલુ ધન જ સાથે આવશે. એક ગામમા બે શ્રીમંત ભાઈઓ રહેતા હતા, તેમા મોટો ભાઈ ઉદાર દિલનો હતો અને નાનો ભાઈ કંજુસ હતો. મોટો ભાઈ હમેશા પોતાના ધનનો સદ્વ્યય કરતો હતો. ગરીબો, નિરાધારો, વિધવાઓ, વિદ્યાર્થીઓ અને મુગા પશુઓ માટે તે પોતાના ધનનો ઉપયોગ કરતો હતો નાનો ભાઈ સારા કામમા કદી એક દમડી પણ ખર્ચતો નહિ એક વખતે મોટો ભાઈ બહુ બિમાર પડ્યો. તેની બચવાની આશા પણ રહી નહિ. તેણે સર્વના હિસાબનો ચોખ્ખો કરવા માડ્યો નાના ભાઈને પણ તેણે કહ્યુ કે, મારી પાસે કંઈ ન હોય તો આવજે.'

આ કર્મને માનવ પુરુષાર્થ દ્વારા હટાવી શકે છે અને જીવન મુક્ત બની, આ મનુષ્ય દ્વીપને મોક્ષ દ્વીપ બનાવી શકે છે.

સોળમો ગુણ : વિનય

આ માનવજીવન મહાસાગર જેવું છે. તેનો વિષય કષાય રૂપી મીઠાની પ્રાપ્તિ માટે ઉપયોગ ન કરતા આત્મગુણો રૂપ રત્નો મેળવવા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ. મનુષ્ય દ્વીપને મોક્ષ દ્વીપ બનાવવા માટે ક્રમે ક્રમે આગળ વધવાનુ છે, તેમા પ્રથમ શ્રાવકના ગુણોની પ્રાપ્તિ કરવાની છે. શ્રાવકનો સોળમો ગુણ 'વિનીતપણા'નો છે. વિનય સર્વ સદ્ગુણોના પાયા સમાન છે. દશ વૈકાલિક સૂત્રમા ફરમાવ્યુ છે કે, **विणओ जिणसासणे मूलो**– જૈન શાસનમાં ધર્મનુ મૂળ વિનય છે. માતા, પિતા, વડીલ, ગુરુ આદિનો યથાયોગ્ય વિનય કરવો અને બધાની સાથે નમ્રભાવે વર્તવું એ શ્રાવકનુ લક્ષણુ છે

વિનય એટલે વશીકરણ મંત્ર

નમ્રતા જેવું વિશ્વમા બીજુ કોઈ વશીકરણ નથી વિનયથી આખા વિશ્વને વશ કરી શકાય છે. તમારા ઘરમાં એક વહુ આવે; તે ભલે કરોડાધિપતિની પુત્રી હોય. ઉચ્ચ–ખાનદાન કુટુબની કહેવાતી હોય, બી. એ.ની ઉપાધી મેળવેલ હોય, અત્યંત ખુબસુરત હોય, મધુર સંગીતની જાણકાર હોય, પરંતુ જો તે અભિમાની અને ઉદ્ધત હશે, મોટેરાઓનુ કહ્યુ માનતી ન હોય, તો આડંબરભર્યું તેનું વર્તન હશે તો કોઈને તેના ઉપર વહાલ ઉપજશે ખરું ?

હવે બીજી બાજુ જોઈએ. તમારે ઘેર ગરીબની દીકરી આવે, તે અભણ હોય, બહુ સ્વરૂપવાન ન હોય, પણ જો તે તમારું કહ્યુ માનતી હોય. તમારૂ પડયુ વેણ ઉપાડી લેતી હોય, તમારી

દરેક માનવીએ આ ઉપદેશ યાદ રાખવાની જરૂર છે, ચારિત્રહીન જ્ઞાન તે તો મગજ કરતાં ભાર વધુ ભારણ છે. ચારિત્રશીલ જ્ઞાન જ સાચું જ્ઞાન છે

સત્તરમો ગુણ: પરોપકાર

જેમ સડેલા કાનની કુતરી દરેક સ્થળે તિરસ્કૃત થાય છે તેમ ચારિત્રહીન માનવી સર્વત્ર તિરસ્કાર પામે છે તેના કુટુમ્બીજનો પણ તેને ચાહતા નથી, તેથી ચારિત્ર જીવનમાં ઘડતર કરવું જોઈએ

ઉચ્ચ ચારિત્રના ઘડતર માટે શ્રાવકના ૨૧ ગુણો દર્શાવવામા આવ્યા છે–જેમા સત્તરમો ગુણ 'પરોપકાર'નો છે.

કહ્યું છે કે **परोपकाराय सतां विभूतय** અર્થાત સત્પુરુષોની વિભૂતિઓ પરોપકાર અર્થે જ હોય છે

અત્યારે સાબરમતીમા મહાત્માજીનો જ્યા આશ્રમ છે ત્યા પૂર્વે દધિચી મુનિનો આશ્રમ હતો. તે સમયે વૃત્રાસુર નામનો એક અસુર પ્રજાને સતાવતો હતો. ઋષિ મુનિઓના તપમા પણ તે ભગ કરતો હતો ત્રાસેલી પ્રજાએ ઇન્દ્રને પ્રાર્થના કરી, ઇન્દ્રે વૃત્રાસુર સાથે ભયાનક યુદ્ધ કર્યું, પણ વૃત્રાસુર મર્યો નહિ. ઇન્દ્રે ઋષિઓને પૂછ્યુ, 'આટલી મહેનત કરવા છતાં વૃત્રાસુર મરણ પામતો નથી તેનુ કારણ શુ છે?' ઋષિઓએ કહ્યુ 'તમારા જુના આયુધોથી તે મરશે નહિ, તે માટે તો નવુ જ શસ્ત્ર જોઇએ વૃત્રાસુર જેવા મહાબલી પાપાત્માનો સહાર, પુણ્યની પ્રતિમા જેવા આયુધ વિના નહિ થાય.'

ઇન્દ્રે કહ્યુ 'પણ તેવુ આયુધ કાઢવુ ક્યાથી?'

ઋષિઓએ રસ્તો બતાવતા કહ્યુ. 'અહીથી થોડે દૂર એક નાની નદી છે, એ નદીને કાઠે ત્યાગની નિર્મળ પ્રતિમા સમા એક

પરોપકાર — —

[illegible] ઋષિથી મુનિ [illegible] મનથી [illegible] તેમાંય
મુનિ રહે છે. તેમનું નામ છે [illegible]. તેમના હાડકામાંથી આયુધ કરવામાં
[illegible] ગમની કામના કદી કરી નથી. તેમના [illegible] પણ [illegible] કરી [illegible] નહિ
આવે તો વૃત્રાસુર તેની પાસે ગોઠ [illegible] મુનિ [illegible]

[illegible] કહ્યું, 'આવી માગણી કરવાથી મુનિ [illegible]
નહિ થાય ને?

મુનિએ કહ્યું, 'જો મહાત્મા ઋષિના [illegible] કલ્યાણ [illegible]
[illegible], અને ઋષિના કલ્યાણાર્થે [illegible] [illegible] તેમાં [illegible]
તો તેઓ [illegible] [illegible] [illegible] છે.'

[illegible] મુનિ પાસે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
તેમના હાડકાની માગણી કરી દધિચી મુનિ [illegible]
[illegible] ઉપયોગ [illegible] [illegible] [illegible] તો [illegible]
[illegible] [illegible] થતો હોય તો [illegible]
માનવતાનો—[illegible] તૈયાર
[illegible]

[illegible]

બધું વાંચી ન શકે એટલા માટે વ્યાસજીએ એક જ શ્લોકમાં અઢારે પુરાણોનો સાર કહી દીધો છે. તે શ્લોક આ મુજબ છે

अष्टादश पुराणेषु व्यासस्य वचन द्वयम् ।
परोपकार हीं पुण्याय पापाय पर पीडनम ॥

અઢાર પુરાણોનો સાર એ છે કે, પરોપકારથી પુણ્ય ઉપાર્જન થાય છે અને પરને પીડા દેવાથી પાપ બંધાય છે. માણસ આ બે વાત યાદ રાખે તો પણ બસ છે, બીજાને કદી પીડા આપવી નહિ અને શક્ય પ્રમાણમાં પરોપકાર કરવો—એ અઢાર પુરાણનો સાર છે.

પરોપકારના પ્રકારો

પરોપકાર તન, મન અને ધનથી થઈ શકે છે, સારા કામમાં ધન વાપરવું, ગરીબોને મદદ કરવી, અન્ન, વસ્ત્ર અને ઔષધિ આદિ આપવા, કોઈને ભણવા માટે મદદ કરવી, ધનથી આ રીતે પરોપકાર થઈ શકે છે.

શરીરથી કોઈની સેવા કરવી, કોઈ અશક્ત યા વૃદ્ધના કામમાં મદદ કરવી તે તનથી પરોપકાર છે

પોતાની બુદ્ધિ વડે બીજાનું ભલું કરવું. કોઈને સારી સલાહ આપવી. બે ભાઈઓ લડતા હોય, કોર્ટે ચડવાની તૈયારી હોય, તેમાં લાખો રૂપીઆનું પાણી થાય તેવા સંયોગો હોય, તેવા પ્રસંગોમાં તેમને સાચી સલાહ આપવી અને બંનેની તકરારનું સમાધાન કરવું, વગેરે પ્રકારે મનથી પરોપકાર થઈ શકે છે મુંઝાએલ માણસને માર્ગદર્શન કરવું, કોઈ દુખી ભાઈ કે બહેન મુંઝાઈને અવળે માર્ગે જતા હોય તો તેમને સમજાવવા અને સારે માર્ગે ચડાવવા, તે પણ બુદ્ધિનો પરોપકાર છે.

દુખી ભાઈ-બહેનોને આશ્વાસન આપવું એ વાણીનો પરોપ-

કર છે દુઃખી માણસને માર્ગદર્શન કરવાથી - આશ્વાસન આપવાથી તેનું અર્ધું દુઃખ ઓછું થઈ જાય છે. મારા માણસ આનન્દજનક બે શબ્દો કહેવાથી, શરીરનો તે પોતાનો થાક જતો જાય છે એ વાણીનો પરોપકાર છે

આ રીતે અનેક પ્રકારે પરોપકાર કરી શકાય છે.

પરોપકાર માટે જ શરીર મળેલું છે

સંસ્કૃતમાં એક કવિએ સુંદર કહ્યું છે -

> **परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।**
> **परोपकाराय दुहन्ति गावः परोपकारार्थमिदं शरीरम् ॥**

પરોપકારને માટે વૃક્ષ ફળ આપે છે, પરોપકારને માટે નદીઓ વહે છે, પરોપકારને માટે ગાયો દૂઝે છે અને [illegible] આ શરીર મળેલું છે. આ જગતમાં [illegible] જે મુક્તિ મેળવવાની અભિલાષા ધરાવે છે તેમણે [illegible] શક્તિ અને સર્વ આધ્યાત્મિક પદાર્થો [illegible] કરીને, સર્વ [illegible] લિનારા [illegible] જોઈએ

પરોપકારનો ઉત્તમ મહિમા

સંયમ, શીલ, સંતોષ વગેરે દિવ્ય ગુણો ખીલવવાથી, સ્વર્ગ આપણામાં આવે છે. એવા સ્વર્ગનો અનુભવ કરવા માટે આપણે આપણા હૃદયમાં વિવિધ ગુણોના પુષ્પોને ખીલવવા જોઈએ.

અઢારમો ગુણ : કૃતજ્ઞતા

હૃદયમાં સ્વર્ગ સર્જવા માટે ભગવાન મહાવીરે શ્રાવકના એકવીસ ગુણો ફરમાવ્યા છે. તેમાં અઢારમો ગુણ કૃતજ્ઞતા છે. કોઈએ આપણા ઉપર યતકિંચિત ઉપકાર કર્યો હોય તો તેનો મહાન ઉપકાર માની, ઋણ મુક્ત થવા પ્રયત્ન કરવો, તેનું નામ છે કૃતજ્ઞતા. કરેલા ઉપકારને ભૂલી જવું, તેનું નામ છે કૃતઘ્નતા. કૃતઘ્ની મનુષ્ય પૃથ્વી પર ભારરૂપ ગણાય છે.

કૃતઘ્ની થવુ, એ મહા પાપ છે.

જે માણસો ભલાઈના બદલામાં પણ બુરાઈ કરે છે, ઉપકાર પર અપકાર કરે છે તે કૃતઘ્ની કહેવાય છે. આવા માણસ અંગે સંસ્કૃતમાં એક શ્લોક છે. તેમાં કહ્યું છે કે, **मम के पर्वता भारा, नमे भारा: सुसागरा । कृतघ्नास्तु महाभारा, भारा विश्वासघातका ॥** પૃથ્વી કહે છે કે મને પર્વતોનો કે સમુદ્રોનો ભાર લાગતો નથી, પણ કૃતઘ્ની અને વિશ્વાસઘાતી મનુષ્યોનો મને ઘણો ભાર લાગે છે આવું કૃતઘ્ની થવું એ મહા પાપ છે. શ્રાવકે કૃતજ્ઞી થવું જોઈએ ઉપકારનો બદલો ઉપકારથી જ વાળવો જોઈએ આ શ્રાવકનો અઢારમો ગુણ છે આ ગુણને જે પ્રાપ્ત કરે છે તે સાચા સુખને મેળવી શકે છે

ઋણ મુક્ત થવાનો ખરો માર્ગ

શ્રી ઠાણાંગ સૂત્રમાં ફરમાવ્યા પ્રમાણે ત્રણ જણના ઋણનો બદલો વાળવો મુશ્કેલ છે ગર્ભ ધારણ કર્યો ત્યારથી યોગ્ય વય થતા સુધી અનેક કષ્ટો સહન કરી, સતત જાગૃતિપૂર્વક રક્ષણ કરનાર

માતા અને પિતાનો અથવા [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
માતા–પિતાને [illegible] [illegible], [illegible] [illegible] [illegible]
[illegible] આપે અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] તેમને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] મુક્ત થ[illegible] [illegible] નહિ [illegible] [illegible] માતાના [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] મુક્ત થ[illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] તે [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible]
તમને [illegible], [illegible] [illegible]

પણ આ કથા દ્વારા તેણે માતાની લાગણીનું અગાધ આલેખન કર્યું છે. ઉન્માર્ગે ચડેલ પોતાના સ્વચ્છંદી અને કાળજું કાઢી લેનાર પુત્રને ઠોકર લાગે છે, ત્યારે પણ માતા તેટલા જ સ્નેહથી કહે છે કે, 'મારા પુત્રનું રક્ષણ કરજે' માતાનું હૃદય કેટલું સ્નેહાળ હોય છે, તેનો ખ્યાલ યુવકને આવે છે અને તે પોતાની ભૂલ પણ સુધારે છે. આ કથા ભલે કાલ્પનિક હોય, પરંતુ માતાનું હૃદય તો ખરેખર આવું જ સ્નેહાળ હોય છે, તેથી માત-પિતાની સેવા કરવી, એ સંતાનોની પવિત્ર ફરજ છે

કૃતજ્ઞતાનો સાચો અર્થ

કૃતજ્ઞતાનો સાચો અર્થ બતાવતા એક વિદ્વાન કહે છે કે, Gratitude is not only the memory, but the homage of the heart —કૃતજ્ઞતાએ ફક્ત કરેલા ઉપકારને યાદ રાખવો એટલું જ નહિ, પરંતુ હૃદયપૂર્વક તેનો સત્કાર કરવામાં કૃતજ્ઞતા રહેલી છે ઉપકાર કરનારે 'મે ઉપકાર કર્યો છે' તેમ યાદ ન રાખવું જોઈએ, પણ જેના ઉપર ઉપકાર કરવામાં આવેલ છે તેણે તો કદી ઉપકાર ભૂલવો ન જોઈએ.

ઋણ મુક્ત થવા જાગૃતિ સેવો

આવી રીતે આ બધા ઉપકારીઓ તરફ કૃતજ્ઞતા બતાવવી, શ્રાવકનો અઢારમો ગુણ છે કોઈએ નાનો મોટો ઉપકાર કર્યો હોય, તો પણ તે યાદ રાખવો જોઈએ, એટલું જ નહિ પરન્તુ જે માણસ મુશ્કેલીમાં ઉપયોગી બને તેને જરૂરી સમયે ઉપયોગી બનવા માટે તમારે પણ જાગૃતિ સેવવી જોઈએ

બદલો આપવાના ત્રણ પ્રકાર

એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે, To return evil for good is devilish, to return good for good is

human but to return good for evil is divine. અપકા-રનો બદલો ઉપકારથી આપવો એ માનવીપણું [illegible], ઉપકારનો બદલો અપકારથી આપવો તે માનવતા નથી [illegible] ઉપકારનો બદલો પણ અપકારથી વાળવો તે દિવ્યતા."

કૃતજ્ઞતાનું આદર્શ દૃષ્ટાંત

જૈન આચાર્યોમાં હરિભદ્રસૂરિનું નામ ઘણું જાણીતું [illegible] મહાન વિદ્વાન હતા. તેમણે [illegible] [illegible] રચ્યા છે, તે ગૃહસ્થાશ્રમમાં વેદાન્તના [illegible] [illegible] હતા, તે દાર્શનિક મોટા વિદ્વાન પણ હતા [illegible] જ્ઞાન માટે ગૌરવ/અભિમાન હતો [illegible] જ્ઞાન [illegible] નહિ તેમાંથી [illegible] જ્ઞાનો [illegible] [illegible]

કેટલા બધા પ્રમાણમાં જાગૃતિ સેવવી જોઇએ.

ભરત મહારાજા—જેમના નામ પરથી આપણા દેશનું નામ ભારત પડેલું છે. જેઓ ઋષભદેવ ભગવાનના પુત્ર હતા, છ ખંડ ધરતીના ધણી હતા અને પહેલા ચક્રવર્તી હતા—તેમણે પોતાની પાસે એક સેવક રાખ્યો હતો. આ સેવકને એક જ કામ સોંપવામાં આવ્યું હતું. ભરત મહારાજા ન્હાતા હોય, જમતા હોય, રાજદરબારમાં હોય કે અંતઃપુરમાં હોય દરેક વખતે ચાકર એકજ વાકય બોલતો. 'ભરત! ચેત, ચેત. સંસાર' અસાર આટલું કહેવા માટે ખાસ નોકર રાખવામાં આવ્યો હતો. આ શબ્દો સાંભળીને ભરત મહારાજ હંમેશા જાગૃત રહેતા હતા. પાપનો વિચાર મનમાં આવતા જ, તે જાગૃત બનતા અને આ જીવનની ક્ષણિકતા વિચારી પાપથી દૂર રહેતા. આપણે પણ પાપથી દૂર રહેવું હોય તો આ રીતે સતત જાગૃતિ સેવવી ઘટે છે

માનવ દેહની દુર્લભતા

જો એક વાર આ અમૂલ્ય માનવ દેહ નિર્થક જતો રહેશે તો ફરી પ્રાપ્ત કરવો દુર્લભ છે. માનવ દેહની દુર્લભતા દર્શાવતી એક કથા છે. એક મોટું નગર હતું, ચોરાસી ગાઉનો તેનો વિસ્તાર હતો. ગામની બહાર નીકળવા માટે ફક્ત એક જ દરવાજો હતો. આંધળો માણસ દરવાજો શોધવા નીકળ્યો અને ઘણું રખડયો પણ દરવાજો તેને જડયો નહિ તે સમયે રેલ્વેનો વ્યવહાર હતો નહિ અને રસ્તા પણ આજના જેવા સીધા હતા નહિ. આ આંધળો માણસ દરવાજો શોધતો ફરતો હતો તેવામાં એક દયાળુ માણસનું ધ્યાન ગયું. તે માણસને તેના પર દયા આવી અને તેણે આંધળા માણસને રસ્તો બતાવતા કહ્યું કે, 'થોડે છેટે ગામને ફરતો ગઢ છે, તેના પર હાથ મૂકીને જશો તો થોડે છેટે દરવાજો આવશે,' આંધળા માણસને આ સલાહ પસંદ પડી અને તેનો અમલ પણ

ન[illegible] કર્યા, ફિરનના તેણે ચાલવા માંડ્યું અને ગામ પ[illegible]માં ભિક્ષા કરવાનું અને ભીખ માગવાનું ગમ્યું. આ રીતે ઘણા દિવસ [illegible] ફરતાફરતા પાછા આવ્યા. પણ એના દુર્ભાગ્યે ફરવાને આવ્યા [illegible] જ ખજાનો આવી અને ખજાનાના ત[illegible] ભાન પણ [illegible] લઈ લીધો કે તરત જ ફરવાને પણ [illegible] થઈ ગયા [illegible] ફરી ચોગાની ગાડીના ચક્કરમાં પડ્યા. તેણે [illegible] ગણી અને ખજાનાના માટે ભાન પણ [illegible] તેની આ દશા થઈ, ફરી ચોગાની ગાડીના [illegible] માના રહ્યા.

વીસમો ગુણ : વિશેષજ્ઞતા

[illegible]

માનવતા અને પશુતાનો તફાવત

કૂતરો ગમે તેને બટકું ભરી લે છે, કે સામા માણસને કેટલી પીડા થશે તે વિચારવાની તેનામાં શક્તિ નથી, ભેંસ માણસને શીંગડાં ભરાવે છે ઉંદર કપડાં કાપી નાખે છે, બિલાડી દૂધ ઢોળી નાખે છે, કેમ કે બીજાને પીડા થશે કે નુકશાન થશે તે વિચારવાની તેમનામાં શક્તિ નથી.

આ જ રીતે માણસ બીજાને નુકશાન કરે અને સામાના દુઃખનો કે નુકશાનનો વિચાર ન કરે તે પણ પશુની કોટીમાં ગણી શકાય વિશેષજ્ઞ તો તેને કહી શકાય, જે પારકી પીડાને જાણે છે, બીજાને ઇજા પહોંચાડતા અચકાય છે અને અજાણતા નુકશાન થઈ જાય તો તે માટે પસ્તાવો કરે છે.

ચાર જાનવર એક જગ્યાએ બાંધ્યા હશે તેમાંથી તમે ત્રણને ઘાસ નાખશો અને ચોથા જાનવરને ઘાસ નહિ નાખો તો પહેલા ત્રણે સુખેથી ખાશે, પરન્તુ તેને ચોથા જાનવર માટે લાગણી નહિ થાય કે તેને પણ ઘાસ ખાવા દેવાનો વિચાર સરખો યે નહિ આવે. 'બીજા તરફ સહાનુભૂતિ ન બતાવવી' તે પશુતાનું લક્ષણ છે અજ્ઞાન માણસો પણ બીજા તરફ સહાનુભૂતિ બતાવતા નથી, ત્યારે વિશેષજ્ઞ બીજાની પીડાને જાણનારો હોય છે.

અજ્ઞાની અને વિશેષજ્ઞનો તફાવત

અજ્ઞાની અને વિશેષજ્ઞ, બને આકૃતિએ તો માનવ જ છે, પરન્તુ તે બને વચ્ચે હાથી ઘોડા જેટલો તફાવત હોય છે. સોનું અને પિત્તળ બને એક જ રંગના જણાય છે, પણ બનેમાં કેટલો તફાવત છે? ગાયનું દૂધ અને આકડાનું દૂધ-એ બનેનો રંગ સરખો જ હોય છે, પરન્તુ ગુણમાં કેટલો તફાવત માલુમ પડે છે આકડાનું દૂધ ઝેર સમાન છે, ત્યારે ગાયનું દૂધ અમૃતતુલ્ય છે, આકડાના દૂધના ટીપાં આંખમાં પડે તો માણસ આંધળો બની

જાય છે, ત્યારે ગાયના દૂધથી માણસના શરીરને અને મગજને પોષણ મળે છે. આ જ રીતે અજ્ઞાન માણસનું જીવન વિષતુલ્ય છે જ્યારે વિશેષજ્ઞનું અમૃતતુલ્ય છે

વિશેષજ્ઞ પુરુષ સમતા જાળવે છે

વિશેષજ્ઞ એટલે વિવેકી પુરુષ. તે દુઃખમાં દીન બનતો નથી [illegible] સુખમાં છકી જતો નથી, જ્યારે સંપત્તિ ચાલી જાય [illegible] વિવેકી પુરુષ લક્ષ્મીના ચંચળ સ્વભાવનો વિચાર કરે [illegible] તેથી દુઃખ પામતો નથી, જ્યારે લક્ષ્મી આવે [illegible] વિવેકી પુરુષ તેની ચંચળતા નજર સમક્ષ રાખ [illegible] સદુપયોગ કરી લેવા પ્રયત્ન કરે છે. પુત્ર [illegible] વિયોગ થાય ત્યારે પણ તે શરીરની નાશવંત સ્થિતિનો વિ[illegible] અને લોકની લાગણીથી દૂર રહે [illegible] તેથી તે દુઃખી બનતો નથી [illegible] ઉત્સાહ [illegible] નથી

સુખ અને દુઃખ આવે છે [illegible] માટે ન આવે—જ [illegible] [illegible] સ્થિતિમાં સમતા [illegible]

[illegible]

જ્ઞાની પુરુષોના હૃદયમાં તો હૃદયના અંધાપાવાળાને જોઇને કરુણાનો સ્રોત વહેવા લાગે છે. આજે બહારના અંધાપો દૂર કરવા માટે અનેક ઉપાયો યોજાય છે, પણ હૃદયનો અંધાપો દૂર કરવા માટે ઉપાય કરવાનું કોઇ વિચારતું નથી. અનંતજ્ઞાની તીર્થંકર પ્રભુએ હૃદયચક્ષુને ખોલવાનો રામબાણ ઉપાય દર્શાવ્યો છે અને તે છે હેય, જ્ઞેય અને ઉપાદેયની ત્રિપદીનું જ્ઞાન. હૃદયચક્ષુને ખોલવાની આ દિવ્ય ઔષધિ છે આયુર્વેદની માન્યતા છે કે આંખના તમામ દર્દો ત્રિફળાથી દૂર થાય છે જેમ ત્રિફળા ચર્મ-ચક્ષુના રોગોને દૂર કરે છે અને નેત્રને શુદ્ધ દ્રષ્ટિ આપે છે તેમ હેય, જ્ઞેય અને ઉપાદેયની ત્રિપદી હૃદયને દિવ્ય દૃષ્ટિ આપે છે. આ વડે માણસે હૃદયના અંધાપાને દૂર કરી, વિશેષજ્ઞ બનવું જોઇએ.

આ ગુણની ખીલવણીમાં વિકાસ છે

ચર્મચક્ષુ નહિ હોય તો ચાલશે, પરંતુ હૃદયચક્ષુ બંધ હશે તો વધુ નુકશાન થશે. ચર્મચક્ષુ બંધ હશે તો બહુ બહુ તો શરીરને ઇજા થશે, પરંતુ હૃદયચક્ષુ બંધ હશે તો આત્માને ઇજા પહોંચશે. આંધળો માણસ ખાડામાં ગબડી પડે છે, ત્યારે અજ્ઞાની માણસ તો પતનની ઊંડી ખાઇમાં ગબડી પડે છે આંધળો માણસ ટેકરાઓ સાથે અથડાય છે, ત્યારે અજ્ઞાની મનુષ્ય તો મોહ અને પ્રલોભનના તીક્ષ્ણ ટેકરાઓ સાથે અથડાયા કરે છે. વિશેષજ્ઞ પુરુષ આ ખાડા અને ટેકરાઓથી બચી શકે છે માટે શ્રાવકે આ ગુણને ખીલવીને આત્મોન્નતિ સાધવી જોઇએ અને ઇષ્ટ ધ્યેયે પહોંચવા પ્રયત્ન કરવો જોઇએ.



ગુણરત્નો મેળવવાનો માર્ગ

સમુદ્રમાં મોતી અને રત્નો ભરેલાં [illegible] કિનારેથી તે મળી શકતાં નથી, [illegible] [illegible] તેવી જ રીતે આત્મામાં [illegible] ગુણો [illegible] ગુણરત્નો મેળવવા માટે તો [illegible]

સામાન્ય માનવી [illegible] નથી અને [illegible]

તે શ્રેય કહેવાય છે. વિવેકી પુરુષે પ્રેયને તજી શ્રેયને પસંદ કરવું જોઇએ અને આત્માના અનેક ગુણ-રત્નોને પ્રાપ્ત કરવા જોઇએ.

પ્રેયથી ઉપજતું સુખ ક્ષણિક છે અને આખરે તે દુઃખરૂપ બને છે, જ્યારે શ્રેય શાશ્વત સુખ આપનારું છે તેથી જ શ્રાવકે પ્રેયથી દૂર રહેવું ઘટે છે અને શ્રેયને અપનાવવું ઘટે છે.

શ્રેયસ પ્રાપ્તિનો ગુહ્ય ઉપદેશ

ઉજ્જૈનમાં જ્યારે રાજા વીર વિક્રમ રાજ્ય કરતા હતા ત્યારે ઉજ્જૈનમાં એક વૈભવશાળી શેઠ રહેતા હતા, તેને ચાર પુત્રો હતા. પુત્રો સંસ્કારી ને સુશીલ હતા. તેઓ બધા હળીમળીને સાથે રહેતા હતા. એક વખતે શેઠ માંદા પડયા, ત્યારે શેઠે વિચાર્યું કે, 'હવે હું લાંબો વખત જીવીશ નહિ, માટે જતાં જતાં પુત્રોને સારી શિખામણ આપતો જાઉં.'

એમ વિચારી શેઠે પુત્રોને બોલાવ્યા અને કહ્યું 'તમે બધા સુસંસ્કારી છો, એટલે મારે તમને વિશેષ કહેવાની જરૂર નથી, તમો બધા હળીમળીને સાથે રહેશો એવો મને વિશ્વાસ છે, પણ કોઇ વખતે પારકા ઘરની આવેલી સ્ત્રીઓમાં સંપ ન રહે અને તમારે જુદા થવું પડે તો બધી સંપત્તિ તમે વહેંચી લેશો. ચાર ડબ્બા આ પલંગના ચાર પાયા નીચે દાટેલા છે, તે દરેક ડબ્બા પર નામ લખેલું છે; તમારે જુદા થવાનું થાય ત્યારે તે કાઢી લેજો અને સૌ પોતપોતાના નામનો ડબ્બો લઇ લેજો.'

થોડા દિવસ બાદ શેઠનું અવસાન થયું, થોડો વખત તેઓ સાથે રહ્યા, પરંતુ આખરે સ્ત્રીઓના કલેશને લીધે તેઓ જુદા થયા. ચારે ભાઇઓએ પલંગ નીચેની જમીન ખોદી અને ડાબલા કાઢયા સૌએ પોત પોતાના નામ વાંચીને ડાબલા લઇ લીધા; દરેકના ડબ્બામાં શું શું ભર્યું છે તે જોવા સૌ આતુર બન્યા.

સૌથી પ્રથમ મોટાભાઈએ સોનાનો ડાબલો ખોલ્યો તેમાંથી [illegible] નીકળ્યા! તેને નવાઈ લાગી, પરન્તુ તેણે વિચાર્યું કે પિતાજીના ભાગ માટે તેમાં ધન બહુ હશે, પરન્તુ મારા નસીબમાં ન હોય એટલે 'ધનના કોલસા થઈ ગયા લાગે છે.'

પછી બીજા ભાઈએ ડબ્બો ખોલ્યો, તો તેમાંથી માટી નીકળી. સૌને આથી વધારે નવાઈ લાગી. ત્રીજામાંથી [illegible] નીકળ્યાં ત્યારે સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. ભગવાન [illegible] ચોથામાં [illegible] કિંમતી વસ્તુઓ નીકળી [illegible] આવ્યો તો તેમાંથી ઘાસના તણખલા નીકળ્યા.

સૌ વિચારવા લાગ્યા કે આવી વસ્તુઓ ડાબલામાં [illegible] રહસ્ય હોવું જોઈએ. એ પત્રોને વાંચવામાં [illegible]. તેથી તેઓએ વિચાર્યું કે પિતાજીએ આપેલ [illegible] વસ્તુઓ નહિ પરન્તુ શિખામણ [illegible]

આ વસ્તુઓમાંથી આપણે બોધપાઠ [illegible]

[illegible] નો અર્થ એ છે કે [illegible] તો પણ તેની [illegible] નથી. [illegible] માંથી મને સુખ મેળવવાનો [illegible] [illegible] નથી [illegible] નહિ

કરશો નહિ.

તણખલુ કહે છે કે આપણી જીંદગી તણખલા જેવી છે; ધન, વૈભવ પણ તણખલા જેવા તુચ્છ છે-ક્ષણિક છે; માટે પ્રેયને છોડીને શ્રેયને રસ્તે જવુ જોઇએ. કેમકે પ્રેયનુ સુખ ક્ષણિક છે. શાસ્ત્રકારોએ કહ્યુ છે કે,

खणमित्त सुक्खा बहु काल दु खा ।

ક્ષણ માત્રનુ સુખ અને બહુ કાળનુ દુ ખ પ્રેયમા રહેલુ છે, માટે શ્રેયનો માર્ગ પસંદ કરવો જોઇએ. અગ્રેજીમા પણ કહ્યુ છે કે, A man of pleasure is a man of pain – ભોગ ભોગવનારો માણસ દુ:ખમય બની જાય છે

પ્લેટોએ પોતાના પુત્રોને મરતી વખતે આવીજ શીખામણ આપી હતી, તેણે પોતાના પુત્રોને કહ્યુ હતુ કે, બેટા, ચાર વાતો તમને કહેવાની છે, તેમા બે વાતો ભૂલી જવાની છે અને બે વાતો યાદ રાખવાની છે

એક તો કોઇએ તમારૂ બગાડ્યુ હોય, કોઇએ તમારો વિરોધ કર્યો હોય તો તે ભૂલી જશો.

કોઇના પર તમે ઉપકાર કર્યો હોય તો તે ભુલી જજો.

મૃત્યુને હમેશા યાદ રાખજો-જેથી તમારા હાથે ખરાબ કામો ન થાય.

સૌથી છેલ્લી અને અગત્યની વાત એ છે કે, કોઇ કોઇને સુખ કે દુ ખ આપી શકતુ નથી, પરતુ પોતાના કર્મથી જ દરેકને સુખ કે દુ:ખ પ્રાપ્ત થાય છે, માટે તમો કોઇ પર રાગ કે દ્વેષ કરશો નહિ વળી જેવા કર્મો કરશો તેવુ ફળ તમારે ભોગવવાનુ હોવા અશુભ કર્મોથી દૂર રહેજો.

આ રીતે પ્લેટોએ શ્રેયનો માર્ગ બતાવ્યો છે. ભગવાન મહા-

[illegible]

શ્રાવકના એકવીસમા ગુણ ‘[illegible]’

[illegible]

'... ...તેમની વાણીમાં ક્રાન્તિ ગાજે છે. તેમનું સંસ્કૃત-અંગ્રેજીનું જ્ઞાન તેમને વિચારોની ઉદાત્તતામાં મદદગાર બને છે અને તેમની બહુશ્રુતતા વિષય પ્રતિપાદન માટે દૃષ્ટાંતો પૂરાં પાડે છે ...તેમના પ્રવચનોનું વાચન રસિકતા કે ક્રમબદ્ધતાનો ભંગ કર્યા વિના રોચક બને છે.

—પ્રજાબંધુ

વિષયોનું વૈવિધ્ય, રોચક અને પ્રશાંત શૈલી, ગુંગળાવી ન નાખે એવી વિદ્વતા, સમભાવ, તુલનાત્મક જ્ઞાન, પ્રમાણમાં વાચનની અધિકતા, મૌલિક ચિંતન અને વ્યાખ્યાન માટે કરેલ સંપૂર્ણ તૈયારી—આ બધી બાબતોને લીધે પ્રવર્તીજીના વ્યાખ્યાનોએ નવો જ ચીલો પાડ્યો છે—જે સૌને માટે સમાન હિતકર નીવડે એવો છે. એમના વ્યાખ્યાનો સાંભળવા લોકોમાં પડાપડી થાય છે એ વાત તો હવે સર્વવિદિત છે. વ્યાખ્યાનોની ઉત્તમતાની એ પણ એક પારાશીશી છે.

—રત્નજ્યોત

માનવતાના સંસ્કારો અને વિચારોને ઊર્ધ્વગામી બનાવવાનું આ વ્યાખ્યાનોમાં સારું બળ છે. દાખલા દલીલોથી પોતાની વાતને પુષ્ટિ આપીને કહેવાની રીત શ્રોતાજનોને પ્રિય થઈ પડે તેવી છે.

—જન્મભૂમિ

આ પુસ્તકમાં મહાસતી શ્રી ઉજ્જ્વળકુંવરજીના ઓજસ્વી અને ક્રાન્તિકારી પ્રવચનોનું બહુ જ સુંદર સંકલન અને સંપાદન થયેલ છે. સતીજી સ્થાનકવાસી સમાજની એક પરમ વિદુષી અને પ્રૌઢ વિચારશીલ સાધ્વી છે. તેમના પ્રવચનોમાં સ્વાભાવિક વાણીનો પ્રવાહ, સુષુપ્ત સમાજને પ્રબુદ્ધ કરનાર વિલક્ષણ પ્રવાહ અને ઉચ્ચ વિચારધારા વિદ્યમાન છે. જીવનને સમાજોપયોગી, પવિત્ર, ઉન્નત અને સુખી બનાવવા માટે આ પુસ્તક માર્ગદર્શક બનવાનું કાર્ય કરશે.

આ પુસ્તકમાં આધ્યાત્મ, ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવચનોનો સંગ્રહ બહુ જ ઉપયોગી રીતે કરવામાં આવેલ છે. પ્રવક્તા, વ્યાખ્યાનદાતા અને ઉપદેશકો માટે પણ આ પુસ્તક અત્યંત ઉપયોગી

ઉજ્જવળ વાણી ભાગ ૨ જો નાં અગાઉથી નોંધાયેલા ગ્રાહકોના નામો

પ્રત	નામો
૧૦૦	શ્રી રસીકલાલ પ્રભાશંકર શેઠ
૧૦૦	,, માણેકચંદ માધવજી ભાણવડવાલા
૧૦૦	,, વ. સ્થા. જૈન. શ્રા. સંઘ દાદર
૧૦૦	,, લવણપ્રસાદ ફુલચંદ શાહ
૫૧	,, મનસુખલાલ બાવલભાઈ
૫૧	,, મનુભાઈ અમૃતલાલ શેઠ
૫૧	,, શ્વે. સ્થા જૈન સંઘ ખંભાત
૫૦	,, ઈદ્રવદન વલભદાસ મહેતા
૨૫	,, રામજી કરશનજી શાહ
૨૫	,, હસ્તીમલજી સાગરમલજી
૨૫	,, મગનલાલ તલકચંદ
૧૧	,, કાંતિલાલ વિઠલદાસ ઝાટકીઆ
૧૧	,, બાબુભાઈ પ્રાણજીવનદાસ
૧૦	,, ખેતશી દેવજી સંઘવી
૧૦	,, શાંતિલાલ પ્રેમચંદ મહેતા
૫	,, વલભજી નરભેરામ ઘેલાણી
૫	,, નંદલાલ ચત્રભુજ
૫	,, અંબાલાલ છોટાલાલ ખંભાતવાલા
૫	,, કુબેરભાઇ પાનાચંદ તેજાણી
૫	,, જશવંતરાય
૫	,, દેવજી ગણપત
૫	,, જગજીવનદાસ ભાઈ
૪૦	,, પાચથી ઓછી બુકોવાલા
૭૯૫	

આ પુસ્તક છપાવવા માટે શ્રીયુત ગીરધરલાલ દામોદર દફતરી તરફથી રૂા ૫૦૧) ભેટ મળેલા છે